
કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ



ફોટો : હાસમ વૈદ

વર્ષ બત્રીસમું · અંક બીજો

ફેબ્રુઆરી ઈ. સ. ૧૯૫૫

સળંગ ૩૭૪ મો અંક

તંત્રી · બચુભાઈ રાવત



ઘોઘા બાપા: ચૌહાણ વીર ઘોઘા બાપા ઘોઘાગઢમાં રહી, રાજસ્થાનના રણની ચોકી કરે છે. ઈ. સ. ૧૦૨૯માં મહમદ ગઝનવી સોમનાથનું મંદિર તોડવા જતાં, એની પાસે માર્ગ માગે છે. વીર ચૌહાણ અનેક પુત્રો અને પ્રપૌત્રોની સાથે મહમદના વિશાળ સૈન્યને પડકારે છે. ઘોઘા બાપાનો ચૌહાણ વંશ ભારતની પવિત્ર ભૂમિનું રક્ષણ કરતાં રા[illegible]ં રોળાય છે. ઘોઘાગણની સ્ત્રીઓ જૌહર કરે છે. ઘોઘા ચૌહાણ ભવ્ય વીરતાની અમર સ્મરણમૂર્તિ બની, આજે પણ કાશ્મ[illegible]ા ગુજરાત સુધીના પશ્ચિમ પ્રદેશમાં, લોકસાહિત્યમાં સુવર્ણમય સ્થાન પામી જાય છે. ['જય સોમનાથ'—ક. મા. મુનશી] ચિત્રકાર: **રવિશંકર રાવળ**
[ગુજરાત સાહિત્ય સભા(અમદાવાદ)ના 'ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' નામક ૩૨ પૂર્ણરંગી ચિત્રોના સંપુટમાંથી: સભાના સૌજન્યથી]



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે

'કુમાર'ને માટે ગર્વ લેવા જેવી એક બાબત બની. મારે ત્યાં પોર્ટુગીઝ યુરોપિયન આવેલો તેને કળાનો ખૂબ શૉખ, એટલે મારી પાસે એણે એ જોવાની માગણી કરી. મેં થોડાંક આલ્બમ બતાવ્યાં. પછી 'કુમાર'ની આખી ફાઇલો જ બતાવી. એણે વિગતવાર જોઈ. મારે સમજાવવી પડી. પછી તો એને આખા 'કુમાર'માં રસ પડયો, એટલે મેં વિગતવાર 'કુમાર'માં શું શું આવે છે તે સમજાવ્યું. એટલે એને તો બહુ જ આનંદ થયો ને કહ્યું કે આ તો બહુ સુંદર માસિક છે. All in one-with details. ને એણે કહ્યું કેઆવાં માસિક અમારે ત્યાં પણ બહુ જ ઓછાં છે.' યુરોપિયનને મોઢે મારા માનીતા ને ગુજરાતના પ્રિય માસિકનાં વખાણ સાંભળીને મારી છાતી ગજગજ ફૂલી. ને આનંદની તો વાત જ શું કરું? વધુ તો શું?

(દીવ) —હર્ષદ શેઠ

'કુમાર'ની શૈલીનો હું પ્રશંસક છું. 'કુમાર'-માં આવતી અનેકવિધ સાહિત્યસામગ્રી ભિન્ન ભિન્ન પ્રકૃતિના વાચકોને રુચે તેવી હોય છે. પરંતુ એક-બે વસ્તુ ઉપર સૂચન કરવાની લાલચ હું રોકી શકતો નથી. 'કુમાર'માં બહુવિધ સામગ્રી હોવા છતાં ધાર્મિક સામગ્રી અલ્પ પ્રમાણમાં જ પીરસાઈ છે. દરેક અંકે વિશેષ પીરસી શકો તો? અનિયતકાલિક પ્રકાશન 'કવિતા' માટે રાજેન્દ્ર શાહ શ્રી અરવિંદની 'ફ્યૂચર પોએટ્રી' અંગે લખવાના હતા તો 'કુમાર' માટે તેઓ એ લેખમાળા ન લખી શકે? 'કુમાર'ના સાહિત્યરસિકો અને કવિતારસિકોને શ્રી અરવિંદના કવિતા અંગેના વિચારો જરૂર પ્રેરણાદાયી થઈ પડશે એમ મારું માનવું છે.

(કરાડી) —ભાનુભાઈ કા. પટેલ.

મેં ૧૯૫૪ના અંકમાં શ્રી પ્રબોધ જોષીની ટૂંકી વાર્તાના મથાળામાં ગાળાકારમાં લઘુલિપિમાં કંઈક લખ્યું છે તે મારા ખયાલથી તે 'ટૂંકી વાર્તા' એમ લખ્યું હોવું જોઇએ. પરંતુ તેનો અર્થ 'ટાર્પાવાત વાત' એવો થઈ જાય છે. વ્યાસલઘુલિપિના નિયમ ૮૯ મુજબ 'ટૂંકી' શબ્દ લઘુલિપિમાં જુદી રીતે લખાય.

(અમરનગર) —નાનાલાલ ત્રિવેદી

અંક ૩૭૦ના પાના ૩૯૮ના પહેલા પૅરેગ્રાફની શરૂમાં લખ્યું છે કે 'એ તો જાણીતી હકીકત છે કે સૃષ્ટિ ૯૨ મૂળતત્ત્વોની બનેલી છે.' આમાં નીચે પ્રમાણે સુધારો કરવો જોઇએ એમ લાગે છે.

આટલાં વર્ષો સુધી એવી માન્યતા હતી કે સૃષ્ટિમાં ફક્ત ૯૨ મૂળતત્ત્વો જ અસ્તિત્વમાં છે, પણ છેલ્લાં દસ વર્ષના ગાળામાં બીજાં છ તત્ત્વો અકૃત્રિમ રીતના ઉપયોગથી મેળવી શકાયાં છે. બીજાં બે શંકાસ્પદ છે. શક્ય છે કે ટૂંક સમયમાં તે પણ શોધી શકાય. એ તત્ત્વોને યુરેનિયમ પછીનાં તત્ત્વો (Trans-uranium Elements) કહેવામાં આવે છે, કારણ કે તેમના અણુનો નંબર (Atomic number) યુરેનિયમના અણુના નંબર કરતાં વધારે છે અને તેને લઇને પીરીઓડિક ટેબલમાં જેમાં મૂળ તત્ત્વોને વ્યવસ્થિતરીતેગોઠવવામાં આવ્યાં છે તેમાં તેમનું સ્થાન યુરેનિયમ પછી આવે છે.

આ તત્ત્વોનાં નામ અનુક્રમે : નેપ્ચ્યુનિયમ (Neptunium), પ્લુટોનિયમ (Plutonium), અમેરીસિયમ (Americium), ક્યુરિયમ (Curium), બર્કેલિયમ (Berkelium) અને કૅલીફૉર્નિયમ (Californium) છે. છેલ્લું તત્ત્વ કૅલીફૉર્નિયમ ૧૯૫૦ના માર્ચ માસમાં શોધી કાઢવામાં આવ્યું હતું.આ રીતે મૂળ તત્ત્વો ૯૨ નહીં પણ ૯૮ છે.

(મુંબાઇ) —હેમેન્દ્ર વ્ર. દલાલ

'શ્રી હરિન મજમુદારની આશાઓ અભિનંદનપાત્ર છે. 'કુમાર' આટલાં વર્ષ થયાં વિવિધ પ્રકારનું ઉત્તમ સાહિત્ય ગુજરાતી જનતાને પીરસતું આવ્યું છે. 'કુમાર'ના તંત્રી એની પાસે રહેલી શક્તિની કબૂલાત કરે છે, પણ સંપત્તિનું શું? શું આપણે આવા ઉચ્ચ કોટિનું સાહિત્ય આપતા માસિકને સમર્થ ન બનાવી શકીએ? 'કુમાર'નો એકેએક ગ્રાહક વધુ નહિ પણ એકજ ગ્રાહક વર્ષ દરમ્યાન બનાવી ન શકે?

(ઘાટકોપર) —જ. સ. કોઠારી

આપ ગમે તેમ કરી એક પાનામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી-પ્રવૃત્તિના સમાચારો, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા ટૂંકા લેખો, વિદ્યાર્થીઓમાં ઉત્સાહ પ્રેરતાં લખાણોઅનેઇતર વિદ્યાર્થી-ભોગ્ય સામગ્રી પ્રકટ કરો તો....? જરૂર આજના નિશ્ચેતન વિદ્યાર્થી-જગતમાં ચેતન પ્રસરે ને તદ્દુપરાંત મારા જેવા કેટલાયે વિદ્યાર્થીઓની ક્ષુધા સંતોષાય.

(મુંબાઇ) —જયંત મ. મહેતા.

હે કુમાર

તારી વર્તમાન, અને ભવિષ્યની કૂચ સદાય વિજયી નીવડો: એજ અભ્યર્થના



ચીતરી મોકલનાર: ભાસ્કરભાઇ જાની (મુંબાઇ)

'કુમાર'ના છેલ્લા અંકમાં 'સ્વરશાસ્ત્ર' વિષેની નવી લેખમાળા શરૂ કરતો લેખ વાંચ્યો. બહુ આનંદ થયો. આ અગાઉ કુમારે નૃત્ય તથા શરીરશાસ્ત્રોની લેખમાળા આપીને ગુજરાતી વાચકોને ઉપકૃત કર્યા છે. એ લેખમાળા પણ એ જ રીતે ઉપકૃત કરતી નીવડશે એમ માનું છું.

'કુમાર'માં આવતાં જીવનચરિત્રોએ અનેક કુમારો તથા યુવાન ને પ્રૌઢોનાં જીવન ઘડયાં છે. આપણા શિક્ષણમાં વિદ્યાર્થીને પાંચમા ધોરણથી અગિયારમા ધોરણ સુધી જે ઇતિહાસ શીખવવામાં આવે છે તે લગભગ એક જ પ્રકારનો છે. એકનો એક ઇતિહાસ વિદ્યાર્થીને ફરીથી શીખવો પડે છે—થોડાક વિસ્તાર સાથે. કૉલેજના વિનયનના પ્રથમ વર્ષમાં પણ લગભગ એવું જ છે. આ કરતાં 'કુમાર'માં આવી ગએલાં અનેક ચરિત્રોમાંથી વિદ્યાર્થીને તેના અભ્યાસ અને ચારિત્ર્યને અનુકૂળ એવું એક પુસ્તક તૈયાર કરીને માધ્યમિક શિક્ષણક્રમમાં (એટલે કે જ્યારે વિદ્યાર્થીની કુમારવય હોય છે) ગોઠવી દેવાય તો? કેમ કે ખપ પૂરતો ઇતિહાસ તો શરૂઆતમાં ભણી લેવાય છે. પછી તો એનું પુનરાવર્તન જ થાય છે. એ કરતાં વિદ્યાર્થીને પોતાના જીવનના ઘડતરમાં સહાયરૂપ થાય એવાં આ ચરિત્રો વધુ ઉપયોગી ને લાભદાયક ન નીવડે? આનો અર્થ એ નથી કે ઇતિહાસના અભ્યાસને હું ગૌણ ગણું છું.

(ભાવનગર) —ગુણવંત છો. શાહ

ફાગણનું ફૂલ

· ગાન ·

પેલા ફાગણના ફૂલનો ભરોસો ન કીજિયે,
એનું ભૂલમાં-યે નામ નહિ લીજિયે.—રે પેલા૦

આડું જુવે, ને તો ય તારા કપોલનો
ઊડે ત્યાં લાલ લાલ રંગઃ
હોઠ તું બૉડે, ને પેલી ખીલી તે પાંદડીની
છુટ્ટે તે બોલ વહે ગંધ.
ઘેલી! એવા આભૂષણે ન રીઝિયેઃ—રે પેલા૦

ઢાંકવા જે સ્હાય તારા મનથી મથી મથી,
એની તે વાત એણે આમતેમ જો કથી;
(મારી) સીધી તે વાતમાં ન દોષ, નહીં ખીજિયે :—રે પેલા૦

રાજેન્દ્ર શાહ

હે કાળ

· પૃથ્વી ·

અરે સમય! થોભ થોભ, પળ એક આ સાંપડી
સુભાગી, લઉં જીવી સ્હેજ. અતિદીર્ઘ આયુષ્ય હો
ભલે, બનતી જિંદગી બસ ક્ષણોની બેચાર જે
લૂંટાતી લથડાતી સખ્ત જગમુઠ્ઠીમાંથી છૂટી
અચાનક મળે, અધીર! ગ્રસવા તું ત્યાં તત્પર!

વૃકોદર! ગ્રસંત કોટિયુગ, દીપ્ત તો યે ક્ષુધા?
ગ્રહે ન તહીં કાં દશેક મુજ વર્ષ વાર્ધક્યનાં?
અનેક ગળી લે ન કાં તું દિન વ્યર્થ-દુઃખાર્ત વા
વિલંબિત વહંત? માત્ર ક્ષણ આવી દે એક તો!
પ્રલંબ અવિરામ છંદ મહીં અર્ધ તો દે યતિ;
વિરામ જરી, કાળ, આજ અટકાવ તારી ગતિ!

વિનોદ અધ્વર્યુ

જગતની સખત મૂઠીમાંથી લૂંટાતી બચી ગએલી એક સુભગ પળને જીવવા—માણવા દેવા માટે કાળને કરેલી વિનતિ : દુઃખના ભલે અનેક દિવસ ગળી લે, વૃદ્ધાવસ્થાના ભલે સામટાં દસ વરસ તું લઈ લે, પણ અવિરામ ચાલતા લાંબા છંદમાં મળતા અર્ધા યતિ જેવી આ એકાદ સુભાગી પળ પૂરતી તો, હે કાળ, તારી ગતિ અટકાવ.

નસીબ

· મિશ્ર ·

નસીબ એ સ્વપ્ન સુરમ્ય, નશ્વર
ડુબંતનું એ તરણું સમુદ્રે,
રણપ્રવાસી તણું ઝાંઝવાજળઃ
નસીબ એ કલ્પન વ્યર્થ નિષ્ફળ,
નસીબ એ વાદળછાંય તપ્તની.
નિશાની એ શાંત પડેલ શક્તની,
નૈરાશ્ય ને વિસ્મૃતિની મદિરા,
પ્રયત્ન શ્રદ્ધા તણી એ પ્રતારણાઃ
નસીબ એ હારની માત્ર સ્વીકૃતિ,
થાકેલ કો માનસની સ્ફુરી કૃતિ.

સનાતન

મોટો ચોર અને નાનો ચોર

થોડા દિવસ પર છાપાંમાં એક ખબર પ્રકટ થયા હતા કે, પોલીસે કલ્યાણના એક દવાના કારખાના ઉપર છાપો મારીને એક લૉરી ભરીને માલ જપ્ત કર્યો. આ કારખાનામાં લોકોમાં વિશ્વાસપાત્ર નીવડેલી અનેક મોંઘી દવાઓ 'બનાવવા'માં આવતી હતી. જપ્ત થએલા માલમાં બનાવટી લેબલો પણ હતાં જે આબેહૂબ અસ્સલ જેવાં જ હતાં. ફ્રેંચ ચૉક, સસ્તાં સુગંધી દ્રવ્યો ને થોડા રંગીન પાઉડર-આમાંથી કારખાનામાં દવાઓ તૈયાર થતી. બીજા એક સમાચાર પણ પ્રકટ થએલા કે એક પેટ્રોલ-પંપમાંથી લીધેલા પેટ્રોલમાં મોટો ભાગ ઘાસલેટનો હતો.

બનાવટી દવા બનાવનારાએ દર્દીના જીવન સાથે રમત રમી પૈસા મેળવ્યા. બીચારા કેટલાયે લોકો આ દવાથી ફાયદો ન થતાં લાંબો વખત પથારીમાં કણસતા તરફડતા મરણ પામ્યા હશે. બનાવટી પેટ્રોલના વપરાશથી કેટલાંયે મોટી કિંમતનાં યંત્રો બગડી ગયાં હશે કે તેની કાર્યક્ષમતા ઓછી થઇ ગઇ હશે. પોતાના સ્વાર્થ આગળ બીજાનો વિચાર ન કરનારા આ લબાડ લોકોની પોલ બહાર પડી તેથી આપણે તેના ઉપર ખીજ કાઢીએ છીએ ને તેમને 'સમાજના કંટક' ગણીને સંબોધીએ છીએ.

પણ ઉપરના દવાના કારખાનાવાળા ને પેટ્રોલ પંપવાળાનું અનુકરણ આપણે સામાન્ય લોકો પણ પોતાની શક્તિ અનુસાર કરતા જ હોઇએ છીએ! રસ્તા વચ્ચે વાહન ઊભું રાખવું, આગગાડીના ડબામાં બીજાને ઊભા રહેવાની પણ જગ્યા ન હોય ત્યારે આપણે આડા થઇને સૂવું, સભાસમારંભમાં પોતે મોડું કરી બીજાને વાટ જોતા રાખવા, ગ્રંથાલયનાં પુસ્તકોમાંથી મહત્ત્વનાં પૃષ્ઠો ને ચિત્રો ફાડી લેવાં, આપણાં ઢોર-જનાવરને પડોશીનાં વાડીખેતરમાં ચરવા ધકેલવાં વગેરે કૃત્યો દેખાવમાં ઓછાં નિરુપદ્રવી લાગે છે પણ તત્ત્વતઃ એ ખોટી દવા બનાવનારના વર્ગમાં જ આવે. આપણી વર્તણૂકથી કોઈ પણ જાતનું સામાજિક અહિત ન થવું જોઇએ, એ નિયમ સર્વ નાગરિકોએ ખંતપૂર્વક પાળવો જોઇએ. ઘર ઉપર દરોડો પાડનાર ચોર ને સરકારી મકાન બાંધતો કૉંટ્રૅક્ટર એ બેમાં વસ્તુતઃ શ્રેષ્ઠ કોણ ને કનિષ્ઠ કોણ એ કહેવાય એમ નથી. 'ચોર તો એક ઘરમાલિકને નુકસાન કરે છે, જ્યારે અમે સરકારને છેતરીએ છીએ એમાં કોઈ પણ વિશિષ્ટ વ્યક્તિનું અંગત નુકસાન કર્યાનું દુઃખ અમને થતું નથી.' એક સુશિક્ષિત કૉંટ્રૅક્ટરના આ ઉદ્ગારો શું બતાવે છે?

(શ્રી. વા. કાળે : અનુવાદક-શશિન્ ન. ઓઝા)



વિજ્ઞાન-વિભાગોની માનવકલ્યાણ સાથેની

પૅટ્રિક ગેડીસનું જીવન તથા જીવનકાર્ય અર્વાચીન યુગના એક પૂર્વ-પડછાયા સમાન હતાં. જે મહાકાર્ય તેઓએ એક એકલવાયા ચિન્તક અને નિયોજક તરીકે હાથ ધર્યું હતું, તે આજે આપણી પેઢીનું સમૂહકાર્ય થઈ પડયું છે. જે કાર્યક્ષેત્રમાં તેઓએ કોઈ પણ સાથી સિવાય એકલે હાથે કાય ઉપાડયું હતું, ત્યાં આજે અસંખ્ય માણસો કામે લાગ્યા છે. માનવ-કલ્યાણ અને માનવ-પ્રગતિ સાધવાને જે યોજનાઓ એમણે ઘડી હતી, પરંતુ જેનું પ્રત્યક્ષીકરણ થઈ નહોતું શકતું, તે આજે કંઈક અંશે પ્રત્યક્ષીકરણને પંથે છે. પૅટ્રિક ગેડીસે ભવિષ્યની પ્રજા માટે કોઈ તાર્કિક ફિલસૂફી અગર કોઈ વાદ નથી મૂકયો. યન્ત્રયુગમાં સામાન્ય માનવી જે સ્થાનથી ભ્રષ્ટ થયો છે, તેને ત્યાં પુનઃસ્થાપિત કરવા ફક્ત શાસ્ત્રીય નિબંધ તેમણે નહોતો મૂકયો, કેવળ અંગુલિ-નિર્દેશ જ કરી તેઓ જીવન-કાર્યમાં પડી નહોતા ગયા; પરંતુ એ મહાકાર્યને તેમણે પોતાના શિર ઉપર લીધું હતું. તે જમાનામાં તેમને સમજનાર વિજ્ઞાનીઓ, ઇજનેરો, સ્થપતિઓ તેમજ સમાજશાસ્ત્રીઓનો અભાવ હોવાથી એકલે હાથે એક ધર્મયોદ્ધાનાં જોમ અને ખંતથી દુનિયાના શહેરેશહેરે રખડીને ને અનેક વિશ્વવિદ્યાલયોમાં, સંસ્થાઓમાં, જનતાના સમૂહમાં ફરીને, વાતો, ભાષણો, પ્રદર્શનો કે ઉત્સવોની જ્યાં તક મળી ત્યાં આ મહા-કાર્યની અગત્ય બલકે અનિવાર્યતા તેમણે સમજાવી હતી, તેની પ્રત્યક્ષ યોજનાઓ મૂકી હતી. ઘણે ઠેકાણે તો આ કાયની શરૂઆત પણ કરી દીધી હતી.તેઓ આપણા દેશમાં પણ આવ્યા હતા. મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, લખનૌ, ઈંદોર, અમદાવાદ, પતિયાળા વગેરે શહેરોમાં તેઓ ફરી ચૂકયા હતા, સંવ-સ્થળે નાગરિકોના વિકાસની યોજનાઓ તેમણે રજૂ કરી હતી. મુંબઈ વિશ્વ-વિદ્યાલયમાં 'સમાજશાસ્ત્ર'નો વિભાગ પણ તેઓએ શરૂ કર્યો હતો. જીવન-શાસ્ત્ર (Biology), વનસ્પતિવિદ્યા, ભૂસ્તરવિદ્યા, સમાજશાસ્ત્ર (Sociology!, પ્રાકૃતિકશાસ્ત્ર (Natural Science), નગરરચના-શાસ્ત્રના પ્રખર અભ્યાસી અને નિષ્ણાત હોવા ઉપરાંત, આ બધાં જ શાસ્ત્રોનો સમન્વય કરીને માનવજાતિનાં કલ્યાણ અને પ્રગતિ માટે એક નૂતન વિચારશ્રેણી અને કાર્યપદ્ધતિ તેમણે શોધ્યાં હતાં. માનવી ઉપર ભૌતિક વાતાવરણની અસરનું શાસ્ત્રીયરીતે પૃથક્કરણ કરવાની કલા શોધીને માનવકલ્યાણની દષ્ટિએ ભૌતિક નિયોજન કેવા પ્રકારનું હોઈ શકે (Town Planning) એ વસ્તુ દુનિયા સમક્ષ તેમણે મૂકી હતી. યન્ત્રયુગની એક ખાસિયત છે કે માનવ-કલ્યાણની દષ્ટિએ બધાં જ વિજ્ઞાનો અને શાસ્ત્રો સામૂહિકરીતે વિચારવાને બદલે દરેક વિજ્ઞાનવિભાગ (જેમકે પદાર્થ-વિજ્ઞાન, રસાયનવિજ્ઞાન વગેરે) અને દરેક શાસ્ત્રવિભાગ(જેમકે અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર)ના વર્તુળમાં પૃથકપૃથક રીતે જોવાય છે અને તોળાય છે. માનવકલ્યાણનો અને આવા વિજ્ઞાન-વિભાગ અને શાસ્ત્રવિભાગનો સંબંધ તૂટી જાય છે. આમ થવાનું કારણ એ છે કે માનવબુદ્ધિને વિજ્ઞાનવિભાગના વર્તુળમાં રહીને કામ કરવાની ટેવ પડી ગઈ છે. વાસ્તવિક રીતે બધાં જ વિજ્ઞાનવિભાગો અને શાસ્ત્રોનો સમગ્રરીતે અભ્યાસ કરવાની તેમજ માનવવિકાસને મધ્યસ્થ રાખી તેનું 'સમગ્ર-ચિન્તન' (integral thinking or simultaneous thinking) કરવાની પદ્ધતિનો વિકાસ થવો જોઇએ. આ દિશામાં પૅટ્રિક ગેડીસે પહેલ કરી છે, એટલું જ નહિ, પરન્તુ 'સમગ્ર ચિન્તન'ને પરિણામે ઉદ્ભવતી વિકાસ-યોજનાઓને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. સારા યે જગતમાં આ 'નવા ચીલા'નો લાભ ઉઠાવાઈ રહ્યો છે. કહેવાય છે કે અમેરિકાની 'ટીનેસી-વેલી'ની યોજના પરોક્ષ રીતે પૅટ્રિક ગેડીસે શરૂ કરેલી નવી પ્રથાને જ આભારી છે.

પૅટ્રિક ગેડીસનો જન્મ તા. ૨-૧૦-૧૮૫૪ના રોજ ઇંગ્લંડના ઍબર્ડીન શાયરના બેલેટર ગામમાં થયો હતો. તેમના પિતા લશ્કરી અમલદાર હતા, ને તેમને 'પ્રકૃતિ-વિજ્ઞાન'માં ઊંડો રસ હતો, જે પૅટ્રિક ગેડીસમાં સ્વાભાવિકરીતે વારસામાં ઊતર્યો હતો. તેમનું બાળપણ સ્કૉટલૅન્ડના પર્થ નામના ગામમાં વીત્યું હતું. જીવનની શરૂઆત તેમણે એક બૅન્કના કારકુન તરીકે કરી હતી. તેમની અભિલાષા એક કલાકાર બનવાની હતી. પરન્તુ કલા-ક્ષેત્રમાં મૌલિક કૃતિ ઉપજાવવાની કંઈક અશ્રદ્ધા હોવાથી તેઓએ વિજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો. તેઓએ રસાયનશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર તથા વનસ્પતિશાસ્ત્રના ખાનગી રીતે અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ ઈ.સ. ૧૮૭૪માં લંડનમાં પ્રો.હક્સલીની પ્રયોગશાળામાં બે વર્ષ સુધી સંશોધન તથા અધ્યાપનનું કામ તેમણે કર્યું. લંડનના પ્રખ્યાત જીવન-શાસ્ત્રી પ્રો. બર્ડન-સૅન્ડર્સનની અસર નીચે પણ ગેડીસ આવ્યા હતા. ત્યાર બાદ ૧૮૭૭-૭૯ના ગાળામાં પૅરિસમાં પ્રો. વોટસ (Wurtz) તથા પ્રો. ગોટીયે(Gautier)ની પાસે કામ-કરતા મહાન સમાજશાસ્ત્રીઓ લી પ્લે (Le Play) તથા કોંટ (Comte)ના વિચારોની અસર નીચે તેઓ આવ્યા હતા. આ બે મહાપુરુષોના વિચારોની પ્રો. ગેડીસના જીવન-કાર્ય ઉપર ઘણી જ અસર થઈ હતી.

જીવનશાસ્ત્ર(Biology)ના ઊંડા અભ્યાસ પછી, આ બે મહાન સમાજ-શાસ્ત્રીઓની અસર નીચે આવીને ગેડીસને એક નવી દષ્ટિ પ્રાપ્ત થઈ. તેમણે જોયું કે 'માનવી અને તેની આસપાસનું ભૌગોલિક પરિ-આવરણ (Physical Environment) એ એક જીવન્ત-વ્યાપાર છે, અને જીવનશાસ્ત્ર(Biology)ના મૂળભૂત નિયમો કંઈક અંશે આ માનવ-ભૌગોલિક પરિ-આવરણ(men in his physical environment)ને લાગુ પડે છે. આ નવી દષ્ટિ અને નવા સંશોધન પછી પ્રો. ગેડીસ માનવકલ્યાણ તથા માનવપ્રગતિનું એક નવું શસ્ત્ર લઈ મેદાને પડયા. કોઈ પણ કૉલેજની કે કોઈ યુનિવર્સિટીની ઉપાધિ તેમણે મેળવી નથી. છતાં જગતના એક મહાન જીવનશાસ્ત્રી, તથા સમાજશાસ્ત્રી તરીકે તેઓ બહાર આવ્યા છે; એટલું જ નહિ, પરંતુ માનવકલ્યાણ માટે એક નવીન ક્રાન્તિકારી આંદોલન શરૂ કરીને પ્રવૃત્તિને શાસ્ત્રીય પાયા ઉપર મૂકીને હાલની આ આખી યે માનવ પેઢીને પ્રગતિપથ બતાવી જનાર જીવનભર પ્રવૃત્તિશીલ પ્રો. ગેડીસ ૧૭મી એપ્રિલ ૧૯૩૨ના રોજ મૉન્ટ-પેલીસેર ખાતે દુનિયા છોડી ચાલ્યા ગયા છે.

ઈ.સ. ૧૮૮૧માં પૅટ્રિક ગેડીસે જીવનશાસ્ત્રને એક ખાસ સંકુચિત અભ્યાસના વિષય તરીકે ગણી ત્યજી દીધો. પરંતુ ત્યાર પછી જીવનશાસ્ત્રને

તૂટેલી કડીઓ સાંધી આપનાર પૅટ્રિક ગેડીસ


લેખક : ગિરીશચન્દ્ર દેસાઇ
ટાઉનપ્લૅનિંગ ઑફિસર · અમદાવાદ મ્યુનિસિપાલિટી

તેના મર્યાદિત અને સંકુચિત વર્તુલમાંથી કાઢીને તેઓએ સૃષ્ટિના સમગ્ર જીવન-વ્યાપારની કસોટીએ ચડાવ્યું. જીવન-શાસ્ત્રને ફક્ત બંધારણ (structure)ને ક્રિયા(function)ના અભ્યાસ તરીકે નહિ, પરંતુ સમગ્ર સૃષ્ટિના જીવન-વ્યાપારના વિષય તરીકે તેમણે અપનાવ્યું. સમાજ-શાસ્ત્ર, નગરરચનાશાસ્ત્ર આદિ શાસ્ત્રોની સમસ્યાઓ ઉકેલવા જીવન-શાસ્ત્રની કાર્ય-મર્યાદા તેમણે વિસ્તારી, માનવસમાજના જીવન-વ્યાપારની પરિ-આવરણ ઉપર અને વાતાવરણની માનવ ઉપર જે અસર થાય છે તેના નિયમો તેમને સમજાયા. જીવન-શાસ્ત્રના એક અભ્યાસી તરીકે તેઓએ આ દૃષ્ટિ પ્રાપ્ત કરી હતી, અને તે વખતના મહાન વિજ્ઞાનશાસ્ત્રીઓ ડાર્વિન, હેકલ, વાઈઝમૅન વગેરે સાથેના પત્રવ્યવહારોમાં પણ આ જ વસ્તુ સ્થાપિત થાય છે કે જીવનશાસ્ત્રના મૂળભૂત નિયમો ફક્ત પશુ, પક્ષી તથા જીવાતો અને વનસ્પતિ, ઝાડ, પાનને લાગુ પડવા ઉપરાંત સમગ્ર સૃષ્ટિના જીવન-વ્યાપાર (Living Organisms)ને પણ લાગુ પડે છે. એટલે ઈ. સ. ૧૮૮૧ની સાલના અરસામાં પૅટ્રિક-ગેડીસ એક જીવનશાસ્ત્રીમાંથી સમાજશાસ્ત્રીમાં પલટાયા.

સમાજશાસ્ત્ર એટલે નગરરચનાશાસ્ત્રનો પાયો. છેક હમણાં લગી નગરરચના ફક્ત ઇજનેરો ને સ્થપતિઓનો વિષય હતો. રસ્તા, મકાનો, બાગો, શાળાઓ વગેરેના પ્રશ્નોને ઇજનેરો અને સ્થપતિઓ સ્થૂલ રીતે તેઓની કેવળ કલાવિજ્ઞાનની દૃષ્ટિએ જોતા. પરંતુ પૅટ્રિક ગેડીસે આ વિષયને સમજવાને નવી દૃષ્ટિ આપી. જીવનશાસ્ત્રના નિયમોનો વ્યાપક રીતે નગર-રચના શાસ્ત્રને સમજવામાં તેમણે ઉપયોગ કર્યો. નગર એટલે માનવસમુદાય (folk), સ્થળ (place) અને પ્રવૃત્તિ (work). જીવનશાસ્ત્ર પ્રમાણે સમષ્ટિ પ્રાણી (organism), પાર-આવરણ (Environment) અને વ્યાપાર (function)ની બનેલી છે. સમષ્ટિના એક ભાગ તરીકે નગર હોય છે, અને નગરને માનવ-સમુદાય, સ્થળ અને પ્રવૃત્તિના વ્યાપક અર્થમાં લઇને તેમણે નગર-રચના શાસ્ત્રનો પાયો નાખ્યો. નાગરિક અન્વેષણ (civic survey) વિના નગરરચના થઇ શકે નહિ એ ખયાલ પૅટ્રિક ગેડીસે નગરરચનાના નિષ્ણાતોને આપ્યો. આજે પશ્ચિમના દેશોમાં નાગરિક-અન્વેષણને પરિણામે યોગ્ય નગરરચનાઓ કરવામાં આવે છે.

ઈ. સ. ૧૯૧૪માં મદ્રાસના ગવર્નર લૉર્ડ પેન્ટલેન્ડના આમન્ત્રણથી પૅટ્રિક ગેડીસ હિંદુસ્તાનમાં આવ્યા હતા. સારાયે દેશમાં ઠેરઠેર ફરીને ભાષણો દ્વારા, પ્રદર્શનો દ્વારા, વિશ્વ-વિદ્યાલયોમાં અભ્યાસક્રમો રચીને તેઓએ સમાજશાસ્ત્ર, નગરરચના આદિ વિષયોનો પ્રચાર કર્યો હતો. મદ્રાસ, ઈન્દોર, લખનૌ, કલકત્તા વગેરે શહેરોની નગરરચના પરત્વે ખૂબ જ મહત્ત્વના રિપોર્ટો ત્યારે તેમણે આપ્યા હતા. મુંબાઇ વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્રને civicsના અનુ-સ્નાતક વિષય તરીકે દાખલ કરાવી તે વિષયના અધ્યાપક તરીકે તેમણે કામ કર્યું હતું. તેમના વિદ્યાર્થીઓમાં શ્રી છગનલાલ જોષી તથા આચાર્ય શ્રી ભણસાળીજી હતા. આ બન્ને વિદ્યાર્થીઓ આજે ગાંધી વિચારશ્રેણીના આદર્શ ઉપાસકો છે. આપણા દેશની કેટલીક રૂઢિઓ, પ્રણાલીઓ, ઉત્સવો તથા પરંપરાઓના તેઓ ઊંડા અભ્યાસી હતા. કેટલીક પ્રણાલીઓ અને પરંપરાઓની તેઓ ખૂબ જ તરફદારી કરતા. નૂતન વર્ષને દિવસે ઇંદોર શહેરમાં આખા શહેરની મદદ લઈ તેમણે શહેરસફાઇ કરી હતી, કારણ કે હિંદુમાનસ નૂતનવર્ષને મહોલ્લા-સફાઈના કાર્યક્રમ તરીકે સ્વીકારે છે. તેઓ ઈ. સ. ૧૯૧૫ના અરસામાં અમદાવાદ આવ્યા હતા. આ સમયે ખાડિયામાં જ્યાં હાલ 'ચિનુભાઇ રોડ' છે, તે જગ્યાએ ખૂબ જ સાંકડો રસ્તો હતો જે 'જળો-વાળી'ના નાકાના નામે ઓળખાતો. આ રસ્તો પહોળો કરવાની યોજનાને મૂર્ત સ્વરૂપ અપાતું હતું. ઘણાં મકાનો તોડીને રસ્તો પહોળો થતો હતો. સ્થાનિક મ્યુનિસિપલ કાર્યકરોએ આ યોજના પૅટ્રિક ગેડીસને બતાવી. આ કાર્યકરો તો તે યોજનાને રસ્તો પહોળો કરવાની યોજનાની દૃષ્ટિએ જ જોતા હતા. પૅટ્રિક ગેડીસે પૂછ્યું: 'આ ઘરબાર વગરના લોકો ક્યાં જશે?' કાર્યકરોએ જવાબ આપ્યો : 'શહેરમાં આ લોકો ગમે ત્યાં મકાન ખોળી લેશે.' પૅટ્રિક ગેડીસે ત્યારે જણાવ્યું કે 'આ ઘરબાર વગરના માણસોને યોગ્ય જગ્યાએ વસાવવાની યોજના વગર ઘરબાર તોડવાની યોજના અપૂર્ણ છે. કોઇ પણ પ્રશ્નને તેઓ સંકુચિત વર્તુળમાં નહોતા વિચારતા; પછી તે બાગનો પ્રશ્ન હોય, વિદ્યાર્થીગૃહનો પ્રશ્ન હોય, વિશ્વ-વિદ્યાલયનો પ્રશ્ન હોય કે ગીચતા-નિવારણનો પ્રશ્ન હોય. દરેક પ્રશ્નને પ્રાણી, પરિ-આવરણ અને વ્યાપાર (organism, environment, function)ના માળખામાં મૂકીને તેઓ તપાસતા. આ સમગ્ર ચિન્તન એ તેમની ખાસ વિશિષ્ટતા હતી. દરેક માનવ-વ્યાપારની પરિસ્થિતિનો શાસ્ત્રીય અભ્યાસ(અનુ. પૃ. ૭૪મે)

ટાઉન-પ્લાનિંગના બે નમૂના : ડાબી બાજુ બતાવ્યું એ પ્રમાણે નકશા ઉપર સીધી લીટીઓ મૂકી રસ્તો પહોળો કરવો એ કેટલું અવ્યવહારુ અને અનિષ્ટકર્તા છે? ઘણાં મકાનોના ભાગો રસ્તામાં આવે છે. ખર્ચો વધુ થાય છે અને લાભ જોઇએ તેવો મળતો નથી. આપણા દેશમાં અનેક મ્યુનિસિપાલિટીઓ આવી કઢંગી લાઈન-દોરીઓ મારી ખર્ચો કરે જાય છે. જ્યારે જમણી બાજુએ પૅટ્રિક ગેડીસે બતાવેલી આકૃતિ જોતાં સમજાશે કે ફક્ત બે કે ત્રણ મકાનો લઈ લેવાથી આખો રસ્તો કેવો સુધરી જાય છે! રસ્તો મોકળો થાય છે, ખુલ્લું ચોગાન થાય છે અને ઘણાં મકાનો બચી જાય છે.



અધમતા સામે લડતાં લોથ થઈ પડાય એટલી હદ સુધી પરિસ્થિતિ વીફરી ઊઠે ત્યારે મળતો

પદાર્થપાઠ

લેખક

'મનેશચંદ્ર'

આશ્ચર્યથી નિર્વાક્ બની થોડી વાર તો પિટર ઊભો રહ્યો, પરંતુ લીન્ડાએ ઈસુના ફોટાને ભાવપૂર્વક પ્રણામ કર્યા પછી તેના પોતાના ફોટાને પણ જ્યારે ચુંબન કર્યું ત્યારે તેનાથી ન રહેવાયું. બોલી ઊઠ્યો, 'લીન્ડા, પ્રિયે!'

લીન્ડા ચમકી—જાણે તેનો છૂપો ખજાનો ખુલ્લો ન પડી ગયો હોય!

પિટરે પ્રથમ ઇસુને વંદન કર્યાં, પછી લીન્ડાની ગૂંથાએલી આંગળીઓનો સ્પર્શ કરી પૂછ્યું, 'આનો શો અર્થ?'

જવાબમાં લજ્જાળુ મૌન.

'મારાથી છાનુંછાનું મારા ફોટાને સ્નેહ કરે છે કે?'

ખંજનભર્યું સ્મિત.

'સાચું કહેજે, આજે તું વહેલી કેમ ઊઠી?'

'પ્રાર્થના કરવા.' 'પ્રાર્થના!'

'અને યાચના કરવા.' 'યાચના પણ!'

'હા.' 'શી?'

'તે પહેલાં એમ પૂછ કે કોના માટે.'

'કોના માટે?' 'તારા માટે!'

'મારા માટે?!'

'હું એવું વિનવતી હતી કે હે પ્રભુ! મારા કફન પર ક્રોસ મૂકવા જેટલું આયુષ્ય પિટરનું લંબાવજે.'

પિટરનું હૃદય ગદગદ થઈ ઊઠ્યું. તે બોલ્યો, 'તું કેટલી બધી સ્વાર્થી છે? હું તારા માટે ભૂતકાળની વસ્તુ બનું એ તારાથી ન ખમાય એટલા માટે તું મારા માટે ભૂતકાળની વસ્તુ બને એવી શિક્ષા મારે સહન કરવાની?'

'ત્યારે શું એવી શિક્ષા મારે સહન કરવાની?' કહી લીન્ડાએ પોતાની બે સ્નિગ્ધ આંખો અદ્દ્ભુત છટાથી પિટર પર ટેકવી. તેના દેહને આછા પીળા રંગની કાચની બારીમાંથી આવતો સવારનો તડકો સોનલ ઢોળ ચઢાવી રહ્યો. એવું જ સોનલવરણું સ્મિત તેણે વેર્યું અને તેનું તેજ પિટરનાં દેહ, મન તથા હૃદયને ઊજળાંઊજળાં બનાવી રહ્યું.

પછી બન્ને બંગલાની બહાર આવ્યાં અને પોતાના નાનકડા બાગમાં ખુરસીઓ નાખી બેઠાં. માળીએ હમણાં જ પાણીનો છંટકાવ કર્યો હોવાથી બાગ સુગંધ સુગંધ થઈ રહ્યો હતો. વૃક્ષોની આડશને લીધે તેજ અને છાયાની જીવંત ગૂંથણી બન્નેના દેહ પર પડવા લાગી. થોડી વાર વાતાવરણનો આસ્વાદ લઈ લીન્ડાએ પૂછ્યું, 'એ માણસ અત્યારે જ અહીં આવવાનો છે, ખરું?'

'હા, થોડી વારમાં આવવો જ જોઇએ.'

'એને જોવાનું મને ખૂબ જ દિલ છે.'

'દેખાવમાં તો સાવ ગરીબ છે. પંદર દિવસ તો દાઢી વધી ગયે જ થયા હશે.'

'તેં એને પહેલાં કદી જોએલો ખરો?'

'કદી નહિ.'

'એણે પણ કદાચ તને નહિ જોયો હોય, છતાં જીવના જોખમે—'

'ક્યાંથી જુએ? હું કોઈ પણ વખત ચાલતો આવ્યો હોઉં તોને?'

'મારે એ જ પૂછવું છે. મને એ જ સમજ નથી પડતી કે કોઈ દિવસ નહિ અને કાલે તું ચાલતો શાથી નીકળ્યો? ઑફિસેથી મોટર તેં વહેલી કેમ મોકલાવી દીધી? મારે કંઈ એની જરૂર નહોતી.'

'એ પ્રશ્નનો જવાબ હું નહિ આપી શકું કારણ કે હું જ એ પ્રશ્ન મારી જાતને પૂછી રહ્યો છું—નિષ્ફળ રીતે. કોઈ દિવસ નહિ અને કાલે બસ એમ જ થયું કે આજે ચાલતો જ ઘેર જઉં. પછી કોણ જાણે ફેરી ય ધૂનમાં રસ્તા વચ્ચે તદ્દન બેલફેલ જ ચાલવા લાગ્યો. અચાનક શું થયું તેની તો સમજ ન પડી, પણ ચૂ...ડ કરતો ખટારો આગળ જઈ ઊભો રહ્યો અને ઝાળઝાળ થતો ડ્રાઈવર નીચે ઊતર્યો ત્યારે જ ખયાલ આવ્યો કે ક્ષણ માત્રમાં હું બચી ગયો છું. એક ક્ષણ મોડું થયું હોત—ખલાસ; એક જ ક્ષણ વહેલું થયું—હું બચી ગયો.'

ગઈ રાત્રે પિટરે આ વાત કહી હોવા છતાં જાણે નવેસરથી જ સાંભળતી હોય તેમ લીન્ડાનું હૃદય ધડકી ઊઠ્યું. તેનો શ્વાસ અદ્ધર થઈ ગયો, જીવ તાળવે ચોંટી ગયો. પિટરે આગળ જણાવ્યું, 'પ્રથમ તો મને એમ જ લાગ્યું કે એ ખટારાના ધક્કાને લીધે જ હું બાજુએ ફેંકાઈ ગયો હતો પણ પછી ખબર પડી કે એક માણસે હડસેલો મારી મને બાજુએ ખસેડી દીધેલ હતો.'

'કેટલો નસીબવંતો હડસેલો!' લીન્ડા બબડી.

'એ ક્ષણનો અનુભવ હું કદાપિ નહિ ભૂલું.'

'હું પણ એ ભાગશાળી ક્ષણ કદી નહિ ભૂલી શકું.'

'પેલા ડ્રાઈવરની જીભે તો ગાળો જ ચનગની રહી હતી!'

'ગુસ્સો તો ચડે જને?'

'હા એ વાત ખરી.'

'એ માણસને અહીં બોલાવીને તેં સારું કર્યું. એને જોઈ મને ખૂબ સુખ થશે.'

'તાત્કાલિક તો એ મને ન સૂઝત. પહેલાં તો મેં એનો ખૂબખૂબ ઉપકાર માન્યો, પછી ગરીબ જાણી કંઇક આપવાની ઈચ્છાથી ખિસ્સામાં હાથ નાખ્યો તો ખબર પડી કે પાકીટ ગુમ! કોઈ દિવસ નહિ અને કાલે મેં એને બહારના ખિસ્સામાં મૂકેલું. પણ કોઈકની નજરે ચડ્યું હશે તે તફડાવી લીધું. લોકો કહે છે તેમ મારી પાસેથી આયાત કરી લીધું—વગર જકાતે!'

લીન્ડાએ તેનું સુંદરમાં સુંદર સ્મિત કર્યું, 'જીવની જકાત ઓછી છે?'

'છેવટે મને સૂઝ્યું કે એને વિઝિટિંગ કાર્ડ આપી ઘેર બોલાવું.'

'સારું થયું કે પાકીટ ગયું. એ ગયું એટલે તો એને તેં અહીં બોલાવ્યો. તેં આવવાનું કહ્યું એટલે તે અહીં આવશે જ અને તે આવશે એટલે હું તેને જોઈ શકીશ.'

'એ તો બિચારો ના પાડતો હતો પણ મેં દબાણ કરી એના આવવાનું વચન લઈ લીધું.'

લીન્ડા કલ્પનામાં ખોવાઈ ગઈ. તેનાં મનઃચક્ષુ સમક્ષ પિટરને બચાવનારનો એક કાલ્પનિક આકાર ઊપસ્યો—સાધુતાદર્શક, જવાંમર્દીસૂચક અને સુંદર. થોડી વાર સુધી બન્ને મૌન બેસી રહ્યાં. બન્નેના મનમાં થઈ ગએલા પ્રસંગને લગતા જ વિચારો આવી રહ્યા હતા. કેટલીક વારે પિટરે મૌન તોડ્યું. 'સાચું કહું, તો આ અકસ્માતે મને જીવનની લંબાઇ-પહોળાઈનું ખરું માપ દર્શાવ્યું છે. જીવન નિરર્થક વ્યર્થ ન જાય એવી એક આધ્યાત્મિક ચીવટ મારામાં ઉત્પન્ન થતી હું અનુભવી રહ્યો છું. વિશાળ, વિશાળ અને વધુ ને વધુ વિશાળ મારું હૃદય ન થતું હોય, એવું અત્યારે મને લાગી રહ્યું છે.'

'અને મને શું લાગી રહ્યું છે, કહું? આજે સવારે જ્યારે હું ઊઠી ત્યારે તરત જ અનુભવ થયો કે જેમ મૃત્યુ આવી માત્ર સ્પર્શ કરી ચાલ્યું જાય તેમ અંધારું ઓસરી ગયું છે અને અજવાળું પથરાઇ ગયું છે.'

'મારા જીવનને ઊર્ધ્વમાન કર્યે જ જંપીશ.' પિટરે કહ્યું. 'લીન્ડા! મારી લીન્ડા! મને ઊંચે ચડવામાં તું મદદ કરીશ?'

૩૯ ('કુમાર' અંક ૩૭૪).

લીન્ડાનાં નયનો પ્રશંસાભીનાં બન્યાં. 'ઊંચે ચઢવામાં તારે પગથિયાંની તો જરૂર પડશે-ને? એમાંનું એક પગથિયું બનવાનો પ્રયત્ન તો હું જરૂર કરીશ!'

બન્નેનાં મુખ ઓજસવંતાં બની ગયાં. વામનતા અને વિરાટતાનો તેઓ એકીસાથે અનુભવ કરી રહ્યાં. એ જ વખતે નોકરે આવી જણાવ્યું, 'સાહેબ! બહાર કોઇ મેલોઘેલો આદમી આવ્યો છે અને આ તમારું કાર્ડ આપ્યું છે.'

પિટર અને લીન્ડાએ પરસ્પર સૂચક દૃષ્ટિ નાખી. પિટરે કહ્યું, 'પહેલાં આહીં એક વધારે ખુરશી મૂક. પછી એને આહીં જ લઈ આવ.'

ખુરશી મૂકચા પછી નોકર પેલાને બોલાવી લાવ્યો. પિટરે તેનું અભિવાદન કર્યું અને ખુરશીમાં બેસવા સૂચવ્યું. પેલો જાણે હેબતાઈ ગયો, ખુરશી તરફ અવિશ્વાસુ નજરે જોઈ રહ્યો, અને પછી ધડ દઈને ભોંય પર બેસી ગયો. 'અરે, અરે, આ શું કરો છો? અહીં બેસો, આ ખુરશી પર.'

'ના ના, સાહેબ, ન ફાવે મને. હું તો નીચે જ સારો.'

'અરે, એવું તે કંઈ ચાલે?'

'સાહેબ, ખરી વાત કહું? તમારી જોડે, તમારી સામે મારાથી ખુરશીમાં બેસાય જ નહિ.'

'અરે ભલા માણસ—'

'નહિ, નહિ, એવી બેઅદબી હું નહિ કરી શકું.'

'પણ એમાં બેઅદબીનો સવાલ જ ક્યાં છે? હું કહું છુંને, પછી એમાં શો વાંધો છે?'

'નહિ—'

'તો પછી અમારે ય નીચે બેસવું પડશે.' પરાણે સમજાવી-પટાવી પિટરે પેલાને ખુરશીમાં બેસાડચો. તેના બેસવાના ઢંગ જ એવા હતા કે જાણે આવી ઊંચા પ્રકારની ખુરશીમાં તે કદી બેઠો નહોતો. ઉભડક બેઠો અને ખુરશીને ઈજા ન થાય એમ પોતાની જાતને સંકોચીને કોમળ બનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. લીન્ડા અને પિટર વિસ્મયથી મલકાવા લાગ્યાં. પિટરે બેસતાં બેસતાં કહ્યું, 'મને ખાતરી જ હતી કે તમે આવ્યા વગર નહિ રહો.'

'તમે પરાણે દબાણ કરીને કહ્યું પછી મારાથી આવ્યા વગર રહેવાય ખરું? બાકી ખરું પૂછો તો અહીં આવવામાં મારા પગ પાછા પડતા હતા. એવું તે મેં શું કરી નાખ્યું છે કે મારે આવવું જોઇએ?'

'શું કરી નાખ્યું છે?' પિટરના શબ્દોમાં લાગણીની ભીનાશ હતી. 'વાહ! હું અત્યારે જીવતો-જાગતો તમારી સાથે વાત કરી રહ્યો છું તે શું તમારે લીધે નહિ?'

'હું તો એમ જ માનું છું કે ભગવાને તમને બચાવી લીધા છે.'

'પણ ભગવાને એ કામ કરાવ્યું તો તમારા દ્વારા જને?'

'હું તો માત્ર નિમિત્ત હતો, બીજું શું?'

'માત્ર નિમિત્ત? નહિ, મોટું નિમિત્ત.'

પેલો ચૂપ રહ્યો. પિટરે પૂછ્યું, 'તમે શું કામ કરો છો?'

'કશું જ નહિ.' પેલાએ ઉત્તર આપ્યો. ઉત્તર જેટલો ટૂંકો તેટલો જ અણીદાર હતો.

'કશું જ નહિ?'

'એમ તો એક કામ કરું છું.'

'કયું?'

'કામ શોધવાનું કામ.'

પિટર સ્તબ્ધ બની બેસી રહ્યો. પછી પૂછ્યું, 'તો પછી તમે ગુજરાન કેવી રીતે ચલાવો છો?'

'મજૂરી કરીને.'

'મજૂરી!'

'તે સિવાય બીજું હું કરી પણ શું શકું?'

પિટર તેના તરફ તાકી રહ્યો. તેના સમગ્ર દેહ પર ગરીબીની ખરબચડાઈ તરી આવતી હતી. પિટર ગણગણ્યો, 'તમે ખૂબ દુઃખમાં દિવસો પસાર કરો છો?'

'હા, એ વાત સાચી. દિવસો તો હું પસાર કરું છું જ, પછી સારા હોય કે નરસા. પહેલાં મને દિવસ દિવસ વચ્ચેનો ભેદ સતાવતો. પણ હવે કડવા અનુભવો પછી નથી સતાવતો અને તેથી જે દિવસો આવવાના છે તેને ય સોનાના ગણું છું, આવ્યા તેને ય સોનાના ગણું છું અને ગયા તેને પણ સોનાના ગણું છું—પછી ભલે તે મારે માટે ગમે તેવા નીવડે.'

વાતનો વળ જ વ્યથા ઉપજાવે એ તરફ વળી ગયો હતો. તેમાંથી બચવા લીન્ડાએ પૂછ્યું, 'તમારા ઘરમાં કેટલાં માણસો છે?'

'મારા સિવાય પાંચ.'

'કોણ કોણ?'

'એક મા, એક બહેન, એક સ્ત્રી અને બે છોકરા.'

'છોકરા મોટા છે?'

'ના, હજી તો નાના છે અને તેથી મને મદદ કરી શકે એવા નથી.'

'ભણે છે?' 'હા.'

'શું?' 'મોટા થઈ મજૂરી કરવાનું.'

લીન્ડા મૂક બની ગઇ.

'બહેન!' પેલાએ કહ્યું, 'એ બધાંયને પાલવવાનું મારે માથે છે.'

'ત્યારે તો ઘરમાં તમે એકલા જ રળી શકો એવા હશો.'

'હા,—જો રળી શકાય તો.'

'તો તો તમારું પૂરું નહિ થતું હોય.'

'સાવ પૂરું તો ક્યાંથી થાય? અધૂરું અધૂરું થાય છે ખરું.'

લીન્ડાની વધુ પૂછવાની હિંમત ન ચાલી. તે ફરી મૂક બની ગઈ. પિટરે તેના પ્રતિ દૃષ્ટિ નાખી, પછી પેલાને પૂછ્યું, 'પહેલાં તમે શું કરતા હતા?'

'પહેલાં?' જાણે ખૂબ ખૂબ દૂરના ભૂતકાળની વાત કોઇએ પૂછી હોય એવો ભાવ પેલાના મુખ પર છવાયો.

'પહેલાં એટલે કે મજૂરી કરવાનું શરૂ કર્યું તે પહેલાં.'

'તે પહેલાં હું ધંધો કરતો હતો.'

'શેનો?'

'પરચુરણ માલની દુકાન હતી.'

'તો પછી એ દુકાન કાઢી શાથી નાખી?'

'મેં નહોતી કાઢી નાખી.'

'ત્યારે?'

'મારા નસીબે કાઢી નાખી હતી. અથવા તો—ના, એણે નહિ, મારા કમનસીબે કાઢી નાખી હતી.'

'ખોટ ગઈ હશે.'

'ના, ખોટ નહોતી ગઈ. હતું એવું કે જ્યાં મારી દુકાન હતી તેની જોડે જ રૂના ગાદલાં-તકિયાવાળાની એક બીજી દુકાન હતી. મેં એ દુકાનવાળાને ઘણી વાર કહેલું કે ભાઈ, તું બીડીઓનો આટલો બધો શોખીન છે એનો તો કંઈ વાંધો નહિ, પણ જે દીવાસળી વડે તું બીડી સળગાવે છે તે તારી દુકાન પણ ન સળગાવી દે તે જોજે. અને ખરેખર, થયું પણ એમ જ. એની દુકાન તો સળગી, જોડે મારી પણ ખલાસ. બીજાનું નસીબ આપણા નસીબને પણ કમનસીબ બનાવી દે છે તે આનું નામ.'

'તમે એના પર નુકસાનીનો દાવો માંડચો હતો?'

'દાવો? ના રે ના, સાહેબ, દાવો માંડીને શું વળવાનું હતું?'

'નુકસાનીની રકમ તો મળત.'

'અરે સાહેબ, એ જ જ્યાં ભિખારી થઈ ગયો હતો ત્યાં મને શું મળત?'

'તો પછી એણે કાળજી રાખવી જોઈતી હતી.'

'કાળજી રાખવી જોઇએ એ એક જુદી વાત છે. અને કાળજી રાખી શકાય નહિ એ પણ એક જુદી વાત છે. અને સાહેબ, એ તો ઊલટો મને દોષ દેવા લાગ્યો.'

'તમને? તમને વળી શો દોષ દેવા લાગ્યો?'

'મને કહે: તેં મને મારી દુકાન બળી જશો એમ કહી બૂરું ઈચ્છયું તેથી જ તે બળી ગઇ!'

'પિટરથી હસ્યા વગર ન રહેવાયું: 'પછી તમે શું કર્યું?'

'પછી હું બેસી રહ્યો.'

'એટલે કે ત્યાર પછી તમે મજૂરી શરૂ કરી?'

'ના, ત્યાર પછી તરત તો મજૂરી નહોતી કરવા માંડી. તે પહેલાં થોડા રૂપિયા ઉછીના આણી એક કરિયાણાની દુકાન ખોલેલી. પણ એમાં ખોટ ગઈ. મેં તમને ન કહ્યું સાહેબ, કે નસીબ મારું આડું જવા લાગ્યું હતું!'

'ત્યારે તો એ દુકાન પણ બંધ કરવી પડી હશે.'

'હા.'

પછી તમે કોઇ પણ ધંધો કરેલો કે?'

'હા, તે પછી પણ એક ધંધો કરવાનો અખતરો કરેલો. ફરીથી થોડા રૂપિયા ઉછીના આણી એક ચણામમરાની લારી ફેરવવાની શરૂ કરેલી.'

'એમાંથી તો શું મળતર મળવાનું હતું?'

'મળતર તો શાનું મળે? ઊલટું, કોઇક કોઈક વાર લારીમાંના ચણામમરા જ ફાકવાનો વારો આવતો.'

'આહ!'

'સાહેબ!' પિટરના મુખમાંથી સરી પડેલો સહાનુભૂતિનો ઉદ્‌ગાર સાંભળી પેલાને વેગ મળ્યો. 'માણસો ધંધો કરે છે પોતાના ખાવા માટે, મેં ધંધો શરૂ કર્યો ધંધાને ખાવા માટે. નસીબનો ખેલ, બીજું શું?'

'તમારા જીવનમાં કમનસીબે બહુ મોટો ભાગ ભજવ્યો લાગે છે.'

'બહુ મોટો ભાગ ભજવ્યો છે એટલું જ નહિ, બહુ રાક્ષસી ભાગ ભજવ્યો છે.'

'રાક્ષસી! તમે તમારા નસીબના દુશ્મન થઇ ગયા લાગો છો.'

'હા, એ તમારી વાત સાચી છે; ફેર એટલો જ કે હું નસીબનો નહિ પણ નસીબ મારું દુશ્મન થઇ ગયું છે. મારી આ જિંદગીમાં મારે સૌથી પ્રથમ દુશ્મનાવટ જો કોઈની સાથે થઇ હોય તો તે મારા નસીબ સાથે. પણ ત્યાર પછી મારે બીજા અનેકની સાથે દુશ્મનાવટ થઈ ચૂકી છે–જેમ કે સુખ, સંતોષ, આરામ, આનંદ અને સૌથી છેલ્લે માણસો.'

'હું તો એમ માનું છું કે નસીબ એ તો આપણા હાથનું એક રમકડું માત્ર છે—જો આપણામાં મક્કમ નિશ્ચયશક્તિ હોય તો.'

'હા, પણ એ નિશ્ચય જ્યાંસુધી સિદ્ધ ન થાય ત્યાંસુધી શું?'

'ત્યાંસુધી એ નિશ્ચયનું પાલન કરવાના બધા જ પ્રયત્નો કરી છૂટવા.'

'પણ એ પ્રયત્નો કરીએ તે દરમિયાન જીવનમાં ફટકા પર ફટકા પડવા માંડે ત્યારે નિશ્ચય તો શું, એ પ્રયત્નો જ ડગુમગુ થઈ જાય છે. આ લારી શાથી બંધ કરવી પડી તે જ કહું. ફાગણ મહિનો હતો. હોળીના દિવસો હતા. લારી એક જગાએ મૂકી રાતે હું સૂઈ ગયો હતો. દરમિયાન કેટલાક તોફાની છોકરાઓએ એ આખી લારી ભાંગી-તોડી નાખી ને હોળીમાં ભૂંજી નાખી, ચણામમરા સાથે! ગુંડાઓ! પાપીઓ!' બોલતાં બોલતાં તેની આંખોમાં પાણી આવી ગયાં અને તેના કુરૂપ ચહેરા પર ડાઘા પાડી નીચે સરવાં લાગ્યાં. ખમીશની બાંયથી તે લૂછવા જતાં તેની ગુચ્છાદાર ભ્રૂકુટિ અસ્તવ્યસ્ત થઈ ગઈ. આવડા મોટા માણસની આંખો છલકાએલી જોઈ લીન્ડાની આંખો પણ ભરાઈ આવી. પિટર પણ હૃદયથી હલી ઊઠ્યો. તેની આંખોની બહાર તો આંસુ ન આવ્યાં પણ આવુંઆવું કરી રહ્યાં. પેલાએ સહેજ અટકી, આગળ જણાવ્યું. 'એ બનાવ બન્યો ત્યારે જીવનમાં સૌથી પહેલી વખત મને વિચાર આવી ગયો—આપઘાત કરવાનો. એ વખતે તમે મારી માને જોઈ હોય–માથાં પછાડતી; બૈરી જોઈ હોય–પોશપોશ રડતી,– એ સાહેબ!'

પિટર સંવેદના અનુભવતાં બોલી ઊઠ્યો, 'એવા લોકોની તો ખબર લઈ નાખવી જોઇએ.'

'એમની તો લેવાતાં લેવાશે, પણ મારી તો લેવાઈ ગઈ એક વાર.'

'તે પછી પણ કોઈ ધંધો તમે કરેલો?'

'હા—હજી પણ એ કરું છું.'

'મજૂરીનો?' 'હા.'

થોડી મિનિટો મૌન છવાઇ ગયું તે સમય દરમિયાન હૃદય હળવાશ અનુભવી રહેતાં પિટરે કહ્યું, 'જેવું હોય તેવું પણ જીવન જીવી નાખવાની તમારી હિંમત તરફ મને માન ઉત્પન્ન થાય છે.'

'એ હિંમત તો અત્યાર સુધીમાં, સાહેબ કંઈ હજાર વાર ખોઇ અને હજાર વાર મેળવી. કહ્યું નહિ કે આપઘાત કરવાનો વિચાર સુધ્ધાં થઇ આવ્યો હતો! પણ શું કરું, હું એકલો નથી એટલે?'

'એકલો નથી એટલે?'

'જો એકલો હોત તો ખરેખર આપઘાત કરી નાખ્યો હોત. પણ અત્યારે તો પાંચ-છ જણ મારા પર મીટ માંડીને બેઠાં છે, તેથી જો હું આપઘાત કરું તો પછી એમનો પણ એ કામ કરવાનો વારો આવે. મારું કહેવું ખોટું છે?'

પિટરથી જવાબ ન અપાયો.

'ગઈ કાલનો પ્રસંગ બન્યો પછી મને શો વિચાર આવ્યો, કહું? તમને બચાવવા જતાં જો હું પોતે જ ખટારા નીચે આવી ગયો હોત તો કેવું સારું થાત!'

'ઓહ!'

'તો બે અર્થ સરત. એક તો પરોપકાર કરતાં મોત આવત અને તેથી આપઘાત કર્યો ન કહેવાત, અને બીજું દેવાના ભારથી છૂટત.'

'ઓહ!'

'અને ત્રીજે પણ લાભ થાત. ઘણી વખત કોઇકને બચાવવા જતાં બીજો મરી જાય છે ત્યારે બચી જનાર માણસ બદલો વાળવાની ઇચ્છાથી મરી જનારના કુટુંબને મદદ કરે છે. આથી જો હું મરી ગયો હોત તો મને તો બધી રીતે ફાયદો જ ફાયદો હતો.'

'ઓહ!'

'પણ સાહેબ, આ ભગવાનની દુનિયામાં બે વસ્તુ માત્ર નથી મળતી—એક મોત અને બીજું જીવન.'

'પણ તે બેમાં માગવા જેવી વસ્તુ મોત તો નથી જ.'

પેલાએ પિટરના બોલવા તરફ ખાસ ધ્યાન ન આપતાં પોતાની જ વાત આગળ ચલાવી, 'ને તેમાં યે કમનસીબોની વાત જ ન કરશો. તેમને તો મોત માગતાં મડદાલ જીવન મળે છે અને જીવન માગતાં જીવતું મોત મળે છે.'

લીન્ડાએ રેશમી રૂમાલ વડે મુખ ઢાંકી દીધું. પિટરની લાગણીઓ પણ ખૂબ જોરદાર બની ગઇ. તે કશુંક બોલવા જતો હતો ત્યાં પેલાએ કહ્યું, 'સાહેબ! હું તો આ બધાથી ટેવાઈ ગયો છું. પહેલે ફટકે જ ચામડી ચચરે, પણ પછી તો તે પણ જાડી થઇ, બરછટ થઇ, ફટકાઓથી ટેવાઈ જાય છે. અને એટલે જ કાલે તમે મને અહીં આવવાનું કહ્યું ત્યારે થયું: ત્યાં જવાથી શું વળવાનું છે મારું? જગતમાં અનેક અકસ્માતો બન્યા છે અને બને છે, તેમાંથી આ અકસ્માતમાં હું જરા નિમિત્ત બની ગયો એટલું જ કે બીજું કંઈ? નિમિત્ત બનતાં બની જવાયું, પણ પછી શું? અને જો હું એ નિમિત્ત ન બન્યો હોત તો (કારણ કે તમારું આયુષ્ય લાંબું છે,) બીજું કોઈ બનત. તો પછી અહીં મારે શા માટે આવવું જોઇએ? તમે જો દબાણ ન કર્યું હોત તો હું અહીં આવત પણ નહિ, અને એવો વિચાર પણ મને ન થાત.'

પિટર સ્તબ્ધ બની બેસી રહ્યો. તેના મનમાં અનેક વિચારો આવ્યા અને ગયા. અનેક લાગણીઓ ઊભરાઈ અને શમી. છેવટે એણે એક નિર્ણય બાંધી લીધો. પોતે એ નિર્ણય બાંધી શક્યો તેથી એક પ્રકારનો પવિત્ર હર્ષ અનુભવવા લાગ્યો. પૂછ્યું, 'કેટલું દેવું છે તમારે?'

'બધું થઈને લગભગ સાડા ચારસો.

'બસ, એટલું જને ?'

'એટલું જ! સાહેબ, સાડા ચારસો રૂપિયાનું દેવું છે, ઓછું નહિ!'

'મારે મન એ રકમ બહુ મોટી નથી.'

'પણ મારે માટે તો એ ડુંગર કરતાં ય મોટી છેને! મારા કપાળમાં આ ઘાનું નિશાન જુઓ છોને? એ છે મારા આ દેવાનું પરિણામ.'

'શું કોઇએ તમને માર્યું હતું?'

'હા—વખતસર રૂપિયા પાછા ન આપી શકયો માટે. અને હજી એવો બીજો ઘા પડવાની પણ બીક છે.'

'કેમ?'

'હજી પણ એ રૂપિયા નથી આપી શકયો એથી જ તો.'

પિટરને જાણે પોતાના હૃદયમાં ઘા થયો હોય એવી વેદના થઈ આવી. થોડી વાર તે મૂઢ બની બેસી રહ્યો. પછી ભાવાવેશમાં આવી પૂછયું, 'તમને નોકરી મળે તો કરો ખરા?'

પેલો અડધો ઊભો થઈ ગયો.

'હું માનું છું કે હું તમને નોકરી અપાવી શકીશ.'

'નોકરી? મને?'

'હા, અને તે પણ થોડા જ દિવસોમાં.'

'થોડા જ દિવસોમાં? ઓ સાહેબ!'

'મારે ઘણા મિલમાલિકોની ઓળખાણ છે. તેમાંથી ગમે તે એક મિલમાં તમને ચોક્કસ ગોઠવી આપીશ.'

'ઓહ, સાહેબ! સાહેબ!'

'અને કયાંય નહિ બને તો... તો... હું તમને મારે ઘેર જ રાખી લઈશ.'

'તમારે જ ઘેર? ઓ પ્રભુ!'

'હંઅ, એ જ બરાબર છે, તમે મારે ઘેર રહો એ જ બરાબર છે. તમે મારે ત્યાં રહેશો તો ખરાને?'

પેલાની આંખો ડબડબાઈ આવી.

'અને તમારા આખા કુટુમ્બને અહીં લઈ આવજો. આ ખાલીખમ જેવા બંગલામાં વસતિ તો થશે!'

પેલો છૂટે મોંએ રડવા લાગ્યો.

'અને તમારું દેવું હું ચૂકવી આપીશ.'

પેલો એકદમ ઊઠીને પિટરનાં ચરણોમાં આળોટી પડયો. 'સાહેબ! સાહેબ! તમે સાહેબ નથી, દેવ છો!' ઊનાંઊનાં આંસુ પિટરના પગ પર ટપોટપ પડવા લાગ્યાં. પિટર શરમ અને સંકોચનો માર્યો સ્વસ્થ ન રહી શકયો. તત્કાળ બે હાથ ઝાલી તેણે પેલાને ઊભો કર્યો. બન્ને લાગણીવશ નયને એક-બીજા સામે તાકી રહ્યા. લીન્ડા તે દૃશ્ય જોઈ ખૂબ વ્યથિત થઇ ગઇ અને આનંદિત પણ બની ગઈ.

બરાબર એ જ વખતે નોકરે આવી એક ચિઠ્ઠી પિટરના હાથમાં મૂકી. પિટરે તે વાંચી અને પલકભર ચોંકી ઊઠયો. એક વાર વાંચી, ન સમજાયો. બીજી વાર વાંચી, સમજાયો. ત્રીજી વાર વાંચી—જાણે વીંછીએ ડંખ માર્યો હોય એવા ભાવ તેના મુખ પર પ્રસરી ગયા. તેણે એક ઝડપી નજર લીન્ડા તરફ નાખી, બીજી ઝડપી નજર પેલા તરફ નાખી, ત્રીજી ઝડપી નજર નોકર તરફ નાખી. લીન્ડા કુતૂહલ અનુભવતાં તેના પ્રતિ તાકી રહી. પૂછયું, 'શું છે?'

'કંઈ નહિ, કંઈ નહિ.' પિટરે તરત જવાબ આપ્યો અને ચિઠ્ઠી ખિસ્સામાં મૂકી. થોડીવાર વિચાર કરી નોકરને પૂછયું, 'એ એકલા જ છે કે બીજા કોઇને સાથે લેતા આવ્યા છે?'

'એમની સાથે બીજા છે—'

'સારું જા.' પિટરે કહ્યું. 'એમને દિવાનખંડમાં બેસાડ અને કહે કે થોડી વારમાં આવી મળું છું.'

નોકર ગયો. આ ત્રણે જણ થોડી વાર મૂગા મૂગા બેસી રહ્યાં. અચાનક લીન્ડાને સાંભર્યું. 'અરે! વાતોમાં ને વાતોમાં ચા તો ભુલાઈ જ ગઈ!'

'હેં? હા.' પિટરે જવાબ આપ્યો. દેખીતી રીતે તે કોઈક ઊંડા વિચારમાં સરીપડયો હતો.

'હું એની વ્યવસ્થા કરું' બોલી લીન્ડા ઊભી થઈ.

'ના, ના બહેન, એની કંઈ જ જરૂર નથી. હું પીને જ આવ્યો છું.' પેલો બોલી ઊઠયો.

'પણ અમારા ઘરમાં તો નથી પીધીને? અને હજી અમારે પણ પીવાની બાકી છે.'

ત્યાં તો નોકરે આવી પિટરના હ:થમાં બીજી ચિઠ્ઠી મૂકી. કંઈક અણગમાથી, કંઈક ગુસ્સાથી તેણે તે લીધી, વાંચી અને લોચો વાળી ખિસ્સામાં મૂકી દીધી. બોલ્યો, 'એમને કહે કે ગરજ હોય તો બેસે, નહિ તો જાય. મારી આગળ ઉતાવળ નહિ ચાલે.'

'પિટર, છે શું?' નોકરના ગયા બાદ લીન્ડાથી પૂછયા સિવાય ન રહેવાયું.

'ખાસ કશું જ મહત્ત્વનું નથી.'

'તો પછી વારંવાર ચિઠ્ઠીઓ કોણ મોકલાવે છે?'

'લખનાર.'

'પણ લખે છે કોણ?'

'મોકલાવનાર.'

'આમ કેમ બોલે છે તું? આ બધી શી બાબત છે?'

'આ બધી મહત્ત્વ વગરની બાબત છે.'

'મહત્ત્વ વગરની બાબત હોય તો તારો ચહેરો આમ બદલાઈ ન જાય.'

પિટરે જવાબ ન આપ્યો.

ત્યાં તો નોકર ત્રીજી વખત આવ્યો. તે બિચારો ગભરાઈ ગયો લાગતો હતો. તેને જોઈ પિટરના મુખ પર રોષ તરી આવ્યો. 'શું છે?'

'સાહેબ, એ તમને તરત ને તરત ત્યાં બોલાવે છે.'

'પણ તું એમને કહી દેને કે બેસવું હોય તો બેસે, અને નહિ તો જાય.'

'સાહેબ—' 'કેમ?'

'હું નોકર-માણસ એમને કેમ કહી શકું?'

'તે તું મારો નોકર છે કે એનો?' પિટર બરાડી ઊઠયો.

'સાહેબ!' નોકર ઘેંઘેંફેંફેં થઇ ગયો. 'તમે કહ્યું એવું મેં એમને કહ્યું હતું.'

'તો પછી?'

'એ મને ધમકાવવા લાગ્યા.'

'મારા નોકરને ધમકાવનાર એ કોણ?' કહી પિટર ઊભો થઇ ગયો. ઝડપથી તે નોકરની સાથે દિવાનખંડ તરફ ગયો અને બે જ મિનિટમાં પાછો આવ્યો. બોલ્યો, 'હવે એક કલાક સુધી બેસવાની ધીરજ એનામાં આવી ગઈ છે.'

'પણ છે શું?' લીન્ડાએ આશ્ચર્યોની પરંપરા અનુભવતાં પૂછયું.

'તું હમણાં ન પૂછીશ. થોડીવાર પછી હું તને બધું જ કહીશ. મારી આટલી વાત હમણાં તું માની જા.'

લીન્ડાની કુતૂહલવૃત્તિ ખૂબ સતેજ થઈ હોવા છતાં, માત્ર પિટરે કહ્યું તેથી, તે ચૂપ બેસી રહી.

અત્યાર સુધી પેલો માણસ ચૂપ બેસી રહ્યો હતો. તેણે કહ્યું, 'સાહેબ, તમારે કામ હોય તો હું અત્યારે જઉં.'

'મારે કશું જ કામ નથી, એટલે-પણ હા, તમે અત્યારે જાવ એ જ વધુ સારું છે. આમ મારી સાથે આવો અને આ પાછળના દરવાજેથી જાવ.' પિટર તેનો હાથ પકડી બાગના પાછળના દરવાજા સુધી દોડી ગયો, દરવાજા આગળ અટકી તેણે પૂછયું, 'મારા પ્રશ્નોના જવાબ આપશો?'

પેલો તેના તરફ તાકી રહ્યો.

'તમે કશું બોલ્યા નહિ. હું ફરીથી કહું છું: 'હું માગું તેના જવાબ આપશો?'

'હા.' 'સાચા?'

'એટલે?' પેલાના ચહેરા પર અસ્વસ્થતાનાં ચિહ્ન દેખાયાં.

'જુઓ, ખોટું ન લગાડશો. મારે તમને થોડાક પ્રશ્નો પૂછવા છે અને તેના તમે તદ્દન સાચા જવાબ આપો એવી મારી ઇચ્છા છે.'

પેલો ઊભો હતો ત્યાં ને ત્યાં જ જડાઈ ગયો. તે કંઇક બોલવા ગયો પણ તેમ કરતાં અટકાવી દઇ પિટરે પૂછ્યું, 'તમારું નામ શું ?'

'મેઘજી.'

'મેઘજી કેવા ?'

'મેઘજી શામજી.'

'અટક ?'

'પરમાર.'

'અત્યારે ક્યાં રહો છો ?'

પેલાએ સરનામું આપ્યું.

'ખરેખર ત્યાં જ રહો છો ?'

'સાહેબ !'

'જુઓ, હું તમારું જરા પણ બૂરું કરવા નથી ઇચ્છતો, અને બૂરું થવા દેવા પણ નથી ઈચ્છતો, મને તમારા તરફ લાગણી છે-ઉપકારની કહો કે ગમે તે-અને તેથી જ હું પૂછું છું.'

'હું ખરેખર ત્યાં જ રહું છું.'

'તમે અત્યાર સુધીમાં શું કેવળ પ્રામાણિકપણે જ ધંધો કર્યો છે ?'

પેલાના મુખ પરથી લોહી ઊડી ગયું. હઠપૂર્વક તેના મુખ પર ચોંટેલી પિટરની આંખોએ તે નોંધ્યું. તેણે સહાનુભૂતિપૂર્વક કહ્યું, 'હું તમારી પરિસ્થિતિ સમજી શકું છું. તમારું જીવન જે સંજોગોમાં મુકાઇ ગયું હતું તે જોતાં લાગે છે કે કોઇક વાર-વધુ વખત નહિ તો કોઈક વાર-તમે અપ્રામાણિક બન્યા હો એવો સંભવ છે. અને માટે પૂછું છું.'

પેલાનું મસ્તક નીચું નમી ગયું.

'તો કોઈક વખત તમે અપ્રામાણિક-અથવા વધુ સ્પષ્ટતાથી કહું તો કાયદા બહારનું કામ કર્યું છે એમ હું માની લઉં તો તે ખોટું તો નથી ને?'

પેલાનું મસ્તક વધુ નીચું નમ્યું.

'જીવન કેવું વિષમ છે!' પિટર બબડ્યાં. પછી પેલાનો હાથ પોતાના હાથમાં લઈ દબાવતાં દબાવતાં કહ્યું, 'મને તમારા તરફ સહાનુભૂતિ છે. જુઓ, મારી એક વાત માનશો ! ઓછામાં ઓછા એક મહિના સુધી અહીં ન આવશો.'

પેલાના કપાળમાં પ્રસ્વેદબિંદુઓ જામી ગયાં. તેના હાથ-પગ પાણીપાણી થઈ ગયા.

'તમને હું નોકરીએ રાખવાનો એ ચોક્કસ. તમારા પર જે કંઇ આરોપ હશે તે કઢાવી નાખવા હું મારી સમગ્ર લાગવગ ખર્ચી નાખીશ. તમે મારો જીવ બચાવ્યો છે તે હું કદી નહિ ભૂલું. પરંતુ ઓછામાં ઓછા એક મહિના સુધી રાહ જોજો. પણ... પણ... આ એક મહિના સુધી તમે કરશો શું ? હા, લો.' પિટરે દસ રૂપિયાની નોટ કાઢી પેલાના હાથમાં મૂકી. 'અને આ મહિના દરમિયાન બીજી મદદ પણ કરતો રહીશ. માત્ર એક જ વિનતિ કે મહિના સુધી ઘરની બહાર ન નીકળશો. તમારું સરનામું તો સાચું છે ને ? નહિ તો પછી હું લાચાર બની જઇશ.'

પેલાએ પોતાની માનસિકસ્થિતિને ભીષણ પ્રયાસ કરી કાબૂમાં રાખી હકારાત્મક મસ્તક હલાવતાં ઓષ્ઠ ફફડાવ્યા. 'દયાળુ સાહેબ ! દયાળુ સાહેબ !'

'હવે તમે જાવ-જલદીથી જાવ.' પિટરે આતુરતાપૂર્વક કહ્યું. એક ક્ષણ સ્તબ્ધતાથી ઊભા રહી પેલો ધીમેધીમે ચાલ્યો ગયો. પિટર તેની પીઠ ભણી તાકી રહ્યો. પછી એક મોટો નિઃશ્વાસ નાખી લીન્ડા પાસે આવ્યો.

લીન્ડા મૂંઝવણ, આશ્ચર્ય અને અસ્વસ્થતાથી તેની આ બધી ચેષ્ટાઓ નીરખી રહી હતી. પિટર તેની પાસે આવીને બેઠો કે તરત જ તેના બન્ને હાથ પોતાના હાથમાં લઈ બોલી, 'પિટર ! આ બધું છે શું ?'

પિટરનું આખું શરીર જાણે ચમકી ગયું હોય એમ હલી ઊઠયું. તે વિચારતંદ્રામાંથી જાગ્યો. પૂછ્યું 'શું-શું કહ્યું તેં ?'

'હું એમ પૂછું છું કે આ બધું છે શું ?'

'હા, ચાલ, કહું તને.' પિટરે લીન્ડા સામે આંખોઆંખ મીટ માંડી. થોડી વાર કેવી રીતે શરૂઆત કરવી તે વિચારી રહ્યો. પછી આંખ મીંચકારી બોલ્યો, 'પણ તે પહેલાં એક ભયંકર કામ તારે કરવું પડશે.'

'શું બોલ્યો ?'

'ભૂલ્યો. ભયંકર નહિ, ન્યાયયુક્ત કામ કરવું પડશે.'

'ક્યું ?'

'પહેલાં વચન આપ કે એ કામ તું ખરેખર કરીશ.'

'પણ એ કામ તો કહે ?'

'વચન પહેલું, પછી કામ.'

'જો એ ખરેખર ન્યાયી હશે તો કરીશ.'

'અને નહિ તો ?'

'નહિ કરું.'

'હું જે કહેવાનો છું તે કામ અન્યાયી તો નથી જ.'

'તો કહે.'

'મને બે તમાચા મારી લે!'

'તમાચા !'

'હા અને તે પણ બે.'

'પિટર !'

'હમણાં થોડી વાર પહેલાં તેં જે પ્રશ્નો પૂછ્યા હતા તેના મેં અદ્ધર જવાબ આપ્યા હતા તે યાદ છે ને ?'

'હા.'

'અને તું ચિઢાઈ પણ હતી, ખરું ?'

'હા.'

'તો પછી એની શિક્ષા મારે સહન ન કરવી જોઇએ ?'

'ઓ—'

'નહિ તો મને ખાત્રી કેવી રીતે થાય કે મારા એ દુષ્કૃત્યની શિક્ષા પણ મળી ચૂકી છે અને—'

'અને—'

'—ક્ષમા પણ મળી ચૂકી છે ?'

લીન્ડાનો ચહેરો કૃત્રિમ રોષ અને અકૃત્રિમ હર્ષનું યુદ્ધસ્થાન બની ગયો. 'હવે એ બધી અરસિક રીતભાત છોડીને તું મૂળ વાત કરીશ કે નહિ ?'

'મૂળ વાત તો મેં તને કહી !'

'ઓ દુષ્ટ !'

'બીજું કંઈ વધુ ?' પછી પિટર હસી પડ્યો ત્યારબાદ ગંભીર બની કહ્યું, 'સૌથી પહેલાં તો ચિઠ્ઠી કોણે મોકલાવી તે કહું. તે પોલીસ ઈન્સ્પેક્ટર છે.'

'પોલીસ ઈન્સ્પેક્ટર ! એને અહીં શું કામ હતું !'

'એક શિકાર પકડવાનું.

'શિકાર ! ઓહ, સમજી.' લીન્ડા ખરેખર સમજવા લાગી. તેનું લોહી ઝપાટાબંધ વહેવા લાગ્યું. 'તું શું પેલા હમણાં ગયા એમની વાત કરે છે !'

'ત્યારે શું તારી કે મારી વાત કરું છું ?'

'એને પકડવાનું કંઇ કારણ ?'

'સંપૂર્ણ વિગત તો કેવી રીતે કહી શકું ? પણ તેં અને મેં બન્નેએ એની દુઃખી વાત સાંભળી છે—'

'હા.'

'અને તેથી હું માનું છું કે અતિશય પ્રતિકૂળ સંજોગોમાં એ માણસે એવું કામ કર્યું હોય કે જે કાયદા બહારનું હોય-ગુનાહિત હોય, અને તેથી પોલીસોને માટે એને પકડવાનું જરૂરી થઈ પડયું હોય.'

લીન્ડા સીધીસટ નજરે પિટરને જોઈ રહી. તેના મગજમાં ચાલતા બધા જ વિચારો તે સમજી ગઈ. પિટર તરફનો તેનો સ્નેહ અતિગુણિત થઈ ગયો. થોડી વારે તે બબડી, 'ત્યારે તો તેં એમને આ બાજુથી રવાના કરી દીધા તે સારું કર્યું. જેમણે તારો જીવ બચાવ્યો તેમને આપણા જ ઘરમાં, અને તે પણ આપણા જ બોલાવ્યા આવ્યા હોય ત્યારે, આપણી જ સામે પોલીસો પકડે તે સારું તો ન જ કહેવાય.'

પિટરનું મુખ આનંદ અને સંતોષથી ચમકવા લાગ્યું. 'લીન્ડા ! તું મને ખરેખર સાચી રીતે સમજી શકી છું.' (અનુ૦ પૃ. ૬૮મે)

ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ વિષે એક વધુ મનનીય લેખ

લેખક: ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ



કુમારના ડિસેમ્બર ૧૯૫૪ના અંકમાં ગુજરાતની આ શિલ્પ-સમૃદ્ધિ વિષે થોડુંક લખ્યું છે. નવેમ્બર ૧૯૫૪ના અંકમાં પણ એ અંગે થોડીક માહિતી આપી છે. આ હપતામાં ઉત્તર ગુજરાતના ઈડર રિયાસતના પ્રદેશમાંથી તથા સૌરાષ્ટ્રમાંથી મળેલાં ગુપ્તકાલીન શિલ્પોનો વધુ વ્યવસ્થિતરીતે વિચાર કરીશું.

તિબ્બતી લામા તારાનાથે પોતાના બૌદ્ધ ધર્મના ઇતિહાસમાં 'પ્રાચીન પશ્ચિમ ભારતીય કલા'નો જે ઉલ્લેખ કર્યો છે, અને જે કલાશૈલી મરુદેશના શાર્ઙ્ગધરે શરૂ કરી હતી એમ પોતે જણાવ્યું છે તે કલાની હસ્તી તો જરૂર સમજાય છે. કેમકે અન્ય કલાશૈલીઓથી જુદી પડતી આ વિશિષ્ટ કલાના ઘણા નમૂનાઓ મળે છે અને તારાનાથની હકીકત પાયા વિનાની નથી એમ પુરવાર કરે છે. શિરોહી રિયાસતના વસંતગઢ નામના પ્રાચીન સ્થાનમાંથી કેટલાંક વર્ષો પહેલાં જડેલા જૈન ધાતુ પ્રતિમાઓના એક સંગ્રહના અભ્યાસથી મને આ ખયાલ સૌ પ્રથમ આવ્યો હતો; અને તે પછી જડેલાં શિલ્પો તથા આકોટાનો ધાતુ-સંગ્રહ મળવાથી મારો એ ખયાલ વધુ બલવત્તર થયો હતો.



પણ એ કલાશૈલી કયારથી શરૂ થઈ? શાર્ઙ્ગધરનો સમય કયો? કોના રાજ્યકાલમાં એ થઈ ગયા? આ બધા પ્રશ્નોનો નિર્ણય હજુ પૂર્ણ સંતોષકારકરીતે થઇ શકયો નથી. ફક્ત એટલું સ્પષ્ટ જોઈ શકાયું કે પૂર્વ ભારતની પાલ શૈલીથી ભિન્ન, દક્ષિણની શૈલીઓથી પણ ભિન્ન એવી શૈલીના નમૂના મળે છે. ઉપરાંત આ શૈલી સોલંકી યુગનાં શિલ્પો ને ચિત્રોની પુરોગામી હોવા સાથે સદર નમૂનાઓથી ભિન્ન પ્રકારની છે.

ગુજરાતની સોલંકી યુગ પહેલાંની તવારીખ આપણે બરોબર વ્યવસ્થિત કરી શકયા નથી. એમાં ઘણી કડીઓ હજુ ખૂટે છે. એ સંજોગોમાં ખોદકામની જરૂર રહે છે, ખૂબ શોધખોળને અવકાશ પણ છે. રખડતા રવડતા શિલ્પના નમૂનાઓ ખોળી કાઢવાના પ્રયાસ થાય તો હજુ ઘણું મળી આવે એવો સંભવ છે. ઈ. ૧૯૪૭માં મારા મિત્ર ડૉ. ગોએત્સને લઈ હું દંતેશ્વર અને કપૂરાઈ આવી શોધ અર્થે ગયો હતો. ત્યાં કપૂરાઈ મુકામેથી શિવ-પાર્વતીનું એક અતીવ સુંદર ગુપ્ત-કાલીન શિલ્પ મળ્યું જે 'કુમાર'ના ડિસેમ્બર ૧૯૫૪ના અંકમાં પાછલા પૂઠામાં અંદરના ભાગે રજૂ કર્યું છે. આજે આ શિલ્પ વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત છે.

વડોદરાના ઉદ્યોગપતિ શેઠ આણંદલાલ હીરાલાલ ખુશાલચંદવાળા-એ પોતાના બગીચામાં વર્ષોથી પડેલું ભૈરવનું એક શિલ્પ વડોદરા મ્યૂઝિયમને ભેટ આપ્યું છે.

(ચિત્ર ૧) આ શિલ્પમાં શિવના ખરેખર કયા સ્વરૂપની મૂર્તિ (મૂર્તિશાસ્ત્ર–iconographyની દૃષ્ટિએ) છે તે તો મને સમજાયું નથી; પણ લકુલીશ પાશુપત સંપ્રદાયની કોઇ વિલુપ્ત પ્રણાલિકા અનુસારની તે અવશ્ય હોવી જોઇએ. આ શિલ્પમાં દેવતાના હસ્તનું ઘડતર કંઈક પ્રાકૃત (rough, crude) લાગે છે, પણ શિલ્પ ગુપ્તયુગની શરૂઆતનું–ચોથા સૈકાના અંતભાગનું કે પાંચમા સૈકાની શરૂઆતનું જ છે, કેમકે ગુપ્તયુગની વિશિષ્ટતાઓ આ શિલ્પમાં છે. દાખલા તરીકે, ગળામાં એકાવલિ મૌક્તિક માલા છે. વિશાળ ખભા અને વક્ષઃસ્થલ તથા સિંહ-

ચિત્ર નં. ૧ : શેઠ આણંદલાલના બગીચામાંથી મળી આવેલ ભૈરવની મૂર્તિ. ઉપર, ચિત્ર નં. ૨ : ઈ. સ. ચોથા-પાંચમા સૈકામાં ઘડાએલું એ જ શૈલીનું બીજું એક અર્ધકાય શિલ્પ. (ફોટો : ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ)

કટિ બનાવવાનો પ્રયાસ સ્પષ્ટ છે. ભૈરવાકૃતિ એ રુદ્રસ્વરૂપની આકૃતિ હોવાથી પણ શરીરનાં અંગો આપણને કદાચ રમણીય ન લાગે; પણ તેથી કંઈ એ શિલ્પની પ્રાચીનતા ઘટી શકતી નથી. મસ્તક ઉપરનો જટાભાર અને એની આગળની મુંડમાલા પણ આ શિલ્પને શૈવ સંપ્રદાયનું ઓળખાવવા માટે પૂરતાં છે.

પ્રાચીન અકોટાના (હાલ વડોદરાના) સયાજીગંજ વિસ્તારમાં સમાઈ ગએલા ભીમનાથ મહાદેવના મંદિરનું આ શિલ્પ છે. મૂળે ઇ.સ. પૂર્વે બીજા સૈકામાં પણ આ સ્થળે શૈવમંદિર હશે એમ ત્યાંથી મને જડેલા Mason Marks (શિલ્પ કે સ્થાપત્યમાં વપરાએલા પાષાણો પાછળ સલાટોએ જુદાજુદા અક્ષરોમાં કોતરેલી સંજ્ઞાઓ) પરથી એ પ્રતીત થાય છે. એ દેવાલયનો વખતોવખત જીર્ણોદ્ધાર થયો હશે કે નવેસર બંધાયું હશે. શ્રી આણંદલાલ શેઠનું નિવાસસ્થાન એથી બહુ દૂર નહિ હોવાથી ભૂતકાળમાં ત્યાંનાં શિલ્પો રખડતાં રવડતાં આજુબાજુ વેરાયાં હશે એમ અનુમાન કરી શકાય.

એવું જ એક બીજું શિલ્પ, જે અર્ધકાય જ મળ્યું છે તે પણ વડોદરા મ્યૂઝિયમમાં આ પહેલાં આવી ચડયું છે. એમાં કટિ નીચેનો ભાગ વિલુપ્ત થઇ ગયો છે. (ચિત્ર-૨) એ શિલ્પ પણ મારા અનુમાનનું પોષક બને છે; અને બંને શિલ્પોને ઈ. સ.ના ચોથા-પાંચમા સૈકામાં ઘડાએલાં માનવા પ્રેરાઉં છું.

ભૂતપૂર્વ ઈડર રિયાસતના પુરાતત્ત્વ અને કેળવણીખાતાના વડા શ્રી પંઢરીનાથ ઇનામદાર અને તેઓના મદદનીશ શ્રી દેવશંકરભાઇએ ખૂબ જહેમત લઈ ઈડર રાજ્યમાંનાં ઘણાં પ્રાચીન શિલ્પો એકઠાં કરી હિમ્મતનગરમાં એક મ્યૂઝિયમ બનાવ્યું હતું, તેમજ એ શિલ્પો અને ઈડરરાજ્યનાં પ્રાચીન સ્થાનો અંગે અંગ્રેજીમાં 'Some Archeological Finds in The Idar State' ને ગુજરાતીમાં 'ઈડર સંસ્થાનના કેટલાક પુરાતન અવશેષો' એ બે પુસ્તકો છેક ઈ. સ. ૧૯૩૭માં પ્રસિદ્ધ કર્યા હતાં. આ ગ્રંથોમાં ઈડર રિયાસતના શામળાજી તીર્થ પાસેથી મળેલાં શિલ્પો તરફ કમનસીબે વર્ષો સુધી કોઇએ બરોબર ધ્યાન આપ્યું નહિ. એના ફોટોગ્રાફ મેળવવા ઈ. ૧૯૪૦-૪૧માં હું ઈડર ગયો હતો, પણ તે મેળવી શકયો નહિ. વડોદરા મ્યૂઝિયમનાં ડિરેક્ટર ડૉ. ગોએત્સના ધ્યાન ઉપર આ વસ્તુ લાવતાં તેઓએ પોતાના સહકાર્યકર શ્રી દેવકરને ત્યાં મોકલ્યા. એમણે શામળાજી પાસે દેવની મોરીમાંથી કેટલાંક વધુ શિલ્પો શોધી કાઢી વડોદરા આણ્યાં. આ નવાં આણેલાં શિલ્પો ઉપર ડૉ. ગોએત્સે Journal of the Gujarat Research Society (Vol. XIV no. 1)માં લખેલો લેખ જોઈ જવા ભલામણ છે. એમાંના એક શિલ્પ ઉપર એક-બે અક્ષરો કોતર્યા છે અને 'વાયૂ' એવું વંચાય છે, તેમાં વકાર સ્પષ્ટ રીતે ગુપ્ત યુગનો છે. પણ એ શિલ્પોની શૈલીમાં કેટલીક વિશિષ્ટતાઓ જણાય છે તે ડૉ. ગોએત્સે ઉપર્યુક્ત લેખમાં ચર્ચી છે. શામળાજીમાંથી મળેલી ગણેશ-પ્રતિમા કે ભીલડીરૂપે પાર્વતીની ગુપ્તકાલીન પ્રતિમાઓને Baroque શૈલીની (બેડોળ કઢંગા ઘાટની) જણાવી એ શિલ્પોને ગુપ્તકાલના અંત પછીના, ગુપ્તકલાના અનુકરણમાં બનેલાં હોય એવી માન્યતા પેદા કરવા પ્રયાસ કર્યો છે. એમના એ મત સાથે હું સહમત થઇ શકતો નથી.*

પહેલાં આપણે ઈડર રાજ્યમાંથી મળેલાં ગુપ્ત-શિલ્પોનો પરિચય કરીએ. એમાંનાં મોટા ભાગનાં શિલ્પો શામળાજી અને તેની પાસે દેવની મોરી નામની જગાએથી મળેલાં છે.


ઈડર રાજ્ય અને શામળાજીનો પ્રાચીન ઇતિહાસ પૂરો ઉપલબ્ધ નથી. ઈડરના ગુહિલ રાજાઓ પોતાને મેવાડના બાપા રાવળના વંશજ માને છે. બાપા રાવળ શિવના પરમ ઉપાસક અને પ્રતાપી રાજર્ષિ હતા. એઓ ઈ. સ.ના આઠમા સૈકામાં થઇ ગયા, કાલ-ભોજ એ રાજા બાપા રાવળ જ હતા એમ મનાય છે. ગુહિલોત વંશના આદિ પુરુષ ગુહિલ નામક રાજા ઈ. સ. ૫૫૦ આસપાસ થઇ ગયા એમ કહી શકાય. ઉદેપુરની પશ્ચિમી સરહદ ઉપર અને ડુંગરપુરની નૈઋત્ય હદ ઉપર આવેલું ઈડર સંસ્થાન સ્વાભાવિક રીતે જ મધ્ય ભારતનાં સંસ્કારકેન્દ્રોથી સંકળાએલું રહ્યું હતું. ભાષા અને સંસ્કારની દૃષ્ટિએ ડુંગરપુર અને ઈડર તો આજ સુધી સંકળાએલાં રહ્યાં છે.

ઈડર સંસ્થાનની દક્ષિણ-પૂર્વ હદે, ડુંગરપુરની હદ તરફ, અને ભિલોડાથી અગ્નિકોણમાં ૧૨ માઈલ દૂર મેશ્વો નદીને કાંઠે શામળાજી નામનું યાત્રાનું સ્થાન છે. ત્યાં પ્રતિવર્ષ કારતક મહિનામાં મેળો ભરાય છે, જેમાં ભીલો ઉપરાંત બીજા વર્ણના હિંદુઓ પણ મોટા પ્રમાણમાં આવે છે. શામળાજી એ મુખ્યત્વે વૈષ્ણવ મંદિર છે અને પુરાણોમાં એને ગદાધર ક્ષેત્ર તરીકે ઓળખાવવામાં આવ્યું છે. પણ અહીં મળી આવતા શિવમંદિરોના અનેક અવશેષોથી માલુમ પડે છે કે એક સમયે અહીં શિવપૂજા અગત્યનો ભાગ ભજવતી હશે. આ સ્થળ અંગે શ્રી. પંઢરીનાથ ઇનામદારે લખ્યું છે કે, '૧૦૩૪ના જાન્યુઆરી માસમાં શામળાજીની ટેકરીની કરાડોમાંથી માતૃકા અને બીજાં દેવદેવીઓની છઠ્ઠી અને સાતમી સદીની ઘણીક મૂર્તિઓ હાથમાં આવેલી તે ઉપરથી આ સ્થળ ખૂબ પ્રાચીન હોય તેમ જણાય છે. ૧૯૩૫ના નવેમ્બર માસમાં કોઇ પુરાતન રાક્ષસનાં અથવા પ્રાણીનાં હડપચીનાં હાડકાં, એક ખભાની હાંસડી, પાંસળીના ટુકડા વગેરે બાજુના દેવની મોરી નામના ગામ પાસેથી મળી આવ્યાં છે, અને જો કોઇ વિદ્વાન આ અસ્થિઓને ઓળખી શકે તો આ સ્થળના સમય પરત્વે નિર્ણય કરવામાં બહુ મદદરૂપ થાય.' હજુ આ અસ્થિઓ પરત્વે ધ્યાન અપાયું નથી એ ઘણું શોચનીય ગણાય.

નડિયાદથી કપડવણજ રસ્તે બસમાં થઈ, બાયડ અને મોડાસા રસ્તે આગળ જઈ શામળાજી જવાય છે. પણ વરસાદમાં આ રસ્તો બંધ થાય છે. અમદાવાદથી પ્રાંતિજ લાઈન પર હિમ્મતનગર સ્ટેશને ઊતરી ત્યાંથી ૩૨ માઈલ મોટર-રસ્તે પણ ત્યાં જવાય છે. જોકે શામળાજી પાસેની મેશ્વો વરસાદમાં બહુ તોફાની થઈ જવાથી વર્ષાઋતુમાં એ રસ્તો પણ વિકટ બની જાય છે.

આ શામળાજી ઘણુંખરું એક જૂના મોટા વ્યાપારી માર્ગ—વણઝાર રસ્તા ઉપર આવેલું હતું, જે રસ્તો મધ્યભારતના મંદસોર (પ્રાચીન દશપુર) અથવા કોટા પ્રદેશમાં ડુંગરપુર રસ્તે થઇ ઈડર સંસ્થાના આ ભાગમાં થઇ, મોડાસા કે બાયડ થઇ કપડવણજ (પ્રાચીન કર્પટવાણિજ્ય), કઠલાલ, નડિયાદ વગેરે ખેટકમંડલનાં સ્થળોએ થઈ ભરૂચના પ્રાચીન બંદરે જતો હશે. ઈડર પ્રદેશમાંથી સંસ્કાર અને કલા પશ્ચિમી રસ્તે સૌરાષ્ટ્ર તરફ ફેલાયાં હશે અને વાયવ્ય રસ્તે પ્રાચીન અર્બુદમંડલ

*આ પછી મારા મિત્ર ડૉ. મંજુલાલ મજમુદાર ઈડરના કલેક્ટરની સહાયથી હિમ્મતનગરનાં શિલ્પોના કેટલાક ફોટો મેળવી શકયા. આ ફોટામાંનાં શિલ્પો શ્રી ઇનામદારના પુસ્તકમાં તો છે જ, પણ ચર્ચા-અભ્યાસ કરતી વખતે કે લેખ લખતી વખતે ફોટા વિના આવાં વિવેચન સરળતાથી કરી શકાતાં નથી. એટલે ડૉ. મંજુલાલે મને આપેલા ફોટા ઉપરથી ઈ. સ. ૧૯૪૯માં અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદમાં એ રજૂ કરવાનું, તેમજ ત્યાર પછી Journal of Indian Museums, Vol. VIIIમાં તેમાંનાં કેટલાંક ચિત્રો છપાવવાનું સરળ થયું. આ પછી હિમ્મતનગરથી બધાં જ શિલ્પો ૧૯૫૨માં વડોદરા મ્યૂઝિયમમાં આણવામાં આવ્યાં ત્યારે મ્યૂઝિયમના ડિરેક્ટર ડૉ. ગોએત્સે એ બધાંના નવા ફોટા પાડવાની સગવડ કરી આપી, જેથી હું મારું મન્તવ્ય Journal of the Indian Museums, Vol. IX (1953)માં રજૂ કરી શકયો છું. આ બેઉ મિત્રોનો હું ઋણી છું.



તરફ પણ ફેલાયાં હશે. શામળાજી અને દેવની મોરી, ખેડબ્રહ્મા અને ટીંટોઈ વગેરે સ્થળોએથી મળેલાં શિલ્પો માટેની 'મરકત શિલાઓ' (મરકત મણિ નહિ પણ એના જેવા રંગના પાષાણ જેને અંગ્રેજીમાં Schist કહે છે) બાજુના ડુંગરપુરના પ્રદેશમાંથી મળતી.

શામળાજી એક પહાડીના ઢોળાવ ઉપર આવેલું છે ને ત્રણ બાજુએ મેશ્વો તથા વરસાદમાં એના વહેળાઓ એને પહાડીને તળિયે ઘેરી વળે છે. એની બાજુમાં જ પહાડી ઉપર આવેલી દેવની મોરીમાંથી જેને ડૉ. ગોએત્સ Barbaric–પ્રાકૃત અથવા જંગલી શિલ્પો ગણાવેલાં તે શિલ્પો તેમજ માતૃકાઓની પ્રતિમાઓ (જે ઘણી સુંદર છે) વગેરે ઉપલબ્ધ થએલાં. આ શિલ્પોમાં મધ્યએશિયાની હિંદમાં આવેલી પ્રજાઓની છાયા સ્પષ્ટ છે અને એથી જ ડૉ. ગોએત્સને એને બર્બર કહેવાનું મન થયું હતું.

હાલનું શામળાજીનું મંદિર ઈ. સ.ના આશરે બારમા સૈકાનું–અને પાછળથી જીર્ણોદ્ધાર પામેલું વૈષ્ણવ મંદિર છે. પણ આજુબાજુની ઝાડીમાં સોલંકી, ગુર્જર પ્રતિહાર અને અન્ય યુગના અવશેષો છે, તેમજ દેવની મોરીમાં પણ ગુપ્તયુગનાં મકાનોના અવશેષો છે એમ ડૉ. ગોએત્સની નોંધમાં પણ જોવા મળે છે.

પુરાણોમાં આ તીર્થ 'ગદાધર ક્ષેત્ર' તરીકે જાણીતું થએલું. આ સ્થળે આવેલાં પહાડોનાં ત્રણ શૃંગો ઉપરથી એ 'ત્રિશૃંગ' નામથી પણ પ્રખ્યાત થએલું. પુરાણોમાં ત્રિકૂટનો ઉલ્લેખ આવે છે અને નાસિક પ્રદેશને પણ ત્રિકૂટ પ્રદેશ માનવામાં આવે છે. શામળાજીના પ્રદેશ માં તો ભવિષ્યની શોધખોળ તથા ખોદકામ વિના ઝાઝાં અનુમાન દોરવાં મુશ્કેલ છે, છતાં એ પ્રદેશમાં શોધખોળ તથા ખોદકામ જલદી શરૂ થવાં જોઇએ એવું મારું નમ્ર સૂચન છે.

અમુક પ્રદેશમાં અમુક યુગમાં રાજકીય, સામાજિક, ધાર્મિક કે સાહિત્ય અને કલાનાં ક્ષેત્રોમાં ઉન્નતિ કે અવનતિ લગભગ એકસાથે જ આવે, કેમકે પ્રજાની પ્રગતિમાં આ બધાં ક્ષેત્રો પોતપોતાનો ભાગ ભજવે છે. એટલે ગુપ્ત-કાલમાં કલાવિષયક પ્રગતિ ગુજરાતે કરી હતી એવું લાગે તો તે વખતે ગુજરાત કેવું સંસ્કાર-કેન્દ્ર હતું તે તપાસવું જોઇએ. આ તરફ બહુ લક્ષ અપાયું નથી. મારા મિત્ર ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ મૈત્રક સમયના ગુજરાત અંગે સારું સંશોધન કરેલું છે અને તે મૂળ અંગ્રેજી મહાનિબંધ લખ્યા પછી હમણાં તેઓ એને વધુ વિસ્તૃત કરી ગુજરાતીમાં બહાર પાડે છે. આ સિવાય (તેમજ મૈત્રકોનાં તામ્રપત્રો ઉપરથી વર્ષો પહેલાં ડૉ. સિલ્વા લેવીએ ફ્રેંચ ભાષામાં લખેલા લખાણમાંની ખૂબ ઝીણવટભરી તારવણી સિવાય) ગુજરાત અને પશ્ચિમી હિંદની પ્રાચીન સંસ્કૃતિ અંગે જોઇએ તેટલું મહત્ત્વનું ખેડાણ થયું નથી, 'બુદ્ધિ પ્રકાશ'ના ઑક્ટોબર ૧૯૫૨ના અંકમાં 'ગુજરાતના કેટલાક પ્રાચીન પંડિતો' એ લેખમાં આવો એક પ્રયાસ કરવામાં આવ્યો છે. તદુપરાંત 'વલભીની વિદ્યાપીઠ' અંગે પણ લખાયું છે. મૈત્રકોના એક ત્રાંબાના દાનપત્રમાં(ધરસેન બીજાનું, સંવત ૨૬૯નું : જુઓ ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૧લો, પૃ. ૯૦-૯૪) એક વિહાર સાથે વિખ્યાત બૌદ્ધ પંડિત સ્થિરમતિનું નામ જોડવામાં આવ્યું છે. જે સમયમાં આ દાનપત્ર આપવામાં આવ્યું છે (ઇ. સ. ૫૮૭ આશરે) તેથી કંઇક પહેલાં ભદન્ત સ્થિરમતિ થઈ ગયા, અને તેઓ વસુબન્ધુના શિષ્ય મનાય છે તે ઉપરથી તેઓનો સમય ગુપ્તયુગમાં મૂકવો જોઇએ.*

ચંદ્રગુપ્ત-બીજા વિક્રમાદિત્ય-ના ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ સ્કન્દસ્વામીએ ઋગ્વેદ ભાષ્ય અને નિરુક્ત ઉપર ટીકા લખેલાં છે. આ નિરુક્ત ટીકાકાર સ્કન્દસ્વામી મૂળ વલભીના હતા. અને તેમના શિષ્ય હરિસ્વામી પુષ્કર પ્રદેશના હતા. નિરુક્તના ટીકાકાર ભગવદ્દુર્ગ સ્વામી નર્મદા પ્રદેશમાં આવેલા જમ્બૂમાર્ગાશ્રમ (જંબુસર)ના રહીશ હતા અને ઈ. સ.ના પહેલાથી ત્રીજા સૈકા આસપાસમાં થઈ ગયા.× આ બધું સૂચવે છે કે નર્મદાથી પુષ્કર સુધીના આખા યે પશ્ચિમ હિંદના પ્રદેશમાં ઇ.સ.ના પહેલા સૈકાથી છઠ્ઠા સૈકા સુધી સારા સારા વિદ્વાનો થઈ ગયા. ઉપરાંત, ક્ષત્રપ રાજવી રુદ્રદામને ગિરનાર પાસે પહાડ ઉપર ઇ.સ.ના બીજા સૈકામાં કોતરાવેલો શિલાલેખ સંસ્કૃત કાવ્યમાં છે. આ લેખો પ્રજા વાંચી શકે એવી ભાષા અને લિપિમાં કોતરાવવામાં આવતા. એટલે આ લેખ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ પ્રદેશની પ્રજા સંસ્કૃત ભાષા અને સાહિત્યથી સુપરિચિત હતી. ઈ. સ.ના ચોથા સૈકામાં વલભીમાં સ્થવિર આર્ય નાગાર્જુનના પ્રમુખપદે જૈન આગમોની એક વાચના તૈયાર કરવા મળેલી. પછી પાંચમા સૈકામાં શ્રી. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપદે ફરી જૈન આગમોની વાચના થઈ. અહીં જ સમર્થ તાર્કિક શ્રીમલ્લવાદિસૂરિએ બૌદ્ધ પંડિતને વાદમાં હરાવ્યા. આમ, વલભી સંસ્કૃત, પાલી અને અર્ધમાગધી ભાષા તથા સાહિત્યના પંડિતોનું કેન્દ્ર હતું અને મૈત્રકોના સારાયે રાજ્ય અમલમાં ચાલુ રહ્યું હતું.

એ વલભીથી મળેલાં ગુપ્તકાલીન શિલ્પો અને ઈડરનાં શિલ્પો એક જ કલાશૈલીનાં છે એ આપણે આગળ જોઈશું. ઈડર પ્રદેશ પણ સંસ્કારે અને કલાક્ષેત્રે સારો આગળ વધેલો હશે જ. એટલે ગુજરાત–કાઠિવાડમાંથી આપણને ઈ.સ.ના પહેલા સૈકાથી આરંભીને શિલ્પ સ્થાપત્યો મળવાં જોઇએ. આવી થોડી સામગ્રીની નોંધ 'કુમાર'ના

* વલભી વિદ્યાપીઠ વિષે વધુ જાણવા માટે જુઓ, 'અખંડઆનંદ' ડિસેમ્બર ૧૯૫૪.

× જુઓ બુદ્ધિપ્રકાશ, ઑક્ટોબર ૧૯૫૨ના અંકમાં 'ગુજરાતના કેટલાક પ્રાચીન પંડિતો' વિષેનો આ લેખકનો લેખ: જેમાં ઉપરના કેટલાક પ્રાચીન વિદ્વાનો અંગે વિસ્તારથી ચર્ચા કરી છે.



માતા અને શિશુ: શામળાજી પાસે 'દેવની મોરી'માંથી મળેલું આશરે પાંચમા-છઠ્ઠા સૈકાનું શિલ્પ. વિસ્તૃત વર્ણન ઉભમાં વાંચો.

ડિસેંબર ૧૯૫૪ના અંકમાં પૃ. ૪૯૬ પર નોંધી છે. ભિન્નમાલની વિષ્ણુની પ્રતિમા જે ચિત્ર નં.૧ રૂપે એ અંકમાં પૃ. ૪૯૬ ઉપર રજૂ થઈ છે તેમાં વિષ્ણુના મુકુટની બે બાજુએ અગ્નિ-જ્વાળા બતાવી છે, જ્યારે મુકુટના આગલા ભાગ ઉપર બે પટ્ટીઓની ચોકડી પાડી વચમાં ગુલાબના ફૂલની આકૃતિનું અલંકરણ મૂકયું છે. જરીની કે ભરતની આવી શોભા મૂળ મુકુટમાં તે જમાનામાં થતી હશે. આવી આડીઅવળી પટ્ટીઓનાં અલંકરણવાળા અને આ મુકુટને મળતા મુકુટ સાથેનું એક મસ્તક મથુરામાંથી મળેલું. જે મથુરાના સંગ્રહાલયમાં સુરક્ષિત છે, અને કલાશૈલીની દૃષ્ટિએ ઈ.સ.ના બીજા-ત્રીજા સૈકાનું ગણાય છે. ભિન્નમાલના એ શિલ્પમાં વિષ્ણુના હસ્ત અને આયુધોની રચના પણ મથુરાની કેટલીક પ્રાચીન વિષ્ણુપ્રતિમાઓને મળતી આવે છે, તેમજ કમરબંધ નીચેથી દોરડા જેવી પછેડી (?) બતાવી છે તે પણ મથુરાની કુશાણયુગની પ્રતિમાઓ સાથે સરખાવી શકાય છે. આ બધું જોતાં, એ પ્રતિમા પશ્ચિમ હિંદમાં ક્ષત્રપોના યુગથી (જેઓ કુશાણોના સમકાલીનો અને પરદેશી શકો હતા) બહુ પાછળની ન હોઈ શકે. ગળામાં દર્શાવેલી એકાવલિ મૌક્તિકમાલા તેમજ કમરે બાંધેલી રેશમી કે જરીઆત પટ્ટીની ગાંઠની રચના વગેરે જોતાં આ પ્રતિમા ગુપ્તકાલીન પ્રતિમાઓમાં જણાતી અસર પણ ધરાવે છે એટલે ઈ.સ.ના ચોથા સૈકાના અંતમાં તે બની હશે.

શામળાજી–દેવની મોરીમાંથી પ્રાપ્ત શિવ–વીરભદ્ર(?)ની પ્રતિમા ૩૭૨મા અંકમાં ચિત્ર નં. ૩ રૂપે રજૂ કરી છે, તેમાંની એકાવલિ મૌક્તિક-માલા ભિન્નમાલના વિષ્ણુના ગળામાંની માળા કરતાં પણ વધુ સુંદર છે; શરીરનાં વિવિધ અંગો પણ વધુ સુરેખ અને રમ્ય છે; અને એથી એ શિલ્પ ગુપ્તયુગનાં શિલ્પોનો એક ઉત્કૃષ્ટ નમૂનો બને છે. શિવના ઘૂટણ નીચેથી પગની પાની સુધીના ભાગનું ઘડતર સમજવા જેવું છે. ઘૂંટી નજીક પગનો છેડો વધુ પાતળો નથી થતો, પણ અને તેથી ઘૂંટણ અને પાની વચ્ચેનો ભાગ લગભગ એકસરખો ગોળ, ખરાદીએ કતારેલા લાકડાની વળી જેવો દેખાય છે. આ પછીનાં શિલ્પોમાં ઘૂંટી આગળથી પગ સહેજ પાતળો થઈ વધુ સુંદર અને વાસ્તવિક (realistic) બને છે. શામળાજીના શિવની પ્રતિમામાં, ભિન્નમાલના વિષ્ણુની પ્રતિમામાં, કે એ જ અંકમાં ચિત્ર નં. ૧૦માં મૂકેલી કૌમારી માતૃકાની પ્રતિમામાં બાજુબંધ તરીકે (કડા તરીકે નહિ) રજૂ થએલું અલંકરણ સોનાની પટ્ટીમાં બે સમાન્તર લીટી વચ્ચે ગોળ મણકાની ભાત પાડેલું છે. અલંકરણની આ શૈલી પ્રાચીન ભારતીય અલંકરણોમાં બહુ પ્રચાર પામેલી લાગે છે. દાખલા તરીકે વીરભદ્ર શિવના નંદિના મસ્તકે એવી જ રીતની પટ્ટી બાંધેલી છે. બાજુબંધ રૂપે રજૂ થએલા આ અલંકરણમાં પાછળથી એક જુદી ભાત ઉમેરાઈ છે. તે ગયા અંકમાં ચિત્ર નં. ૫ રૂપે રજૂ થએલું જીવંતસ્વામીની ધાતુપ્રતિમાનું ચિત્ર જોવાથી સમજાશે. અહીં પેલી મણકા ઘાટની પટ્ટી ઉપર દર્શનના ભાગે એક લંબગોળ ગવાક્ષ (chaitya-window) અને એની આજુબાજુ નાની વેલપટ્ટી રચી બાજુબંધ બનાવ્યો છે. આ શરૂઆત પશ્ચિમ ભારતીય કલામાં પહેલાં શરૂ થઈ હોય એમ લાગે છે. જોકે એને મળતા કંઈક ભિન્ન રૂપના અલંકાર દેવગઢની અનંતશાયી વિષ્ણુ-મૂર્તિ (જુઓ કુમાર, નવેમ્બર ૧૯૫૪ પૃ. ૪૩૯) તેમજ મથુરાની વિષ્ણુપ્રતિમા (કુમાર, નવેમ્બર ૧૯૫૪ અંક પાછલા પૂઠા ઉપર) જોવા મળે છે. દેવગઢની અનંતશાયી વિષ્ણુની પ્રતિમાના શિલ્પમાંની અન્ય આકૃતિઓના બાજુબંધોમાં, શામળાજીની શિવ-પ્રતિમાના બાજુબંધ જેવા બાજુબંધો મળે છે. જ્યારે વિષ્ણુના ખભા ઉપર લટકતી રજૂ કરેલી કેશોની લટો અકોટાના જીવન્તસ્વામીના કેશની લટો સાથે સરખાવી શકાય તેમ છે. આ બધાં કારણોથી સ્પષ્ટ છે કે અકોટાની જીવન્તસ્વામીની પ્રતિમા પણ ગુપ્તકાલીન જ છે.

કુમારના ડિસેમ્બર અંકમાં ચિત્ર નં. ૮ તરીકે રજૂ થએલું 'માતા અને શિશુ'નું ખંડિત શિલ્પ, જે શામળાજી–દેવની મોરીમાંથી મળેલું તે એક બહુ જ સુંદર શિલ્પ છે. (આ સામે તેની મોટી પ્રતિકૃતિ ફરીથી આપી છે.) પહેલાં તો એની કેશરચના સુંદર છે. આગળના ભાગમાં કપાળ તરફ આવતી લટો દક્ષિણાવર્ત ગૂંચળાંવાળા વાળવાળી છે. જ્યારે મસ્તકના મધ્ય ભાગ પર અંબોડો ગૂંથી એની આગળના ભાગે ચક્રાકૃતિ પદક અથવા ચંદ્રક ગોઠવ્યો છે. આવા સોનેરી પદકના બે છેડેથી કોઇ બીજી સોનેરી ભાતીગર પટ્ટી નીકળી આખા કેશકલાપને બાંધતી લાગે છે.

જમણા કાનની પાછળ કોઇ સુંદર વેલની ડાંખળી ખોસી છે. કાનને છેડે મોટું કુંડળ અને ઉપર મણિયુક્ત વાળી પહેરી છે. ખભા ઉપર લટકતી કેશાવલીનાં ગૂંચળાં તો જીવન્ત સ્વામીની પ્રતિમાના જેવાં જ છે. ગળામાં એકાવલી મણિમાલા કે મૌક્તિકમાલા છે. સ્તનયુગલ ઘન ને પરિપુષ્ટ હોઈ એકમેકને અડકી આખા ઉરઃસ્થલને ભરી દે છે. ગુપ્તકાલીન કલાની આ લાક્ષણિકતા છે. ભરાવદાર સુંદર મુખ, કંઈક વિચારમાં સંકોચાએલી ભ્રમરો, માતાના કુંડળને ખેંચી રમતા કેડે લીધેલા બાળકનું રમતિયાળ મુખ વગેરેથી આ શિલ્પ ખૂબ સજીવ બની ગયું છે.

અંબોડા આગળ આ રીતે સુવર્ણપટ્ટીની વચમાં ચક્ર ઇત્યાદિની જુદીજુદી નિશાની-ભાતો-વાળા અલંકારો, ગાંધાર-શિલ્પોમાં ત્રીજા ચોથા સૈકા સુધી મળે છે. એવી જ રીતે જૈન સાહિત્યમાં જુદાજુદા દેવતાઓના મુકુટમાં સર્પ, નકુલ, ચક્ર ઇત્યાદિની નિશાનીનાં વર્ણનો મળે છે. એ બધું જોતાં આ અલંકારની શૈલીની પ્રાચીનતા સ્પષ્ટ છે. કાન ઉપરની વાળી તો આજે પણ સૌરાષ્ટ્રમાં પ્રચલિત છે, ગુજરાતમાં જોકે એ પ્રથા ઓછી થઈ ગઈ છે. કાન પાછળ વાળમાં ખોસેલી ડાંખળી તો ગાંધાર અને કુશાણકાલીન મથુરાનાં શિલ્પોમાં નજરે પડે છે જ. સંભવ છે કે એ શિલ્પ કોઇ માતૃકાની મૂર્તિનો પણ ભાગ હોય, જો કે નીચેનો ખંડિત ભાગ મળ્યો ન હોવાથી ચોક્કસ કહી શકાય નહિ.

'માતા અને શિશુ'ની બીજી કેટલીક પ્રતિમાઓ પણ ઈડર રિયાસત અને આજુબાજુના પ્રદેશમાંથી મળેલી છે. એ જ મરકત શિલાની ઘડાએલી માતા અને શિશુની બે પ્રતિમાઓ શામળાજી પાસેથી આણેલી, વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત છે. જુઓ આકૃતિ ૩ તથા ૪. આ પ્રતિમાઓમાં નં. ૩માં માતાનો જમણો હાથ પકડી બાળક ઊભું છે. જ્યારે આકૃતિ નં. ૪માં માતાએ બાળકને કેડે તેડયું છે. બંને આકૃતિઓમાં ગુપ્તકાલીન શિલ્પોની એક વિશિષ્ટતા સ્પષ્ટ છે. એ છે અત્યંત બારીક વસ્ત્ર. સુરુચિનો ભંગ કર્યા સિવાય બારીક વસ્ત્રોનો નિર્દેશ કરતા આવા ઉત્કૃષ્ટ નમૂનાઓ જોવા હોય તો ગુપ્તકાલીન બુદ્ધ પ્રતિમાઓ જોવી. કુમારના ૩૦૧મા અંકમાં સુલતાનગંજથી મળેલી બૌદ્ધ ધાતુપ્રતિમામાં પણ એ જ વિશિષ્ટતા છે. આકૃતિ નં. ૩માં વસ્ત્ર કંઈક વધુ પડતું પારદર્શક બતાવ્યું છે, પણ આકૃતિ નં. ૪ માં તો તે નથી. કુશાણ સમયનાં મથુરાથી મળેલાં શિલ્પોમાંની યક્ષિણીઓ તો જાણે નગ્ન જ કોતરી લાગે, વાસ્તવમાં એમણે પણ અત્યંત બારીક વસ્ત્ર ઘણી વખત પહેરેલું દેખાય છે. 'માતા અને શિશુ'ની બતાવેલી એ બે કૃતિઓમાં નં. ૪ વાળી કોઇ દેવીની પ્રતિમા લાગે છે, જમણા હાથમાં આમ્રલુંબી કે એવું કંઈક હશે એમ લાગે છે, સંભવતઃ એ કમલ હશે. આકૃતિ નં. ૩માં માતાના મસ્તકે ઓઢેલી પછેડી–ઓઢણી નોંધવા લાયક છે. એ શિલ્પમાં વસ્ત્ર ડાબી તરફ સુંદર fold (વલ્લીઓ) માં એકઠું થયું છે, જે શૈલી ગાંધાર શિલ્પોમાં અને અન્ય ગુપ્તકાલીન શિલ્પોમાં નજરે પડે છે.

આ આકૃતિઓ કૃષ્ણ-યશોદાની, સ્કન્દ-અંબિકાની કે કોની છે તે નિર્ણય કરવો મુશ્કેલ છે. માતૃકાઓની પ્રતિમાઓમાં, માહેશ્વરી, બ્રહ્માણી, વારાહી, કૌમારી, ચામુંડા, વૈષ્ણવી ઇત્યાદિમાંથી કોઇ હોય એ શક્ય લાગતું નથી. સાથે કોઇ વાહન નથી અને આકૃતિ ૩માં તો નહોતું જ. આકૃતિ ૪ ખંડિત હોવાથી કદાચ વાહન હોય તો તેનો પુરાવો આજે મળે તેમ નથી. પણ આયુધ વગેરે કોઈ સાધન નથી, જે આ પ્રતિમાઓને સપ્ત માતૃકાઓમાંથી કોઈ માતૃકા તરીકે ઓળખવામાં કામ લાગે.

આકૃતિ ૩ કૃષ્ણ-યશોદાની હોઈ શકે, પણ આકૃતિ ૪માં તો જમણા હાથમાં કદાચ કમલ હશે. એ આકૃતિ અને માતૃકાપૂજા સ્વતંત્ર ચર્ચા માગી લે છે. અહીં તો ટૂંકમાં એટલું જણાવીશું કે કુશાણ યુગમાં માતા અને બાલકની આકૃતિઓ જુદાજુદા રૂપે મળે છે. આમાંની કેટલીકને ભદ્રા ઇત્યાદિ નામોથી ઓળખવા પ્રયાસ થયા છે. એ આકૃતિઓ કોઈ પ્રકારની યક્ષિણીઓની હશે. માતૃકાપૂજા અથવા વાસ્તવમાં કહો કે માતૃ-પૂજા (Mother Goddess worship) શક્તિપૂજા એ તો બહુ જ પુરાણા જમાનાથી તેમજ અનેક પ્રજાઓ અને દેશોએ અપનાવેલી વસ્તુ છે. એ જુદાજુદા સમયે જુદાજુદા સ્વરૂપે–સમય પ્રમાણે જુદાજુદા સ્વરૂપ લેતી શક્તિપૂજા ચાલતી જ આવે છે. વેદકાલીન અદિતિ, ઈડા-ઈલા, શ્રી, ઇત્યાદિ દેવીઓ આજે યે હિન્દુ ધર્મમાં એક યા બીજા રૂપે પૂજાય છે. ખ્રિસ્તી ધર્મમાં મેરી અને ઈસુની–Maddonaની પૂજા એ અતીવ પ્રાચીન માતૃપૂજાનો આવિ-





ચિત્ર નં. ૩ અને ૪: નંદા અથવા ભદ્રા–શામળાજી · છઠ્ઠો સૈકો · ફોટો · ઉમાકાન્ત પ્રે. શાહ. જમણી બાજુ: નંદા કે ભદ્રા અથવા યશોદા–શામળાજી ઈ. સ. છઠ્ઠો સૈકો · ફોટો : વડોદરા મ્યુઝિયમના સૌજન્યથી.

ષ્કાર છે. આપણે આજે ભવાની ને ગણેશની પૂજા કરીએ છીએ; આવી જ એક અતિ પ્રાચીન માતાનું નામ છે Nania જે જૂની ઈરાનિયન માતૃ છે. આર્યો અને ઈરાનિયનોના પ્રાચીન સંબંધો જાણીતા છે, એક જ વૃક્ષની બે શાખાઓ જેવા આર્યો અને ઈરાનિયનોનો પ્રાચીન સંબંધ છે અને વખતોવખત ભારતની વાયવ્ય સરહદેથી ભારતમાં આવતી જાતિઓએ આ દિશામાંથી ત્યાંની સંસ્કૃતિની અસર ભારતમાં આણી છે. Nania એક એવી પ્રાચીન દેવી છે, જેનું સંસ્કૃત રૂપ છે નન્દા-દેવી. આ દેવી અતિ પ્રાચીન છે. ભારતમાં ઘણે સ્થળે આ નન્દાની પૂજા થતી. લિચ્છવીઓની કુલદેવી નન્દા હતી ને એની હારીતિ (જે એક Mother Goddess માતૃકા છે, અને બૌદ્ધ ધર્મમાં ખૂબ પ્રચલિત છે, તથા જે બાલકોનું ભક્ષણ કરતી પણ મનાઇ છે, જેની અનેક પ્રકારની પ્રતિમાઓ મળે છે તે) એક પરંપરા મુજબ, મૂળ આ નન્દાદેવી હતી એમ ગણાય છે. આમ વાસ્તવિક રીતે, મારા નમ્ર મત પ્રમાણે બૌદ્ધ હારીતિ, હિન્દુ અંબિકા અને જૈન અબિકા એ બધાંયના મૂળ સ્વરૂપ આ Nania છે. એ Nania અથવા એનું પાછળનું સ્વરૂપ નન્દાની આ બેઉ આકૃતિઓ (નં. ૩ ને ૪) હોય તો અસંભવિત નથી.

કુશાણકાલીન 'માતા અને શિશુ' આકૃતિઓમાંથી કેટલીક આ નન્દા, ભદ્રા, હારીતિ, અંબિકા કે પૂતનાઓ હોય અને એ બધી યે ભિન્નભિન્ન દેવીઓ વગેરે બ્રાહ્મણ ધર્મમાં નવું સ્વરૂપ પામી ઈ. સ.ના ત્રીજા-ચોથા સૈકામાં (ગુપ્ત યુગમાં, જ્યારે પરદેશીઓને હઠાવી, બ્રાહ્મણ ધર્મ-હિન્દુ સંસ્કાર અથવા વૈદિક અને ભાગવત ધર્મનું પુનરુત્થાન, વગેરે થયાં ત્યારે) સપ્તમાતૃકાઓની નવીન કલ્પના પ્રચલિત ને દૃઢ થઈ, ને ખૂબ ફેલાઇ. મારા મતે બ્રહ્માણી, ઐન્દ્રી, વારાહી, કૌમારી ઇત્યાદિ માતૃકાઓની કલ્પના ઈ.સ.ના ત્રીજા સૈકાથી જૂની લાગતી નથી.

ઈડર રિયાસતની હદની નજીકમાં જ, સાબરમતીને સામે કાંઠે, વીજાપુર તાલુકાનું મહુડી ગામ છે. આ મહુડી–જૂની મહુડીમાં કોટયર્કનું પ્રાચીન મંદિર સાબરમતીને કાંઠે જ ભેખડ ઉપર આવેલું છે. આજે

(અનુસંધાન માટે જુઓ પૃ. ૬૫મે)

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આત્મકથા

[૬૨]



હરદ્વાર, અને એનો આ આસ્થિકુંડ. મનમાં ઉદ્વેગ, સંતાપ, દુઃખ હોય એવી અસ્વસ્થ દશામાં અસ્થિ પધરાવવાનું કાર્ય કોઈ ગંભીર અને ગૌરવભરી રીતે થવું જોઈએ, વાતાવરણમાં શાંતિ હોવી જોઈએ. એને બદલે આ ધસમસતી વહેતી ગંગા, એમાં નાનકડો બાંધેલો કુંડ, ત્યાં અસ્થિ પધરાવવા માટે તલપી રહેલાં ઢગલાબંધ ઝાપટિયાં, હોહા અને ગરબડ સરબડ, અસ્થિ પધરાવવાની વિધિનો વેપાર, એના ભાવતાલ, એની રકઝક; જેને હું ઓળખતો નથી, જે મને ઓળખતા નથી, આજ પછી પાછા ભાગ્યે જ મળવાના છે, એ લોકો મારી માનાં અસ્થિ આ ગંગાજળમાં પધરાવરાવીને એને મોક્ષપ્રાપ્તિ કરાવવાનું માધ્યમ બને! પરાગજી, હું,-અમે બધાં-કલાકેક સુધી હાથમાં અસ્થિ રાખી સૂનમૂન ચારે બાજુનો હાહાકાર સાંભળતાં ઊભાં રહ્યાં, અને પછી વગર ચર્ચાએ હાથમાં જ અસ્થિનો દાબડો રાખી કિનારે કિનારે ચાલતાં ઉતારે પાછાં ફર્યા. સૂરજના દેદીપ્યમાન તેજમાં ચળકતી, ત્વરિત ગતિએ વહેતી છતાં ગંભીર આ ગંગામૈયા, કંઈકની પાપશામક ભવ્ય આ સરિતા, અસંખ્ય જીવોની મુક્તિનું આ માધ્યમ, એવા કોલાહલમાં પણ અદ્‌ભુત પ્રેરણા આપી રહી. કોઈ પણ સાથે કશી વાતચીત કર્યા વિના અમે મૂગા મૂગાં ઉતારે પહોંચ્યાં. નાહ્યાં, રસોઈ બનાવી, જમી આરામ કરતાં હજારો વર્ષથી સતત ગતિએ વહી જતા આ જલપ્રવાહને જોતાં ચિંતને ચઢ્યાં.

સાંજે કાંઠા પરથી ધર્મનો પ્રચાર કરનારા સંદેશવાહકો જોયા, રસ્તે જતા કાને બે બોલ પડતા ગયા તે ઝીલ્યા. કોઈ પાસે પેટી છે, તો કોઈ પાસે મંજીરાં છે, નાનકડા ટેબલ ઉપર કોઇએ શ્રી. ભગવાનને પણ પધરાવ્યા છે, અને ભાષણો ચાલુ છે. રોજિંદાં કોણ જાણે કેટલાં પારાયણ થતાં હશે! આ પ્રભુ, પેલો દેવ, ઓલ્યો ભગવાન. સાચો ધર્મ કિયો, અમુક સંપ્રદાય જ ઉત્તમ, ભક્તિ કરો, દાન કરો, ભાવના ફળશે. જાતજાતનાં કથાનકો, જાતજાતના શ્રોતાઓ અને જાતજાતના વિતંડાવાદો! અહીં એક સાંજે જેટલી જાતનો ધર્મ વર્ણવાય છે, ને વહેચાય છે, એટલો ક્યાંય નહિ વહેંચાતો હોય.

બીજે દિવસે અમે વહેલી સવારે હૃષિકેશ ગયાં,-હિમાલયની તળેટી પાસે; અને અસ્થિ પધરાવવાનાં હોઈને ગંગાકિનારે કોઈ સુંદર અને શાંત સ્થાનની શોધમાં ફરવા લાગ્યાં. હૃષિકેશ પાસેના નાહવાના સ્થળ આગળથી અમે હિમમાળા તરફ ચાલ્યાં. અરધોએક માઈલ એ તરફ ચાલતાં હતાં, ત્યાં રસ્તે એક વ્યક્તિ મળી. સર્વસામાન્ય ખાદીની બંડી અને ટોપી, અને સર્વસામાન્ય ઢબનું ધોતિયું. અમને જોઈ એણે ગુજરાતીમાં વાતચીત કરવી શરૂ કરી. અમે એને અમારી મૂંઝવણ જણાવી: અસ્થિ ક્યાં પધરાવીએ? કોની પાસે સંકલ્પ કરાવીએ, જ્યાં જઇએ છીએ ત્યાં પૈસા તો સમજ્યા, પણ ભાવના કે શાંતિ બેમાંથી એકે જણાતાં નથી. અમારા મનનો આ ઉદ્વેગ કેમ શમે? તરત જ એણે કહ્યું, 'ચાલો મારી સાથે,-જરા આગળ.' અને પછી ત્યાં અમને લઈ જઇને ઊભાં રાખી કહ્યું, 'જુઓ! તમને શ્રદ્ધા હોય તો આ સ્થાન સરસ છે. સામે કાંઠે નદી પહાડ સાથે ઘસડાઇને ચાલી જાય છે, પણે સહેજસાજ જગ્યા છે, ત્યાં સાધુ લોકોનું સ્મશાન છે. અને આ ડાબે હાથે દેખાય છે, એ જગ્યામાં તપોવન છે. પણેથી ચન્દ્રભાગા આવી અહીં ગંગાને મળે છે. અને જુઓ અહીં કોઈ નથી. તમે શાંતિથી સ્નાન પણ કરી શકશો ને શ્રદ્ધાપૂર્વક અસ્થિને અહીં પધરાવી શકશો. હા, સંકલ્પ કરાવનાર નથી. તે તો તમે કરો,-કહો તો હું કરાવું; પણ હું બ્રાહ્મણ નથી. બોલો.'

એની વાણી નિર્મળ હતી, આંખમાં યોગનો ચમત્કાર હતો, શરીરમાં અજબ સ્ફૂર્તિ હતી. ઘણી વાર પ્રભાવશાળી વાણી સાંભળતાં જ આપણે મહાત થઈ જઈએ છીએ, એમ અમે-પરાગજી, મારી બહેન દમયંતી અને હું ત્રણે ખૂબ જ શાંતિ અનુભવી રહ્યાં.

કશી ચર્ચા નહિ, કશો વ્યવહાર-આડંબર નહિ. શાંત ચિત્તે અમે નદીમાં ઊતરી નાહ્યાં, પ્રાર્થના કરી, કાંઠે મૂકેલો દાબડો લેવા હું ફર્યો, ત્યારે એ વ્યક્તિ ત્યાં જ ઊભી હતી. એણે કહ્યું, 'ત્રણે જણ હાથમાં લઈ પધરાવો, હું અહીં ઊભો છું. મારી સાક્ષી છે. અને પછી નાહી પરવારી આ જ રસ્તે બે એક માઈલ દૂર ચાલ્યાં આવો, પણે પેલું નાનકડું મકાન દેખાય છે, ત્યાં. હું ત્યાં તમને મળીશ. નજડે તો કુબેરદાસનું નામ પૂછજો.'

અમે ત્રણે નદીમાં ઊભાં. માને સંભારી,-બહુ સંભારી. ઈશ્વરને યાદ કર્યો, ખૂબ જ શાંતિથી, કશા ઉદ્વેગ વિના. અમે ત્યાં વહેતાં નિર્મળ ગંગાજળમાં અસ્થિ પધરાવ્યાં. સુંદર સવાર, અઢળક શાંતિ. કાંઠે ઊભેલા કુબેરદાસ બે હાથ જોડી ધ્યાનમગ્ન હતા. અમે ખૂબ સંતોષ અનુભવ્યો. સ્નાન કરી અમે પાછાં કાંઠે વળ્યાં ત્યારે કુબેરદાસ નહોતા! અમે નિરાંતે ફરતાં ફરતાં કલાકેકમાં પેલા મકાન પાસે જઈ ચડયાં. ખંડિયેર જેવું જ મકાન હતું. એમાં છ ઓરડીઓ હતી; બહાર સહેજ બાંધેલા ચોક જેવું, પછી લાંબો ઓટલો. ઓટલે ચડયાં કે તરત જ હસતા હસતા કુબેરદાસ સામા મળ્યા અને ખબર પૂછ્યા. 'લ્યો ચાલો, હવે જરા જમી લ્યો.' અમે તો આભા જ બની ગયા. ખાસ્સો શીરો અને અથાણું. કુબેરદાસે એટલામાં રાંધી નાંખ્યું હતું. એની વાતચીત કરવાની ઢબ જ એવી હતી કે કશાની ના પડાય જ નહિ. સુંદર ચકચકતો પાણીનો લોટો અને પવાલાં મૂકયાં, પાટલા ગોઠવ્યા, પતરાળાંમાં અમે જમ્યા. દરમ્યાન અમે કુબેરદાસને પોતે ક્યાંના વગેરે સવાલો પૂછયા. એમણે જણાવ્યું કે પોતે ભરૂચના, જાતે કુંભાર, ઘણાં વર્ષોથી અહીં રહે છે, ભરૂચમાં એમની એક દીકરી છે, એ કદીક અથાણાં પાપડ મોકલે છે. કોક વાર મળો તો અમારે એને એમના ખુશી ખબર કહેવા; અમે એનું શિરનામું પૂછ્યું તો કહે 'એ કયાં બધી યાદી રાખીએ? મળી જશે. મળી જાય તો કહેજો.' અને અમે ઓટલા પર શેતરંજી નાખી લૂગડાં સૂકવતાં, આરામ કરવા બેઠાં. એટલામાં તો ત્યાં ત્રણચાર સાધુઓ આવી ચડયા. સૌ કોઈ કુબેરદાસને માનથી પૂછે, વાતો કરે; કુબેરદાસ પોતાની હિંદીમાં એમને સમજાવે. પંચદશી એમને મોઢે હતી. તે ઉપરાંત એ કેટલું જાણતા એ તો આજે પણ કહેવું મુશ્કેલ છે. મારી બેન ઓરડીમાં જઈ આવી, ત્યાં એને કંઈ લોટ કે અથાણું, ઘી કે કશાનું કંઈ ચિહ્ન જણાયું નહિ! એથી અમને સૌને અચંબો થયો. પૈસાનું નામ સરખું યે અહીં દેવું એ તો પાપમાં પડવા જેવું હતું, એટલે અમે તો ત્યાંની માયા જ જોતાં રહ્યાં.

પરાગજીએ વચ્ચે વળી ફિલસૂફી હાંકવી શરૂ કરી: 'તમે તો 'કુબેર'દાસ છતાં માયા છોડીને બેઠા છો; અને અમારાથી આ છૂટતી નથી.' તરત જ કુબેરદાસ હસ્યા, સહેજ આગળ આવ્યા અને ત્યાં ઓટલા પરના થાંભલાને બાઝી બોલવા લાગ્યા કે આ થાંભલાને બાઝી રહો અને પછી કહો કે થાંભલો છૂટતો નથી; તે કેમ છૂટે? આ જુઓ! એમ કહી એમણે બંને હાથ પહોળા કરી નાખ્યા: 'આ માયા છૂટી ગઇ!

માયાને છોડવી એમાં કંઈ અઘરું નથી.' એવી એવી બહુ વાતો કરી.

ત્યાં એક ઉત્તરહિન્દના અતિ વિદ્વાન સાધુ ચડી આવ્યા. ને અમને કહે કે આ માણસ તો અજબ છે. ભારે જ્ઞાની છે, અને ભગવાં પહેર્યા વિના અમારા બધાથી બહુ આગળ નીકળી ગયા છે. અમે એમને અસ્થિ પધરાવવાની વાત કહી. તો પેલો સાધુ તો અમારા સામું ટગરટગર જોઈ કહેવા લાગ્યો, 'તમારી મા તો ભારે નસીબદાર. આથી વધારે ઉત્તમ કાર્ય તમને કોઈ કરાવી જ શકત નહિ. તમને આ અચાનક મળ્યા, એ જ તમારું નસીબ. તમારાં મા સદ્‌ગતિને જ પામશે. કુબેરદાસ તો જબ્બર સંત છે, અને છતાં તદ્દન સાદા છે.'

સાંજ સુધી અમે ત્યાં પડાવ નાખ્યો. કુબેરદાસની સાથે માયા છોડવાની અમે વાતો કરતા હતા પણ ત્યાં એમની જ માયા બંધાઈ ગઇ! જવાનું મન જ ન થાય! કુબેરદાસ તો કહે 'રહી જાઓ–જેટલા દિવસ રહેવાય એટલા દિવસ, ગયા હવે!'

જરા તડકો નમ્યો એટલે કુબેરદાસ અમને ગંગાકિનારે ફરવા લઇ ગયા, અને છેક લક્ષ્મણ ઝૂલા સુધી ફેરવી લાવ્યા. રસ્તે બહુ વાતો કરી, અને આખરે અમે ટ્રેનમાં બેઠા ત્યારે છૂટા પડ્યા. આજ દિન સુધી અમે એ કુબેરદાસને પાછા મળ્યા નથી. શા સંજોગો! એમના જેવા સંત કેમ મળ્યા, અને એમણે જ અસ્થિ વિસર્જનની ક્રિયા કેમ કરાવી, અને એ કઇ ક્રિયા વગેરેનો જ્યારે વિચાર કરું છું, ત્યારે અચંબો લાગે છે. એ યે એક અનુભવ થઈ ગયો, જીવનમાં આવો પ્રસંગ બન્યાનો મનમાં એક સંતોષ રહી ગયો.

આમ હરદ્વારની જાત્રા કરી. જેને ત્યાં સદેહે જવાની હોંસ હતી એ ત્યાં નહિ અને જેણે ત્યાં જવાનો વિચાર સુધ્ધાં નહોતો એ જઇ આવ્યા.

પોતાના આપ્તજનના મુત્યુ વિષે લખતાં કુદરતી રીતે માણસથી ઊર્મિવશ થઈ વધારે લખી નંખાય, એમાં યે અત્યંત ગરીબાઇમાં જીવનસંસાર શરૂ કરનાર, વ્યવહાર જાળવનાર, વગર સાધને દીકરાને બને તેટલો હોશિયાર બનાવી સારામાં સારા સંસ્કાર આપવા તનતોડ મહેનત કરનાર, મનથી અતિ ઉદાર, દીકરો ચાલીસ વર્ષનો થયો ત્યાં સુધી કંઈક 'હિતેચ્છુઓ'એ વારંવાર સાચીજૂઠી જે રાવ ખાધા કરી એ શાંત ચિત્તે સાંભળનાર, અને એ સૌને 'મને મારા દીકરામાં પૂરો વિશ્વાસ છે,' એટલો જ ટૂંકો જવાબ આપી દીકરાને કોઈ દિવસ એનો એક શબ્દ પણ નહિ કહેવા જેટલું વિશાળ હૃદય ધરાવનાર મા જ્યારે એકાએક, મનની કશીયે હોંસ પૂરી પાડ્યા વિના ચાલી જાય ત્યારે મન અને કલમને સંયમમાં રહી લખવા કહેવું એ અઘરી વાત છે. એક સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની ૧૯૨૦માં મળતી ત્રણચાર આનાની ગીતા સિવાય રમકડાં કે ચિત્રપોથીઓના એકે ભેટ ન આપી શકાય એવી સ્થિતિમાં, બાળપણમાં નાસ્તા તરીકે સોપારી જેટલા દળની એક ગોળી–મમત કરો, રડો, ત્યારે વળી બે, નહિ તો એક જ ગોળી, અને તે વધારાની ગોળી આપતાં, (શરૂઆતમાં વડોદરામાં રેલવે પાસે આપણે જોએલી પેલી બંગલીમાં) એ 'ઘરમાં તો હનુમાન હડીઓ કાઢે, ત્યાં તો બોલો બેટા ક્યાંથી બાઉ બને?' એ નાટકની લીટીઓ ગાતી; એવી ગરીબાઈમાં કેમ એણે દીકરાને ઉછેર્યો હશે, શી રીતે ભણતરના પૈસા બચાવ્યા હશે, એવા અસંખ્ય વિચારો મનને ચગડોળે ચડાવે, ત્યાં શું લખવું ને શું ન લખવું એનો વિવેક ધ્યાનમાં ન રહે. એથી અહીં જ અટકું એ ઠીક છે.

ના, કંટાળો નહિ આપું. બહુ ઓછાબોલી હતી મારી મા. બધું જાતી, મનમાં શમાવતી. એ રડી યે હશે. સંસારનાં મેણાંટોણામાં, કઠણ અને કારમા સંજોગોમાં કોનાં કાળજાં નથી બંધાતાં? એ રડી હશે, જરૂર, પણ કોક ખૂણે એકલાં આંસુ સાર્યા હશે, અને પોતે જ લૂછી નાખ્યાં હશે. કયા ખૂણામાં આંસુ સાર્યા એની પણ કોઈને જાણ નહિ થવા દીધી હોય, એટલી સંયમી અને ઓછાબોલી હતી મારી મા. બહુ જ મૂગી રહી; છેવટ સુધી ન જ બોલી. હૈયે સગડી–ધગધગતી સગડીઓ રાખી એ જીવી. કોની આગળ વાત કરે? ક્યાં હૈયું ખોલે? મૂગી ચાલી ગઈ. એ મા પાસેથી આવે ટાણે કંઈક સંયમની એટલી કલા પણ ન શીખું, કંઇકે એને પગલે ન ચાલું તો, કોણ મને ટોકયા વિના રહેશે? એટલે હવે એ પ્રકરણ અહીં જ પૂરું કરવું સારું.

મારાં તો પાંપણ પર પાણી. ઘણાં વર્ષો સુધી રોતલ રહ્યો. શરૂઆતમાં તો રીસાળવો સાથે અદેખાઈથી ભરેલો પણ બહુ રહ્યો, આજે તો શેની રીસ ચડાવવી? અને અદેખાઈ પણ કોની કરવી? બાકી જરા જરામાં રડવું તો જોઇએ. ઉપરાંત ગઈ કાલ સુધી તો રડવાને પાછી હૂંફ જોઈએ. દુ:ખ–એવું ભારે ન હોય તો યે–એક જણ આગળ નહિ, દસ જણ આગળ વ્યક્ત કરવું જ જોઈએ, સામાનો સમભાવ મેળવવો જ જોઈએ ત્યારે જ મનખાને કળ વળે, એવા સ્વભાવવાળો આવે ટાણે લખવા બેસે તો ક્યાં અટકે વારુ?

ટૂંકમાં મા ગઇ. એ પાછી નહિ આવે, એની કોઈ ખોટ કોઇ નહિ પૂરી શકે. કોણ કોઇની ખોટ પૂરી શક્યું છે જે? પ્રિયંવદા ગઇ, સુમતિ ગઈ, એ બે 'ઈલા' ગઈ, મિત્રો ગયા.—કોઈની યે ખોટ પુરાઈ છે કે માની ખોટ પુરાશે? કોઈની યે માની ખોટ તે પુરાઇ છે? ફરી લખું છું કે એની હયાતી દરમ્યાન ઘણાં એની મહાનુભાવતાનો સહેજ પણ પાર પામી શકતા નથી. એના અવસાન પછી ઘણાંને પશ્ચાતાપનો કીડો કોતર્યા કરે છે. કોણ જાણે કેમ, છતાં એ જ માનું કઇ રીતે, ગુજર્યાં પછી પણ, સ્મરણ માત્ર ઘણી વાર અનહદનું આશ્વાસનદાયક થઈ રહે છે. આ હકીકત છે. એ કેમ બને છે, એ ગૂઢ સવાલ છે, એમાં ઊંડાણ શોધવાનું મારું ગજું નથી.

અને છેવટે એક અગત્યની વાત કેટલાકના લાભ માટે લખી દઉં, અને તે મારી આંખની વાત ઘણા જણે મને એ વિષે લખીને યા રૂબરૂમાં પૂછ્યું છે. આપણે ત્યાં આંખના રોગ ઘણા. મૂળથી જ કાળજી ઓછી, અને ઉપાયો કરવામાં અણઘડ, બિનઅનુભવી. ૧૯૪૨ની આસપાસ એકાએક મારી ડાબી આંખ ગઈ! સવારે ઊઠીને જોઉં છું તો રોશની ગુમ! તરતનો ગભરાટ, દોઢડાહ્યાઓની જાતજાતની સલાહો, વગર માંગ્યા સાંભળવા મળતા અનેક ઉપાયો! ભલભલા ડઘાઇ જાય. અલબત્ત, માણસનો ધર્મ છે કે એમાં શાંતિ રાખી કામ લેવું. પણ એવી શાંતિ આપણામાં હતી નહિ. ઘણા ડાક્ટરો પાસે દોડ્યા, નવજુવાનો જેવા ડૉ. દસ્તુર અને ડૉ. વ્યાસ જેવાઓએ હિંમત આપી, પણ એશિયામાં પંકાએલા એવા એક જૂનવાણી ડાક્ટરે એ એકઠી કરેલી હિંમત પર કારી ઘા માર્યો. 'કંઈ જ થઇ નહિ શકે; અને વાંચવાનું બંધ કરી દો; મૅચ–સિનેમા જોવાનું બંધ, દોડવા કૂદવાનું તો બંધ, પણ વાંકા વળવાનું યે બંધ, નહિ તો બીજી આંખ પણ તરત ચાલી જશે!' સાથે જૂના સાથીદાર રમણીક સુખડિયા તથા એમના દોસ્ત નવલખી હતા. એમની સમક્ષ કીકીમાં સોયની અણી નહિ પણ હૃદયમાં તીણા ખીલા ભોંકાય એવા આ ધડાધડ શબ્દો સાંભળ્યા. નક્કી કરવા ધારેલો ઉપાય પડતો મૂક્યો; મન ચંચળ થયું; સંશયમાં પડેલા માણસના તે વળી કેવા હાલ થાય?

રડ્યા! પણ રડ્યે શું વળે? આંખને રેટિના જ ડીટૅચ, થઈ ગયો ત્યાં? તરત ને તરત જો છ-આઠ અઠવાડિયાં સ્થિર સૂઇ રહ્યા હોત, અને ઑપરેશન કરાવી દીધું હોત તો કદાચ રોશની મળત, પણ એ અરસામાં હજી નવાંસવાં એ ઑપરેશન આપણે ત્યાં થતાં, એમાં દસને પૂછતાં તેર મત થતા અને એમાં તેત્રીસ મતાંતર થતા! આખરે કંઈ વળ્યું નહિ, અને એક આંખથી ચલાવ્યું.

પણ ત્યાં તો બીજે વર્ષે એ બાકી રહેલી આંખમાં મોતિયો આવવો શરૂ થયો, અને એ આંખ પણ કામ આપતાં નબળી પડવા લાગી! મોતિયાની યે જાત-કજાત હોય છે, એમાં આ એવો કમજાત પાક્યો કે પાકવાગાયની ગતિને હજારમા ભાગની ધીમી કરો, એથી પણ વધારે ધીરે એ વધતો! એવા 'મૅલિગ્નન્ટ' જાતના મોતિયાએ ૧૯૪૩ થી ૧૯૫૩ સુધી હેરાન કર્યો. પેલા નામચીન ખ્યાત પ્રખ્યાત ડાક્ટરનો તો મત હતો કે હવે આ આંખ પણ રેટીના ડીટૅચ થવાની, અને અંધાપો આવવાનો. ઘણા ડાક્ટરોની સલાહ લીધી. કોઈ જ કાપવા તૈયાર ન થાય. કેટલાક નિષ્ણાતોએ તો કહ્યું કે હજી બીજાં દસ પંદર વર્ષ પાકતાં લાગશે. ખેંચાય એટલું ખેંચો. પણ કપાવવા જશો તો જોખમ છે.

૧૯૫૦માં યુરોપ જઈ સ્વિટ્ઝર્લૅન્ડમાં ઝૂરીક, બર્ન, જીનીવામાં, સ્પેનમાં બારસીલોનામાં તથા હૉલૅન્ડમાં પણ ડાક્ટરોને આંખ બતાવી. પણ બધાની એક જ સલાહ. કાચો મોતિયો કપાવતા નહિ! દિવસ અને રાત એ બેનો તફાવત ન સમજાય એવી સ્થિતિ—એટલે કે છેક અંધાપો!—ત્યારે આ મોતિયો કપાવજો. ટૂંકમાં દેખાતું તદ્દન બંધ થાય ત્યારે ચાકુ અરાડજો.

વાંચવા-લખવામાં તેમજ જોવામાં તકલીફ વધતી જતી હતી. સિનેમા ને મૅચ તો શું, પણ સામે આવતાં માણસો સુદ્ધાંને ઓળખવાં જરા અઘરું પડતું. ખૂબ પાસેથી લખાતું-વંચાતું. એમ ગાડું ગબડાવતો હતો, ત્યાં ૧૯૫૩માં અમદાવાદ, વડોદરા, દિલ્હી, મુંબાઈમાં ફરી ફરીને આંખ બતાવતાં કોઇ પાંચ તો કોઈ દસ વર્ષની મુદત આપતા હતા એવામાં, ૧૯૫૩ની આખરમાં એક ડાક્ટરને આંખ બતાવી. જૂના સાથીદાર સોલી બાટલીવાળા એને ત્યાં લઈ ગયા. જોઈ કહ્યું: 'છ મહિના પછી પાછી બતાવજો.' છ મહિને ફરી જોઈ. ત્યારે '૫૪ની શરૂઆત થઈ ગઇ હતી. એપ્રિલ બેસી ગયો હતો. શાંતિથી ને ધીરજથી ડાક્ટરે કહ્યું કે 'તમારો મોતિયો પાકતાં જમાના વીતી જશે એટલી ધીમી એની ગતિ છે. મારા મનમાં તો આ વચનથી હિમ પડવાનું હતું જ નહિ, કારણ એ સાંભળી સાંભળી હવે તો રીઢો થઈ ગયો હતો, પણ પછી એણે ઉમેર્યું કે 'તમે તૈયાર હો તો હું કાલે જ તમારો આ મોતિયો કાપવા તૈયાર છું અને નવ્વાણું ટકા ખાતરી આપું છું કે તમારી આંખને કંઈ આંચ નહિ આવે!'

હેં?!! મારું થીજેલું લોહી ધબકારે ચડવા લાગ્યું. અને મેં સોલી બાટલીવાળાની સામે જોયું. મારા હાથમાં યુરોપના ડાકટરોના અભિપ્રાયો હતા એ મેં આગળ ધર્યાં એટલે ડાકટરે ચલાવ્યું, 'એ બધા ગજવામાં મૂકી દો. હું સમજું છું કે તમારી પાસે એક જ આંખ છે, તમે લેખક છો, નાટકકાર છો, પ્રોફેસર છો. જી નહિ, એ કાગળો જોઇએ તો ફાડી નાંખો, પણ હવે તો આ સોલી કે કોઇને પણ પૂછો એ ઠીક નથી. સમજો; તમારુ કોઈ 'ડીયરમોસ્ટ' હોય એને પણ હવે નહિ પૂછવાની મારી તમને સલાહ છે. આ બાબતમાં કોઈ જ તમને સલાહ નહિ આપી શકે. તમે એકલા, એક શાંત જગ્યાએ બેસી તમારી જાતને પૂછો. તમારે જ આ નક્કી કરવાનું છે. દસ જણાને પૂછશો તો કંઈ વળશે નહિ, કંઈ જ નક્કી કરી શકાશે નહિ. બીજું, તમે નક્કી કરો પછી તમને જે ડાકટરમાં વિશ્વાસ હોય અને એ જો કાપવા તૈયાર હોય એની જ પાસે કપાવજો, સમજ્યા? ખુદા કરશે તો તમને આંખની ઘણી રોશની પાછી મળશે, મને વિશ્વાસ છે!!'

એ 'ચરક ક્લીનિક'માંથી ઊતરી ચર્ની રોડના સ્ટેશનની સામેની ફૂટપાથ ઉપર સોલી અને હું ઊભા રહ્યા. સોલી બાટલીવાળા કહે કે હવે તું જ વિચાર કર કે આમાં સલાહ કોણ આપે? વળી એક વાત, કે બીજા કોઈ ડાક્ટર પાસે ના જતો. નહિ તો નહિ. હા તો હા.

બીજે જ દિવસે એ ડાકટર પાસે જઈ મેં તારીખ માગી. 'નહિજી; મહિનો થોભો ને વિચાર કરો.' મેં ના પાડી. મેં નિર્ણય લઇ લીધો હતો. તારીખ નક્કી કરી હું ઊતર્યો. બે ડાકટરોને જઈ નિર્ણય જણાવ્યો. બંને બાળપણના ભેરુ. એક ફિઝિશીઅન, અને બીજા સર્જન: ડૉ. ચોધ અને ડૉ. મુન્સિફ. બંનેએ કહ્યું કે જો સોલી કૂપરે આ સલાહ આપી હોય તો હવે લાંબો વિચાર કરવાનો રહેતો નથી. એ નિષ્ણાત છે, સમજદાર છે. ઠરેલ છે; ઝુકાવો!'

કોઈ પણ જાતના દુખાવા કે તકલીફ વિના ડૉ. સોલી કૂપરે કાચો મોતિયો હસતાં હસતાં ઉઠાવી લીધો. આજે કેટલાં યે વર્ષોમાં નહિ જોએલી, નહિ અનુભવેલી એવી આંખની રોશની પાછી મળતાં, શરૂમાં ઈશ્વરનો પાડ માનું છું. બીજો જેનો અનાયાસ જ મેળાપ થઈ ગયો એવા ડૉ. સોલી કૂપરનો આભાર માનું છું, અને ત્રીજો સ્વભાવ પ્રમાણે ફેરફાર પૂછપાછ કર્યાં વિના મક્કમ મન રાખી હું સૂઈ ગયો એ માટે મારી જાતનો ઉપકાર માનું છું!

કાચા મોતિયા આજે કાપી શકાય છે. મોતિયા કપાવવા હિંદ બહાર જવાની કશી જ જરૂર નથી. યુરોપમાં મોતિયાના દરદીઓ જ ઓછા, એટલે ત્યાં એટલો અનુભવ નથી. ડાકટરનું કામ હિમ્મત આપવાનું છે, ન હોય ત્યાં એ પેદા કરવાનું છે. ડૉ. સોલી કૂપરમાં મીઠાશ અને માવજત અનેરાં છે; ઉપરાંત હિમ્મત પણ છે. પોતાના હુન્નરમાં એને ભારેનો આત્મવિશ્વાસ છે. મને તો એક નવા મિત્ર મળ્યાનો આનંદ થયા જ કરે છે. આંખના અટપટા દરદ માટે કોઇને હિંદ બહાર જવું હોય તો પહેલાં કેરો જજો; તે પછી હવે પાછું જામતું વિએના; અને નહિ તો સ્પેનમાં બારસીલોના જજો. સ્વિટ્ઝર્લાન્ડ, હોલાન્ડ કે ઇંગ્લંડમાં પણ ખ્યાતનામ ડાકટરો છે, પણ આંખની બાબતમાં તો આપણા દેશકાળ અને વાતાવરણ અનુસારના રોગો માટે તો અહીં પણ યુરોપને ટક્કર મારે એવા કેસો હવે હાથ ધરવામાં આવે છે. આ દિશામાં જૂનવાણી હાથ કામ નહિ આપે. નવા ઊછરતા જુવાનો નવા-નવા કીમિયા અજમાવે છે ને સફળતા પ્રાપ્ત કરે છે. એક નિષ્ણાતની સલાહ લીધા પછી અહીંતહીંનાની દશ સલાહ લેવા જતાં ભઠ્ઠી બગડે છે, એમાં છેવટની ઘડી સુધી, એક નિર્ણય લીધા પછી પણ, દોઢડાહ્યાઓ આવી વણપૂછ્યે પોતાના જૂના અનુભવો, અને પોતાને વળગેલા ડાક્ટરોનાં ડીંડવાણાંઓ વચ્ચે લાવી બગડેલી ભઠ્ઠીને પૂરેપૂરી રીતે ચૂંથે છે—ત્યાં આપણી સમજ, આત્મવિશ્વાસ અને અટલ શ્રદ્ધાથી કામ લેવામાં આવે તો જ સારો ફાયદો થાય છે. બાકી સો વાતની એક, નસીબની વાત તો આખરે છે જ.


આંખની રોશનીથી જિંદગીમાં નવી તાજગી આવી છે. હતાશ થઈ ગયો હતો, કાણું કાણું દેખતો હતો, નિરાશામય વાતાવરણ લાગ્યા કરતું હતું, એ બધું આપોઆપ દૂર થઈ ગયું છે. આંખની મન પર કેવી કેવી અસરો થાય છે એ આટલાં વર્ષો સુધી અનુભવ્યું છે. બાર વર્ષનો આંખના તેજનો વનવાસ! વચગાળે બહુ જોષ જોવડાવ્યા. કોઇએ ઑપરેશનની તારીખ તો શું, પણ ચોક્કસ સાલ પણ કહી નહોતી. આયુર્વેદ, હોમીઓપથી, હકીમી, કંઈક દવા-નુસખાઓ અજમાવ્યા. અહિધૃત અને સીનોરીયા મેરીટીમા પણ એમાં આવી ગયાં. સરવાળે એક જ વાત, અનુભવે શીખ્યો તે એ, કે ઠંડા પાણીની છાલકો મારો. (શતાયુ સ્વામી શ્રી હંસદેવજી પણ એ જ કહે છે.) ચોખ્ખું મધ આંજો,—આંજ્યા જ કરો; ત્રિફળાંનાં પાણીથી આંખ ધુઓ, અને એનું સેવન કર્યા કરો; મળે તો ત્રૈફલાદિક ઘૃત આંજો; આટલું કરો તો ઘણું છે. પણ આપણે ઘણા નુસખા જાણવા મથીએ છીએ, જાતજાતના વાચનના કાપલા એકઠા કરીએ છીએ, યાદીઓ નોંધવામાં શૂરા થઇએ છીએ, અને કંઇ કરવામાં અલ્લાગો! (ચાલુ)

કચ્છના રણકંઠારની ઉત્તર સીમાના બે પ્રદેશો

ખડીર અને ખાવડો

નો અભ્યસનીય પરિચય

લેખક અને તસ્વીરકાર
રામસિંહજી કા. રાઠોડ


←મોટા રણને કાંઠે આવેલો કચ્છનો ઉત્તર પ્રદેશ દર્શાવતો નકશો←

પચ્છમના ડુંગર પર ઊંડા આસમાન નીચેઊભાંઊભાં રણ વિષે ગયા અંકમાં કરેલો વેગીલી વિચાર-પરંપરાનો જોશ હળવો કરી હવે રણ ઉપરથી નજર ખસેડીને પચ્છમ પડખેની બાબિયા ટૂક (૧,૫૨૦ ફૂટ) તરફ ફેરવીએ. અહીંથી પહાડની આ ધાર એકહારે પૂર્વ તરફ સીધી પણ રણમાં વચ્ચેવચ્ચે તૂટક થતી ચાલી જાય છે અને તેમાં કાળો, ગારો, ભાંજણો તથા ખડીરનો ખડિયો; અને પ્રાથડમાં લક્કી, પાંથડીઓ ધોરો, નીલવો તથા મોઆણિયો એ નામોના અલગ ડુંગરો તરીકે જાણીતી સળંગ હારમાળા બની રહે છે. માત્ર એ સળંગ ધારના ખાંચાઓ કે ખીણોમાં જાણે પૂરાણ થઇ વચ્ચે આવેલા એ રણના ભાગોથી જ સળંગ ધાર દેખાય છે. મધ્ય તથા ઉત્તર એશિયા, આફ્રિકા અને ઉત્તર તથા પૂર્વ યુરોપનાં ઋતુઋતુનાં વિવિધ યાયાવર પક્ષીઓની ભારતીય યાત્રાના અવરજવરનો માર્ગ, કચ્છના ડુંગરોની આ ઉત્તરધાર તથા મોટા રણનો સપાટ વિસ્તાર જ્યાં ભેળા થાય છે એ સળંગ સ્થળ ઉપર થઇને પસાર થાય છે. કચ્છના રણપ્રદેશનો આ ભાગ આ યાત્રી પક્ષીઓના સ્પષ્ટ અભ્યાસ માટે ને તેમની અવરજવરની રીતના નિરીક્ષણ માટે ભારતભરમાં અદ્વિતીય એવું મોકાનું મથક છે. ખડીરનો ખડિયો ડુંગર, રણની આ ધારનો એક અલગ થઈ રહેતો ભાગ છે. તે તેના ઉત્તર તરફના ભાગે રણની સમાંતરે સીધો ૩૦૦થી ૪૦૦ ફૂટની ઊંચાઈની એક કરાડ દીવાલ જેમ ઊભો છે; અને ત્યાંથી ખડીરનો મુખ્ય ભૂમિનો ભાગ આછા ઢોળાવમાં દક્ષિણ તરફ ઢળતો આવેલો છે. ખડિયા ડુંગરને ઉત્તર પાસે કેટલેક સ્થળે દરિયાકિનારે ખડકોમાં હોય છે તેવાં, પાણીના ઘસારાનાં ચિહ્નો, ખાડા કે બખોલો હોય એવું પહેલી નજરે જણાય, પણ કયાંય તે સમાંતરે ન હોઈ દરિયાના પાણીની સમરેખથી થતું હોય એવું ન દેખાય. બારીકાઈથી તપાસતાં તે મીઠાની લ્હેર, વરસાદનું પાણી અને પવનની અસર તળે થએલો ઘસારો લાગે.

ખડીર

ખડિયા ડુંગરમાં ચંજુરી, ખટલો, સુવરભીટ્ટ, સારણ, ચોચો, ખોખરો, કરકડો, મેઢ્ઢુઆ, જારલક્ષી, હાડીભડાંગ (૯૨૭ ફૂટ), આલમઠાંક, ઝરલક્ષી અને આકડિયા નામની ઊંચી ટૂકો આવેલી છે. ખડિયાની ઉત્તરે છપરિયા નામે સારું ઘાસ નિપજાવતું એક ઘાસિયું આવેલું છે. ત્યાં જવા માટે થોડા પગઘસ છે. તેમાં કરકડા અને જારલક્ષી ઉપરથી માત્ર માણસ ઢળી શકે છે, જ્યારે સારણ, ચોચો, મેઢુઆ, ઝરલક્ષી ને આકડિયા ઉપરથી ઢોર પણ ઊતરી શકે છે. ગજણવાથી અરધા ગાઉ ઉપર મૂળ ડુંગરની ધારથી નવ હાથ જેટલી અધ્ધર થઇ રહેલી એક 'ચંભલાવારી છીપર' આવેલી છે, તેના ઉપરથી લખો ડાળી ઘણા સમય પહેલાં ભૈરવ જપ કરી મૂઓ હતો. જનાણ પાસે ખડિયા ઉપર કાંઠા બાંગેલ ઘડા ઘાટનો એક ગડો (boulder) આવેલો છે. કહે છે કે એક જંગલી બોકડો આજુબાજુમાં તેના ઉપર ચરીને રાત્રે આશ્રય લેતો એટલે એ 'બોકડઘડા' નામે જાણીતો છે.

ખડીરનો બેટ રણમાં તદ્દન અટૂલો પડી રહે છે. ખડીરમાં નજર ફેરવો તો ત્યાંથી ખંડેરી સાદ સંભળાવા લાગે અને તેની ખાખની

ગાથાના સાક્ષી સમ સંખ્યાબંધ પાળિયા, ફીટેલાં ગામો, પાર વિનાનાં ખંડેરો અને કોટડી, લોઆરવા, જગપદ્દર, વાવડી તથા ચાંપાર પાસે શોનારેલ જેવા પુરાવશેષોના ટીંબા જ્યાંત્યાં જોવા મળે. ખડીરના એક પાળિયામાં તો હાથીની સવારીનું ચિહ્ન છે. એવો ખડીરનો રણબેટ એટલે બેર, બાજર અને બાકરની ભૂમિ. ત્યાં ઘાસ પણ સારું નીપજે છે, ત્યાંનો બાજરો ઉત્તમ સેથનો કહેવાય છે અને ત્યાંનાં બકરાં શ્રેષ્ઠ તથા ખટમીઠાં બોરની વિપુલતા ત્યાં ઘણી. ખડીરનું પ્રાકૃતિક સૌંદર્ય વિશિષ્ટ છે. કચ્છમાં કુદરતી ઊગતું કદંબ ખડીરના ઝરમાં અને ભીમ-ગુડા ઉપર જ છે. ત્યાં શીતળ પાણીનાં બેત્રણ ઝરણાં કુદરતી છે તો ત્યાં પાણીની અછત અને મુશ્કેલી પણ તેટલી જ વર્તાય છે. કોઈ વાર દુકાળમાં માલધારીઓને પોતાના ભુંગાનાં મોં બંધ કરી આડે ઝાંખરાં દઇ ખડીરનો ત્યાગ કરતા જોઇએ ત્યારે જ ખડીરની વસતિની પાયમાલી અને જિંદગીની કઠણાઇનો ખયાલ આવે છે. અમાપ સંકટોનો સામનો કરતા સંખ્યાબંધ દુકાળિયા ન ખાધા કે પીધા ભેળા થતા પોતાની માતૃભૂમિનો ત્યાગ કરી, કોઈ અજાણ્યા સ્થાન તરફ પ્રયાણ કરી જતા જોઈ અને પશુઓની બેહાલ સ્થિતિ તથા જ્યાંત્યાં રઝળતાં માળખાં જોઈ 'દુકાળ' એ શબ્દ સાર્થ સમજાય છે. ત્યારે ત્યાં રોમહર્ષણ દુકાળના રુદ્ર અને ભયાનક સ્વરૂપનાં સાચાં દર્શન થવા ઉપરાંત જીવનની કપરી વ્યવહારિતાનો ખરો અનુભવ થાય છે.

અને ચોમાસામાં જો ખડીર જવું પડે તો રણની મુસાફરીનો વળી અકારો જ એવો અવનવો અનુભવ થાય છે. રણમાં ત્યારે બધે પાણી છવરાયું પડયું હોય છે. તે વખતે દરિયાના સૌમ્ય અવતાર જેવો એ ભાસે. ચોમાસિયું એ રણ ઉકરવામાં જો સહનશક્તિ હોય તો રણની મુસાફરીની વિચિત્ર મજા માણવા મળે. રણમાં ત્યારે બધે અરીસા જેવું નીતર્યું પાણી, બબ્બે ત્રણત્રણ ફૂટ ઊંડું ભર્યું પડેલું હોય છે. એ વખતે હળવેકથી નીચેનું પાણી કાપતા આગળ વધતા આપણા ધીર વાહન ઉપર સવાર થએલા આપણે, આપણું અને ઉપરના આકાશનું પ્રતિબિંબ જોતાં એ નીરવ શાંતિમાં માત્ર આપણા વાહનના પગેથી થતો પાણીનો અવાજ સાંભળતા વિચારવમળમાં ખેંચાઈ, અસહ્ય કંટાળાથી જરૂર ક્ષુબ્ધ થઇએ. પણ ચૂપચાપ બેઠે જ આરો. અને કદાચ પાણી ઓસરી જતાં કીચડ રહ્યો હોય ત્યાં ઊંટ તો હરપળે સરકયા જ કરે! સવાર જો ડરપોક હોય તો ભલે મહામહેનતે પણ કીચડ પગે જ ખૂંદી ચાલીને એ પંથ કાપવાનું પસંદ કરશે, પણ પોતાના વાહનને કે પોતાને જોખમ-માં તો નહિ જ હોમે. ખડીર જતાં બે ઉઠાડીઓને એક વખત અંધારી રાતે રણમાં વચ્ચે વરસાદ આપડયો. બધે પાણી પાણી થઈ ગયું અને કશું સૂઝે નહિ. પાણીમાં બેસવું પણ કયાં? બંને ઊંટનાં કાઠાં ઉતારી એક ઉપર એક ગોઠવી ઊંટને તેમાં બાંધ્યા અને બે હનામાં બન્ને જણા ગોઠવાયા; તો ય આખી રાત આમ કાઢી બંને જણ ઠંડીથી સકડાઈ બેભાન બની ગયા! બીજે દિવસે બીજા વાટાળુઓએ તેમને જોયા ને બાંભણકા પહોંચાડી શેકતાપ કરી સરખા કર્યા. આવા કપરા સંજોગોમાં જ્યારે મુકાવું પડે તેવું હોય ત્યારે જરૂરી કારણ સિવાય પોતાની સહન-શક્તિની આવી વિકટ પરીક્ષા કરાવવા અને ખડીર જવા કોણ નવરું બને? કે વળી રણમાં મુસીબતની હૈયાવરાળને સંઘરી તેને નાહક લ-ંગરે તેમ ટપકાવવી પડે! અને હવે સાધનસંપન્નને તો જીપમાં બેસી ત્યાં પહોંચવું તેટલું જ સહેલું છે.


ખડીરનો વિસ્તાર ૧૧૮ ચોરસ માઈલ છે. તેનાં ૧૨ ગામોનાં ૫૦૦ ઘરોમાં માત્ર ૨૨૪૪ માણસની વસતિ છે, લોકોનો વ્યવસાય અહીં મુખ્યત્વે ખેતી છે, ઢોરઉછેર પણ વ્યવસાય તરીકે ઘણા લોકોના ગુજરાનનું સાધન છે. જંગલી પેદાશમાં ખડીરનાં કંટોલાં જાણીતાં છે. પીલુની મોસમમાં કોળીઓ પીલુ ઉપર ગુજારો કરે છે. તેઓ લોરિયા-વલની ખાપેડી કે સાંગેલી ગૂંથે છે. પીલુની મોસમમાં એ સાંગેલી પેટ ઉપર બાંધી તેઓ ફરે છે અને તેમાં પીલુ એકઠાં કરે છે. પીલુમાંથી તેઓ ગળ પણ કરે ખરા. અને પીલુની સુકવણી કે કોકડી પણ તેઓ કરે જ છે, કેમકે ઢોરોને માટે તે પૌષ્ટિક ખોરાક લેખાય છે. ખડીરની ખંડેરી ભૂમિમાં સર્પોનો વિશેષ ઉપદ્રવ છે, એટલે સાવચેતી માટે લોકો રાત્રે અચૂક ડુંગળી ખાઇને સૂએ એવો ત્યાં શિરસ્તો છે. ખડીરમાં બાંભણકા નામનું એક આખું ગામ આભીર-બ્રાહ્મણોનું છે. તેની તમામ વસતિ આ બ્રાહ્મણોની છે. સંસ્કારે અને ધંધે તેઓ ખેડૂ છે. ખડીરમાં પાણીની અછત કેટલી છે તેનો અનુભવ ભીમગુડા ઉપર આ બ્રાહ્મણોને શ્રાદ્ધ સારતા સાંભળ્યા ત્યારે થયો. પિતૃતર્પણમાં કે યશ ને દેનની વાતમાં તળાવ બંધાવી આપવાનું પુણ્ય તેમણે અમાપ અને સર્વશ્રેષ્ઠ માન્યું છે. શ્રાદ્ધ સારતાં શુદ્ધ કચ્છી બોલીમાં બોલાતા શ્લોકોનો ધ્વનિ હતો કે

મુએ પેંધો નાં નિપટ્ટ
જાણે પંખી ઉડેઓ લી નકાંલટ્ટ
ઈતરે
પાયલો દેરો પાલારા, આધીઓ દે સે આધારા,
કોરી દે ઉ કાંલારા, પિતર પમે પાધારા.

'પક્ષી ઊડી જાય ત્યાર પછી તેના ઉડ્ડયન-માર્ગનો જેમ કાંઈ લસરકો કે લીટો દેખાતો નથી તેમ મૃત્યુ પછી બધા નામશેષ થઈ જવાના છે. એટલે જે પાયલું દાનમાં આપે તેને પાલારા તળાવ બંધાવ્યાનું પુણ્ય મળે, આધીઓ દે તેને આધારા તળાવનું, કોરી દાનમાં દે તેને કાંલારા તળાવ બંધાવ્યાનું પુણ્ય મળે અને તે દાનીના મુખ્ય પિતૃઓ પામે. કોરી, આધીઓ(–અર્ધ કોરી), અને પાયલો(–પા કોરી) એ કચ્છનું જૂનું રાજાશાહી ચલણી નાણું હતું. ખડીરમાં જનાણ પાસે ભીમગુડા નામનો એક મોટો ધરો છે. અહીં એક મોટો વહેળો વળાંકામાં ઉત્તરેથી વહેતો આવી તેનું પાણી વમળ લેતું નીચે પડે છે, અને પાછું ઉગમણું વહી વળાંક લેતું સીધું ફેરા લઈ દખણાદું વહે છે. આથી પાણીના પ્ર-વાહમાં વમળથી ચકરડાં આકારે કોઠી ઘાટના નાનામોટા કોતરો કોરાય છે. તેમાંથી એક મોટા કોતરમાં ઘણું પાણી ભર્યું રહે છે, અને ત્યાંનાં વેળુપાષાણમાં બીજી નાનીનાની કોરાએલી આવી ઘણી કોઠીઓ છે, તેમાં ઘણા જંગલી જીવો આશરો લઈ બેસે છે. એવી એક કોઠીમાં પેડ(સાપ)નું એક જોડું જોયું. તેના શરીરના ઘસારાથી કાંઈ વિચિત્ર અવાજ આવતો હતો, ત્યારે એક કોળીએ પોતાની તમાકુની ભૂંગળીમાં એક સળકડી ફેરવી લીધી. આ બન્ને પેડનાં માથાં લાકડીથી દબાવી દીધાં એટલે તેમનાં મોં ખુલ્લાં થયાં તેમાં આ સળી ફેરવી લીધી. આથી એ બંને પેડ નિશ્ચેતન બની ગયા. આ ભીમગુડા ખડીરમાં જાતરયડો ગણાય છે અને ત્યાં ધડી ઘટ્ટકાનું સ્થાનક છે.

મહાભારતના આદિપર્વમાં હેડિમ્બિયની કથા છે, હિડિંબા ભીમ-

ખડીરમાં જનાણ પાસે ભીમ-ગુડા ઉપર આવેલી ઘડીઘટકા નામે ઓળખાતી ભીમ અને હિડિંબાની મૂર્તિઓ.



સેન પર મોહી પડી અને પ્રીતિદાન માગ્યું. ભીમે હિડિંબ રાક્ષસને પૃથ્વી પર રોળ્યો અને તેની છાતીમાં ગોઠણ ભરાવી તેને ભાંગી નાખ્યો. પછી ભીમનાં હિડિંબા સાથે લગ્ન થયાં. પાંડુપુત્ર ભીમસેનને આ હિડિંબા રાક્ષસીની કૂખે પુત્રની પ્રાપ્તિ થઈ. પછી ભીમે હિડિંબાની રજા લીધી. એમનો એ પુત્ર જન્મ્યો ત્યારે એનું માથું ઘડા જેવડું અને બિલકુલ વાળ વગરનું હોવાથી એનું નામ ઘટોત્કચ પડ્યું. દેખાવે એ ભયંકર નીવડ્યો અને મોટો થયે એને મરજીમાં આવે એવડું રૂપ કરવાની તથા ગુપ્ત રહેવાની વિદ્યા પ્રાપ્ત થઈ. એણે પોતાની ધજા ઉપર ગીધનું ચિત્ર રાખેલું. ભીમ સાથે આ ઘટોત્કચની મૂર્તિ ખડીરમાં જનાણ પાસે ભીમગુડા ઉપર આવેલી છે ને ઘડીઘટુકા નામે જાણીતી છે. બાંભણકાની બધી બાંભણ વસતિના આ ઘડીઘટુકો આરાધ્ય દેવ છે અને ખડીરમાં પ્રથમ મેહ વરસ્યે ગીધના નિશાનવાળી ધજા એ જાતરચડા ઉપર તેઓ ધરાવે છે. ભીમગુડાનાં ધરાનું કોઠી આકારનું કોતર જાણે મહા ગદાનું માથું બેસવાથી બન્યું હોય કે કોઇએ પ્રચંડ ગોઠણ બેસાડી એ ખાડો બનાવ્યો હોય એવું લાગે છે. મહાભારતના ઊંડા ઊતરેલા સંસ્કાર-ભરી લોકકલ્પનાએ તેમાં હિડિંબ રાક્ષસને ધરતીમાં ધમરોળતા ભીમપાંડવની અતુલ શક્તિનું દર્શન કર્યું, અને ત્યાં ઘડીઘટુકાનું સ્થાનક ખડું કરી દીધું. કે પછી ખરેખર હિડિંબનો ખડીરમાં વધ થયો હતો? સહદેવ તો આ કચ્છ એટલે જળસમીપના પ્રદેશમાં ગયાનો મહાભારતમાં ઉલ્લેખ છે (ભા.સ.ચ. ૩૨) તો ભીમ પણ આ પ્રદેશમાં કાં ન પ્રવર્ત્યા હોય! ભારતભરમાં જે અનેક ભીમગુડા છે, ખડીરનું ભીમગુડા હેડિમ્બિયની કથા આપણા લોકસંસ્કારમાં જીવંત રાખી જાય છે.

ખડીરને પડખે રણમાં તેના બેલા જેવો પ્રાંથડનો રણબેટ આવેલો છે, પણ હવે બેલાને બેટ કહી શકાય તેમ નથી. એ તો વાગડના રાપર તાલુકા સાથે લગભગ જોડાએલો જ છે. વચ્ચે નાનો સરખો દોરો ને ખારી આવેલાં છે એટલું જ. બેલાની ભૂમિ પણ રહસ્યમય અને રસમય છે. વજવાણી ગામનો ઇતિહાસ તો બેલાની બલિહારી જેવો છે, તેના લક્ષી, પ્રાંથડીઓ ધોરો, નીલવો અને મૌઆણીઓ (૭૩૩ ફૂટ) ડુંગર અડીખમ જેવા છે. પચ્છમ અને ખડીરના ડુંગરોની પેઠે અહીંની વનસ્પતિ પણ કાંટાળી, રુક્ષ અને ગડિયા જેવી મજબૂત છે. અને વિસ્તૃત પટમાં જાળ્યનાં જાળાં અને ગૂગળ જોઈ અહીં સભર વનસ્પતિ દેખાય છે, મુકુલગૂગલ અહીં સારું થાય છે, પ્રાંથડમાં ઘણા લોકોનો તેના ઉપર ગુજારો ચાલે છે. આ લોકોમાં એક માન્યતા ઘર કરી ગએલી છે કે જો ગધેડાના પેશાબમાં પલાળેલી દાંતરીથી ગૂગળના થડ ઉપર આંક પાડવામાં આવે તો તેથી ઘણું ગૂગળ પેદા થાય, પણ આમ કરવાથી મુકુલગૂગળને વધુ પડતું નુકસાન થઇ તેનો સોથ વળે છે.

ખાવડો

પચ્છમ ઉપરથી ડુંગરોમાં અટવાએલી નજર ફરી ખાવડાના બેટ ને દૂર આવેલી બન્ની ઉપર ફરી વળે છે. પચ્છમના ડુંગરાળ પટમાં વચ્ચે વચ્ચે લીલકાતી લીલોતરી આંખને ગમી જાય છે. ખાવડાનો વિસ્તાર ૨૨૪ ચોરસ માઇલ છે, તેમાં તેનાં ૧૫ ગામોનાં ૧,૪૦૪ ઘરોમાં ૬,૮૯૦ માણસોની વસતિ છે. પચ્છમાઈથી દૂર દક્ષિણે 'ગોરો'ને પડખે 'રાયમલરો' દેખાય છે. રાયમલરામાં રાયમલરાના ગઢના અવશેષો આવેલા છે; બાજુએ 'દિનારો' નજરે ચડે છે, જ્યાં સુંદર નકશીભર્યું એક પુરાણું મંદિર હતું. એ મંદિરના અવશેષો વીંખી ખાવડામાં તેમાંથી રામમંદિર થયું છે, અને બીજા પથ્થર દિનારાની મસ્જિદમાં



ભીમે જાણે મહા ગદા મારીને કરેલા કે કોઇએ પ્રચંડ ગોઠણ બેસાડી કર્યો હોય તેવા પાણીના ધરા-ભીમગુડા.

વપરાયા છે. ગોરાના દક્ષિણ ઢાળે 'આંધૌ' આવેલું છે. અહીંથી જ સાલના નિર્દેશવાળી ગુજરાતની જૂનામાં જૂની ક્ષત્રપકાળની શિલાલષ્ટિઓ મળી આવી છે. એ સાદા શિલાલેખો છે. અશોક પછી ચાર સદી રહીને થએલા રુદ્રદામન ક્ષત્રપનો તેમાં નામોલ્લેખ છે અને શક પર (બાવન)ના તેમાં ઉલ્લેખ છે. હાલ આ ચારે ય શિલાલષ્ટિઓ ભુજના મ્યૂઝિયમમાં રાખવામાં આવેલી છે. આંધૌનો પીળો પથ્થર નકશીકામ માટે ઉત્તમ મનાય છે. સફેદ ચામડીવાળા યુરોપિયનોનાં બાવલાં શ્વેત સંગેમરમરના બનાવવામાં આવે તે ઠીક છે, પણ ઘઉંવર્ણા ભારતવાસીઓનાં પૂતળાં જો આંધૌના પથ્થરમાંથી બનાવવામાં આવે તો જરૂર તે આંખને વધુ રુચે.

પચ્છમનું ભૂસ્તર તો વિશ્વવિખ્યાત છે. દુનિયાભરના ભૂસ્તરના વર્ગીકરણમાં પચ્છમમાં જે પ્રકારનું ભૂસ્તર છે એ પ્રકારનું જ્યૂરા પડોનું ભૂસ્તર દુનિયામાં સર્વત્ર 'પચ્છમ શ્રેણિ' તરીકે જ ઓળખાવાય છે, એ ગૌરવની વાત છે. આજે જનરવથી દૂર આ બધું નજરાવીએ છીએ ત્યાં પચ્છમાઇનો પૂજારી "લૌંગ...લૌંગ..." એમ બૂમો મારે છે તેથી ત્યાં પચ્છમાઈના થાનકમાં શિયાળવાં આવે છે. ને તેમને ખવડાવવામાં આવતી ચડત ખાઈ જાય છે. પચ્છમાઇને ખાસ ચડત તો કુરનના સોઢા ચડાવે છે, તેઓ જે ભત કે ખાવાનું ચડાવે તે આ રીતે જો શિયાળવાં આરોગી જાય તો તે પચ્છમાઇને ચડી એમ માન્યતા પ્રચલિત છે. કહેવી છે કે પચ્છમાઈ જ્યારે અહીં તપશ્ચર્યામાં હતાં ત્યારે એક ભૂખ્યું બુઢ્ઢું શિયાળ પચ્છમાઇને મુડદું સમજી ખાવા આવ્યું, પણ પચ્છમાઈ પાસે પહોંચી તેમને નહિ અડકતાં ત્યાં લેટી પડ્યું અને પછી ચાલતી પકડી. પચ્છમાઈ જાગૃતિમાં આ પામી ગયા અને શિયાળની ભૂખ તથા તેની સ્થિતિ સમજી ગયાં. ત્યાં બીજું કાંઈ હતું નહિ એટલે શિયાળની ભૂખ ભાંગવા તેમણે પોતાનું અંગ કાપી શિયાળને 'લે...અંગ...લે...અંગ...' કહી બોલાવી ફેંક્યું. ને શિયાળને ફાવ્યું. ત્યારથી 'લૌંગ...લૌંગ...' પુકારી શિયાળવાંને ખવડાવવાની પ્રથા પચ્છમાઇ ઉપર જારી રહી છે. પચ્છમમાં આ બધું જોતાં જ્યારે આપણી સંસ્કૃતિ માત્ર પશુધન ઉપર નિર્ભર હશે ત્યારે ઘાસ-ઝાડીથી ભરપૂર એ પ્રદેશમાં કેવી આબાદી હશે તેનો અંદાજ આવે છે. આમ ગોધન જ્યારે પ્રધાન ધન હતું ત્યારના સ્મૃતિસૂચક અહીંનાં ગામડાં આજે પણ 'ગોઠ' (**ગોષ્ટ=ગો+સ્થ** ગાયોનું સ્થાન) કહેવાય છે અને કચ્છીમાં ગો એટલે ગાયોને રાખવાના વંડાને અહીં ગોપુર (**ગોપુર–ગોપુરમ્?**) કહે છે. લોકોને જીવનની કેટકેટલી મુશ્કેલીઓ ત્યારે પણ હશે અને પાણીની તકલીફ તો પરંપરાથી ત્યાં અણઉકલ્યો કોયડો રહી છે. તે નિવારવા તેમણે જે પગલાં લીધાં હશે તે અનુમાનથી કલ્પવું પણ મુશ્કેલ! આમ પ્રકૃતિની આફતોનો સામનો કરતી એ પ્રજા કેટલી પાણીવાળી હશે!

મોટેરાં અને ઘરડાંઓની સલાહ આમળાના ફળ જેવી છે, જે પહેલાંપહેલાં કડવી, પણ વખત વીતતાં મીઠી લાગે છે.

ટિકિટસંગ્રહ

આ યુગના એ સંસારવ્યાપી શૉખ વિષેની માહિતી આપતો વિભાગ
નવું ફર્સ્ટડે કવર અને આફ્રિકાની ફ્રેન્ચ વસાહતોની ટિકિટો

पंच-वर्षीय योजना

FIVE YEAR PLAN



FIRST DAY COVER
26th JANUARY 1955
(REPUBLIC DAY)
INDIAN POSTS AND TELEGRAPHS

તાજેતરમાં જ બહાર પડેલી ભારતની નવી ટિકિટોની સાથે ૯×૪ા ઇંચનું જે એક ફર્સ્ટ ડે કવર બહાર પડેલું તેમાં પંચવર્ષી યોજનાની સંજ્ઞારૂપ અંગ્રેજી પાંચડાના આકારમાં એ યોજનાના કાર્યક્ષેત્રને ચિત્રિત કરતા, જોતાં જ સમન્વય તેવાં કેટલાક નાનકડાં સંજ્ઞાલેખનોની તેમાં ગૂંથણી કરી છે તે બાજુમાં દર્શાવી છે. ભારતની આ નવી ટિકિટો પરથી જેમ ભાવિ ભારતનાં કેટલાંક દૃશ્યો આપણી નજર સામે ખડાં થાય છે તે જ રીતે અન્ય દેશોની યે ઘણી ટિકિટો પરથી તે તે દેશોની ઐતિહાસિક, ભૌગોલિક ઇત્યાદિ માહિતી આપણી સામે તરી આવે છે. ટિકિટો દ્વારા આવો ખયાલ આપતા ઘણા દેશોમાં આફ્રિકાની કેટલીક ફ્રેન્ચ વસાહતો તેમની ટિકિટોની સુરેખ રચના અને તેના વસ્તુવૈવિધ્ય માટે ટિકિટસંગ્રાહકોથી અજાણ નથી. અહીં નીચે એવી કેટલીક ટિકિટો આપી છે. પહેલી ચારે ટિકિટો મોરોક્કોની છે. પહેલી ટિકિટમાં બે બાજુ બે નાજુક તોપોની સાથે વચ્ચે દરિયાકાંઠાના એક ગઢનું ચિત્ર છે. બીજીમાં ત્યાંનો ભરવાડ, ત્રીજીમાં ત્યાંની એક અગત્યની પેદાશ ખજૂરીના ઝાડની વચ્ચેથી દેખાતું નગર ને છેલ્લીમાં ગઢની રાંગ પરથી દેખાતા દૃશ્યનું આલેખન છે. બીજી હારમાં પહેલી વિષુવવૃત્તીય પ્રદેશની ટિકિટમાં આફ્રિકાનો મૂર્તિમંત ભય સમો ત્યાંનો એકલદંતી ગેંડો અને એક ભયંકર અજગર આલેખાએલા છે. બીજીમાં દૂર પુલ પરથી પસાર થતી ટ્રેન આગળ પાણીમાં ઇમારતી લાકડાં વહાવતો નેટિવ છે. ત્રીજીમાં ત્યાંની મુખ્ય પેદાશ કેળાંથી લચી પડતી કેળ અને ખજૂરથી ભરેલી ખજૂરીનાં વૃક્ષોની વચ્ચે ગીની પ્રદેશનું ઝૂંપડાંથી વસેલ એક ગામ 'બામા' બતાવ્યું છે. ચોથી ટિકિટમાં Salazie પર્વતમાળાનું Anchain શિખર છે. ત્રીજી હારમાંની પહેલી ટિકિટ મોરોક્કોની એરમેઇલ ટિકિટમાં શહેર પર ઊડતું ચાર એન્જિનનું વિમાન બતાવ્યું છે. બીજીમાં મોરોક્કો શહેરનો એક ભાગ; ત્રીજીમાં વિષુવવૃત્તીય પ્રદેશના ઘેરા ઊંડા પાણીને પોતાના નાના હોડકામાં, ફક્ત લાંબા વાંસથી પાર કરતો ત્યાંનો હબસી બતાવ્યો છે. ચોથી ટિકિટમાં વાયવ્ય આફ્રિકાના 'ઑકસીડેન્ટસ' નામથી ઓળખાતા પ્રદેશના નેટિવનું યુદ્ધ-નૃત્ય બતાવ્યું છે. પાંચમી ટિકિટમાં વિષુવવૃત્તીય ભાગનાં આભઊંચાં વૃક્ષોની સરખામણીમાં ખૂબ જ નાના લાગતા મનુષ્યો જંગલમાંથી રબરનો રસ ભેગો કરી લઈ જતા બતાવ્યા છે અને છેલ્લી ટિકિટમાં લીલી હરિયાળી વચ્ચે દેખાતા રમણીય ધોધનું દૃશ્ય આપવામાં આવ્યું છે.



ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ અને તેનાં સાધનોનો પરિચય

લેખક
ગોવિંદ એસ. મેવાડા
(કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ · ગુજરાત કૉલેજ)

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા : ૧૦

ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ બે રીતે થઈ શકે છે: (૧) કૉન્ટેક્ટ (contact) પ્રિન્ટિંગ: એટલે કે 'પ્રિન્ટિંગ ફ્રેમ'માં નેગેટિવને પેપરના સંસર્ગમાં રાખી નેગેટિવને પ્રકાશ આપીને, અને (૨) પ્રોજેક્શન (projection) પ્રિન્ટિંગ : એટલે એન્લાર્જરમાં નેગેટિવને રાખી તેની વિસ્તૃત આકૃતિ ફોટોગ્રાફિક પેપર પર પાડીને, જેને 'એન્લાર્જિંગ' (enlarging) કહે છે. અત્યારે પહેલા વિષે વિચાર કરીએ. એન્લાર્જિંગ વિષે આપણે આગળ ઉપર વિગતવાર જોઇશું.

પ્રિન્ટ કાઢવા માટેનાં સાધનો: માસ્ક (mask) પેપર્સ, પ્રિન્ટિંગ ફ્રેમ અથવા બૉક્સ, ઘડિયાળ (સ્ટૉપ વૉચ). ૪૦ વૉલ્ટનો ગોળો, ડેવલપર, ફિક્સિંગ-બાથ, ત્રણ ડિશો વગેરે. આનો ટૂંકમાં પરિચય કરીએ.

માસ્ક : નેગેટિવની પારદર્શક કિનાર જો ઢાંકી દેવામાં ન આવે તો પ્રિન્ટમાં તે કાળી છપાય, તે ધોળી રહે તે માટે કાળા કાગળમાં નેગેટિવની પારદર્શક કિનાર સારી રીતે ઢંકાઇ જઇને છબિનો ભાગ બરાબર દેખાય તેવડો ચોરસ (કે ગોળ યા લંબગોળ જોઇએ તો તેવો) ગાળો કાપી કાઢવો. (આ માટે પટ્ટી અને બ્લેડનો ઉપયોગ ઠીક પડશે.) આવા ગાળો કાપેલા કાગળને માસ્ક કહે છે. એવા કાગળના તેમજ લાલ કચકડાના તૈયાર કાપેલા માસ્ક પણ આવે છે.

ઘડિયાળ : સેકન્ડ-કાંટાવાળી ટાઇમ-પીસ જેવી સ્ટૉપ વૉચ આવે છે તે હોય તો સારી. તેમાં એવી સુવિધા હોય છે કે ધારીએ ત્યારે શરૂ કરી શકાય, અને ધારીએ ત્યારે બંધ કરી શકાય અને તેનો કાંટો શૂન્ય ઉપર પણ લઈ જઇ શકાય. વળી જરૂર પ્રમાણે ઘંટડી પણ ગોઠવી શકાય. તેને અભાવે સેકન્ડ-કાંટાવાળું કાંડાઘડિયાળ અથવા ટાઇમ-પીસ હોય તો પણ ચાલે. પણ સેકન્ડ-કાંટો ખાસ જોઇએ.

પેપર્સ : પ્રિન્ટિંગ માટે વપરાતા કૉન્ટૅક્ટ પેપર્સ માટે જુઓ અંક ૩૬૭, પાન ૨૭૯.

ડેવેલપર : કોડૅક ડી. ૧૬૩ અથવા ફોકલ યુનિવર્સલ ડેવેલપર. જુઓ અંક ૩૭૧, પાન ૪૫૨.

ફિક્સિંગ-બાથ : જુઓ અંક ૩૭૨, પાન ૫૦૮.

પ્રિન્ટિંગ-ફ્રેમ : નાની પિક્ચર-ફ્રેમ જેવી પણ તે કરતાં ઘણી મજબૂત હોય છે. તેની પાછળનું ઢાંકણું ઝડપથી ઉઘાડી તથા બંધ કરી શકાય તેવું, તથા તેમાં નેગેટિવ ને પેપર ગોઠવવા સુગમ પડે તે માટે તેના બે ભાગ કરી વચ્ચે મિજાગરું રાખેલું હોય છે. નેગેટિવને પેપરના સંપર્કમાં બરાબર સજ્જડ દાબી રાખવા આ ઢાંકણાની અંદરના ભાગમાં મખમલ અથવા બનાત જેવું રંગીન કાપડ ચોડેલું હોય છે અને બહારની બાજુ સહેજ વાળેલી અને બંધ કરતાં ફ્રેમની સામસામા બાજુઓમાં બંધબેસતી પોલાદની બે પટ્ટીઓ હોય છે.

પ્રિન્ટિંગ-બૉક્સ : ઓછા સમયમાં વધારે પ્રિન્ટ કાઢવા હોય તો નાની પેટી જેવા આકારની 'પ્રિન્ટિંગ બૉક્સ' વાપરવી અનુકૂળ રહે છે. સામેના પાના પર તેની આકૃતિ આપી છે. સામાન્ય પેટી જેવી આ બૉક્સમાં નેગેટિવ મૂકવાના કાચ નીચે થોડે થોડે અંતરે એક અથવા બે 'ઓપલ-ગ્લાસ' (દૂધિયા કાચ–ઘસેલા કાચ અથવા 'ગ્રાઉન્ડ ગ્લાસ' નહિ), અને તેની નીચે ઓપલ-ગ્લાસવાળો ૭૫ વૉલ્ટનો વીજળીનો ગોળો મૂકેલો હોય છે. તે સાથે એક રાતા પ્રકાશનો ગોળો પણ તેમાં હોય છે. કાચ ઉપર માસ્ક, નેગેટિવ તથા પેપર મૂકી પેટીનું ઢાંકણું બંધ કરીએ એટલે રાતો ગોળો આપમેળે બંધ થઇને સફેદ ગોળો ચાલુ થાય તેવી તેમાં કરામત કરી હોય છે.

જ્યાં ઘણી સંખ્યામાં પ્રિન્ટ કાઢવાના હોય ત્યાં 'પ્રિન્ટિંગ મશીન' વપરાય છે. તેની રચના આ બૉક્સ જેવી, પણ વધુ યાંત્રિક કરામતોથી સુસજ્જ હોય છે. તેમાં ગોઠવ્યા પ્રમાણે એક્સપોઝર અપાય છે. કેટલાકમાં તો એક્સપોઝર-મીટર પણ ગોઠવેલું હોય છે, જે પરથી નેગેટિવની પારદર્શકતા પ્રમાણે એક્સપોઝર નક્કી કરી પ્રકાશની તીવ્રતા જરૂર પ્રમાણે કેટલી ઓછીવત્તી કરવી તે ચોક્કસ કરી શકાય છે. કેટલાંક મશીનોમાં તો પ્રિન્ટ ઉપર સંખ્યા છાપવાની કરામત કરેલી હોય છે, તેથી કેટલા પ્રિન્ટ કાઢ્યા તે પણ જાણી શકાય છે.

છાપવાની રીત

સામાન્ય રીતે પ્રિન્ટ કાઢવાની રીત નીચે મુજબ છે : રાતા પ્રકાશમાં પ્રિન્ટિંગ-ફ્રેમને તેનો કાચવાળો ભાગ નીચે રહે તેવી રીતે મૂકી ઉઘાડો, અને કાચ ઉપર પહેલાં માસ્ક મૂકો. ફ્રેમ જો નેગેટિવના કદ જેવડી જ હશે તો માસ્કની જરૂર નહિ રહે. ત્યાર બાદ ઈમલ્શન વિનાની (ચળકતી) બાજુ કાચ તરફ રહે તેવી રીતે નેગેટિવ મૂકી, તે પર ઈમલ્શનવાળી બાજુ આવે તેવી રીતે ફોટોગ્રાફિક પેપર ગોઠવવા. પછી નેગેટિવ કે માસ્ક ખસી ન જાય તેની કાળજી રાખી સાવચેતીપૂર્વક ફ્રેમ

એક્સપોઝર નક્કી કરવા માટે ઓછાવત્તા સમય સુધી પ્રકાશ આપી ડેવેલપ કરેલા ચાર પ્રિન્ટ




બંધ કરી દો. બાકીના પેપર્સ તેના પૅકેટમાં સુરક્ષિત મૂકી હવે સફેદ પ્રકાશવાળો ગોળો ચાલુ કરો. ગોળાની સામે, તેનાથી આશરે એક ફૂટ દૂર રહે તેવી રીતે, ફ્રેમની કાચવાળી બાજુ ધરો અને કેટલી સેકન્ડ સુધી પ્રકાશ (એક્સપોઝર) આપો છો તે નોંધી રાખો. ઘડિયાળ ન હોય તો એક, બે, ત્રણ, ચાર, પાંચ...... એમ એકસરખી ઝડપે ક્યાં સુધી ગણો છો તે યાદ રાખી લો, અને તુરત જ સફેદ ગોળો બંધ કરો. ફ્રેમમાંથી પેપર બહાર કાઢી, પાણીમાં ધોઇ, ડેવલપરમાં એકથી દોઢ મિનિટ સુધી ધુઓ અને છબિ કેવી આવે છે તે જુઓ. આ સમયમાં છબિ ઝાંખી—ખૂબ જ ઝાંખી આવે અથવા બિલકુલ ન અંકાય તો સમજવું કે એક્સપોઝર ઓછું પડ્યું છે: તેથી ઊલટું, જો કાળી પડી જાય તો એક્સપોઝર વધારે પડ્યું છે તેમ સમજવું. આ પ્રમાણે પહેલાં ફોટોગ્રાફિક પેપરની નાની કાપલીઓ પર ત્રણચાર વખત ઓછા-વત્તા અમુક ચોક્કસ સમય સુધી પ્રકાશ આપી ડેવલપ કરી જુઓ. તે ઉપરથી સંતોષકારક પ્રિન્ટ માટે કેટલો પ્રકાશ આપવો તે સમય નક્કી થઈ શકશે. જુદાજુદા પડછાવાળી નેગેટિવોને પેપરની ગ્રેડ પ્રમાણે જુદું જુદું એક્સપોઝર આપવું પડે છે. ઉપર પ્રમાણે 'ટેસ્ટ'–કસોટી કર્યા વિના તે કેટલું આપવું એ નક્કી કરી શકાય નહિ. આના પાકો અનુભવ થઈ ગયા બાદ તો એકબે વખત જ ઉપર પ્રમાણે કાપલી પર 'કસોટી-પ્રિન્ટ' (–ટૅસ્ટ પીસ) લેવાથી જરૂરી સમયની મર્યાદા નક્કી કરી શકાય છે. એક જ જાતની નેગેટિવ હોય તો એક જ ગ્રેડના પેપર માટે લગભગ સરખો સમય પ્રકાશ આપીએ તો ચાલે; પરંતુ નેગેટિવના પ્રકાર અને પેપરની જાત બદલાય ત્યારે ઉપર પ્રમાણે કસોટી કર્યા વિના સીધેસીધો પ્રિન્ટ કાઢવામાં પેપર બગાડવાનો સંભવ તો ખરો જ. અમુક એક્સપોઝર પ્રમાણે બરાબર પ્રિન્ટ આવી જાય તે પછી તો તે જ પ્રમાણે એકસામટા જોઇએ તેટલા પ્રિન્ટ કાઢી શકાય છે.

નેગેટિવની પારદર્શકતા અને પેપરની ગ્રેડના પ્રમાણમાં એક્સપોઝર બરાબર હશે તો પછી ડેવલપરમાં ધોતાં એકથી દોઢ જ મિનિટમાં સુંદર પ્રિન્ટ આવી જશે. પછી તેને પાણીમાં ધોઈ ઍસિડ-ફિક્સિંગ-બાથમાં ફિક્સ કરી લેવો. ત્યાર બાદ એક કલાક સુધી વહેતા પાણીમાં અથવા તેટલા સમય દરમિયાન ચાર-પાંચ વખત પાણી બદલી સ્થિર પાણીમાં ધોઈ નાખવા.

પ્રિન્ટની સપાટી કાચ જેવી લીસી અને ચકચકિત બનાવવા માટે સ્વચ્છ કરેલી ક્રોમિયમ-પ્લેટ (ગ્લેઝિંગ-પ્લેટ) અથવા ફેરોટાઇપ-પ્લેટ પર, ભીના પ્રિન્ટની ઈમલ્શનવાળી બાજુ પ્લેટ તરફ રહે તેવી રીતે ગોઠવી, તેના પર શાહીચૂસ મૂકી નાનું રબરનું રોલર સાવચેતીપૂર્વક ફેરવી પ્રિન્ટ અને પ્લેટ વચ્ચે હવા રહી ગઈ હોય તો કાઢી નાખવી. લગભગ એકાદ કલાકમાં સુકાઇ ગએલા પ્રિન્ટ ચકચકિત સપાટીવાળા




૫, ૧૦, ૧૫, અને ૨૦ સેકંડ સુધી પ્રકાશ આપી કાઢેલાં પ્રિન્ટ. પહેલાં બેને પ્રકાશ ઓછો (અન્ડર-એક્સ.) અને છેલ્લાને વધુ (ઓવર-એક્સપોઝર) મળેલ છે. ત્રીજાને યોગ્ય પ્રકાશ (કરેક્ટ એક્સ.) મળવાથી તે જ સમપ્રમાણ પ્રિન્ટ કઢી શકાય.



પ્રિન્ટિંગ બૉક્સ, એની રચના જોતાં સહેજે સમજાશે કે થોડીશી કારીગરી વાપરીને તે જાતે પણ બનાવી શકાય તેવું સાદું છતાં ઉપયોગી સાધન છે.

થઈ ઊખડી પડશે. પણ જો એ પ્લેટ પર કંઈ ડાઘ રહી ગયા હશે તો સુકાયા બાદ પણ પ્રિન્ટ ઊખડશે નહિ. કેટલીક વખત પ્લેટને આમતેમ ગોળ વાળવાથી પ્રિન્ટ ઊખડી જાય છે. છતાં પણ તે ન ઊખડે તો ભીંજાવીને ઉખાડવા અને ફરી પ્લેટ સાફ કરી ચોંટાડવા. ચળકાટ વધારે આવે તે માટે 'ગ્લેઝિટ-સોલ્યુશન'(જે બજારમાં તૈયાર મળે છે)ના અતિ મંદ દ્રાવણમાં બે-ત્રણ મિનિટ સુધી રાખી પ્લેટ પર ચોંટાડવા. પ્લેટ ન હોય તો સ્વચ્છ કરેલો કાચ પણ તેવું જ કામ આપે છે. વીજળીથી પ્લેટ ગરમ કરી, પ્રિન્ટ ચળકાટવાળા થઈ પાંચથી દસ મિનિટમાં સુકાઇ તૈયાર કરી શકાય તેવું 'ગ્લેઝિંગ-મશીન' પણ આવે છે. લગભગ બધા ફોટો-સ્ટુડિયોવાળા તે વાપરે છે. (આવતે અંકે 'એન્લાર્જિંગ')



પ્રિન્ટિંગ-ફ્રેમ: આની પણ રચના જોતાં સહેજે સમજી શકાય તેમ છે કે એ પણ ઘેર જ બનાવી લેવી બહુ મુશ્કેલ નથી.



પ્રિન્ટ કાઢતી વખતે ડીશો અહીં આ આકૃતિમાં દર્શાવ્યું છે એ ક્રમમાં ગોઠવવી જોઇએ. પ્રથમ તદ્દન ચોખ્ખા પાણીમાં ધોએલ પ્રિન્ટને ડેવલપરના દ્રાવણમાં, તેના પરની છાપ સ્પષ્ટ ઉઠાવ પકડે એટલી હદ સુધી ધોઈ છબિ બરાબર વિકસે એટલે ફરી સ્વચ્છ પાણીની અંદર બરાબર ધોવો જેથી તેના પરનું ડેવલપરનું દ્રાવણ ધોવાઇને પ્રિન્ટ બરાબર સાફ થઈ જાય પછી તેને ફિક્સિંગબાથમાં થોડી વાર ધોઇ નાખવો. આથી તેના પરની છાપ કાયમ થઈ જશે.

પચ્ચીસ વર્ષ પહેલાં



માહ '૮૭
અંક ૭૪

'સંસારભરનાં શિશુઓની મહાન સરસ્વતી' મૅડમ મેરીઆ મૉન્ટેસોરીના કાર્યના ગુજરાતમાં આદ્ય પુરસ્કર્તા સ્વ. ગિજુભાઇને હાથે એમનું ચરિત્ર લખાવવાની પહેલ 'કુમારે' આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં કરેલી એટલો ઉલ્લેખ જ બસ છે.

એક નાના મકાનના ગોળાકાર ગુંબજમાં આખા વિશ્વનું (તારક સૃષ્ટિનું) દર્શન કરાવનારું 'પ્લૅનેટોરિયમ' નામનું યંત્ર ત્યારે જર્મનીમાં શોધાએલું. એના પરિચયલેખનો સાર આજે પણ ઘણાને નવો લાગશે :



"આજે યુરોપાદિ દેશોના નાગરિકો પોતાના નગરમાં એક નાના ગૃહના ઘુમ્મટમાં નભોમંડળનાં વિશ્વદર્શન કરે છે! એવા ગૃહને 'પ્લૅનેટોરિયમ' કે તારકગૃહ કહે છે. લગભગ ૬૦૦ માણસ બેસી શકે એટલા મોટા અને ૨૫ વાર વ્યાસના ગોળાકાર એ મકાનમાં પેઠા કે મોટો શ્વેત ઘુમ્મટ દેખાય છે. એ જ ગગનનો ઘુમ્મટ બની જાય છે. જમીન ઉપર પ્રકાશક્ષેપક યંત્ર રાખેલું હોય છે. યંત્રશાસ્ત્ર ને દર્શનશાસ્ત્રના સંલગ્નથી જન્મેલા બાળક જેવું આ વિચિત્ર દેખાતું યંત્ર આધુનિક વિજ્ઞાનનો અદ્ભુત ચમત્કાર છે.

ધોળે દહાડે દુનિયામાં બેઠાં વિશ્વદર્શન કરાવનારું આ યંત્ર વચ્ચે નળાકાર ને બે છેડે બે ગોળાર્ધવાળું હોય છે. એક ગોળાર્ધમાંથી ઉત્તરાર્ધનું નભોમંડળ અને બીજામાંથી દક્ષિણ નભોમંડળ ફેંકવામાં આવે છે. ગોળાર્ધોમાં ભારે પ્રકાશવાળા દીવા રાખેલા હોય છે, ને ગોળાર્ધને ફરતા ૧૬ કાચ (લેન્સ) ગોઠવેલા હોય છે. દરેક કાચની પછવાડે યોગ્ય સ્થાનના તારા દર્શાવનાર છિદ્રપટ રાખેલાં હોય છે. એ છિદ્રોમાંથી પ્રકાશનાં ઝીણાં કિરણ નીકળી ઘુમ્મટપટ ઉપર પડે છે, અને ત્યાં યોગ્ય સ્થાને યોગ્ય તારાનું તેજ પાડે છે. વળી એક ખાસ યોજના વડે આકાશગંગા પણ આબેહૂબ દેખાડાય છે. વીજળીની સાત નાની મોટરો વડે એ ગોળાર્ધ ફરે છે અને તેથી નક્ષત્રમંડળ ફરતું લાગે છે. નક્ષત્રો તેઓના ગગનપથમાં નિત્યક્રમમાં ભ્રમણ કરતા જોઇ શકાય છે. તારા પૂર્વમાં ઊગે છે, માથા ઉપર આવે છે ને પછી પશ્ચિમના ક્ષિતિજ પાછળ આથમે છે. પણ આકાશમાંનો ૨૪ કલાકનો દિવસ આ યંત્ર વડે ૪ મિનિટમાં દર્શાવી શકાય છે! આકાશના પટ ઉપર આપણને નક્ષત્રોની ધીમી ગતિ સમજવી મુશ્કેલ પડે છે, તે આ રીતે ભ્રમણનો ક્રમ ઉતાવળો કરવાથી સરળતાથી સમજી શકાય છે.

વળી આ યંત્ર વડે પોતાના દેશના જ નહિ પરંતુ દુનિયાભરના કોઈ પણ સ્થળેથી આકાશ કેવું દેખાય છે તે જોઈ શકાય છે. એક ચાંપ દબાવતાં મોટર વડે યંત્રની ધરી યોગ્ય દિશામાં ગોઠવાઈ જાય છે. ઉત્તર ધ્રુવના આકાશમાં ધ્રુવનો તારો માથા પર અને મધ્ય રાત્રિનો પ્રકાશમાન સૂર્ય, બધું જોવામાં આવે છે.

વળી પૃથ્વીની ધરી એક જ દિશામાં ફરતી રહેતી નથી, પણ ભમરડાની ધરી પેઠે ત્રાંસી ફરે છે અને ૨૬,૦૦૦ વરસમાં એક ભ્રમણ પૂરું કરે છે. આ યુગમાં ધ્રુવનો તારો ધરીને માથે છે, પણ કેટલાંક હજાર વરસ પછી કોઈ બીજો તારો ધરીની સામે આવશે. પૃથ્વીની આ ગતિને લીધે નક્ષત્રમંડળમાં કેવો તફાવત જણાય છે તે પણ માત્ર એક બટન દાબવાથી જોઈ શકાય છે. ઇસુ ખ્રિસ્તના જન્મ પ્રસંગે 'જ્ઞાની પુરુષોએ' નીરખેલાં નક્ષત્ર કેવાં હતાં, ૧૪૦૦૦ વરસ પહેલાં તેઓની વ્યવસ્થા કેવી હતી, અથવા ૧૦૦૦૦ વરસ પછી કેવી થશે, તે બધું માત્ર ગણતરીબંધ ચાવીઓ ફેરવીને યંત્રને ગોઠવવાથી જોઈ શકાય છે. ફક્ત ૪ મિનિટમાં ૨૬,૦૦૦ વરસનું કાળચક્ર પૂરું થાય છે. જાણે આપણી નજર આગળ દિશાઓ ને કાળ સંકોચાય અને આ યાંત્રિક વિશ્વમાં આપણે દિક્ ને કાળમાં ગમે ત્યાં ફરતા થઇએ છીએ.

આ વિશ્વના અણુથી પણ અણુના માપથી શરૂ કરીને ક્રમસર વધતાં છેક મોટાથી પણ મોટા સુધીનાં માપનો, અણુથી માંડી બ્રહ્માંડ સુધીનો એકસામટો ખયાલ આપતો, એક અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રીએ તૈયાર કરેલો કોઠો, ડૉ. કાન્તિલાલ પંડ્યાએ ત્યારે આપેલો તે રસમય છે:

·000,000,000,000,0૬ તસુ	વિદ્યુતકણ—'ઇલેક્ટ્રૉન'	૧૦,૦૦,૦૦,૦૦૦ માઈલ	પૃથ્વી ને સૂર્ય વચ્ચેનું અંતર
·000,000,000,00૬ તસુ	... ...	૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ	સૂર્યમંડળનો વ્યાસ
·000,000,000૬ તસુથી ·000,000,0૬ તસુ લગી	પરમાણુ—'ઍટમ'	૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઈલ	... ...
·00,00૬ તસુ	સાબુના પરપોટાનું પડ	૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઈલ અર્થાત્ ૧૭ પ્રકાશ-વર્ષ	પાસેમાં પાસેના તારાનું અંતર
·000૬ તસુ	'ટિશ્યુ પેપર'ની જાડાઈ	૧૭૦૦ પ્રકાશ-વર્ષ	સ્થાનિક તારાગણનો વ્યાસ
·0૬ તસુ	... ...	૧,૭૦,૦૦૦ પ્રકાશ-વર્ષ	પાસેના 'ગૅલૅક્ટસ'નું અંતર અથવા 'કૉસમૉસ' એટલે કે વિશ્વનો વ્યાસ
૬·૩ તસુ	સાધારણ ઈંટની લંબાઈ		
૬૩૩·૬ તસુ=·0૧ માઈલ	સાધારણ ઘરની પહોળાઇ		
૧ માઈલ	... ...	૧,૭૦,૦૦,૦૦,૦૦૦ પ્રકાશ-વર્ષ	૧૦૦ તસુના વ્યાસવાળું દૂરદર્શક યંત્ર જ્યાં લગી જોઈ શકે તેથી ૬ ગણું અંતર
૧૦૦ માઈલ	અમદાવાદથી ભરુચ જેટલું		
૧૦,૦૦૦ માઈલ	પૃથ્વીનો વ્યાસ		
૧૦,૦૦,૦૦૦ માઈલ	પૃથ્વીની ૪૦ વાર પ્રદક્ષિણા	૧,૭૦,૦૦,૦૦,૦૦,૦૦૦ પ્રકાશ-વર્ષ	આઇન્સ્ટાઇન-બ્રહ્માંડનો વ્યાસ



એક કરોડ ને વીસ હજાર ચોરસમાઇલના વિસ્તારવાળો આ આફ્રિકા ખંડ અઢાર કરોડની માનવવસતિ ધરાવે છે. એની વધુમાં વધુ લંબાઈ તથા વધુમાં વધુ પહોળાઈ એકસરખી-૫૦૦૦ માઈલની છે. કિલિમાંજારો (૧૯,૬૮૦ ફૂટ), રૂવેન્ઝોરી (૧૯,૦૦૦ ફૂટ) અને કિનિયા (૧૮૦૦૦ ફૂટ) જેવાં એનાં ત્રણ ગિરિશિખરો દુનિયાના ગિરિરાજોની હોડમાં ઊભાં રહે એવાં છે. સાડા ત્રણ હજાર માઈલ લાંબી એની નીલ નદી જગતભરની સરિતારાણીઓની હરોળમાં વિરાજે છે. એની ઝામ્બેઝી નદી તથા તેના વિકટોરિયા ધોધની, એનાં ટાંગાન્યીકા વિકટોરિયા ન્યાંઝા ને ચાડ જેવાં સરોવરોની જગતભરમાં નામના છે. આવડા મોટા આ ખંડનો ત્રીજો ભાગ જોકે સહરા જેવા વિશાળ ને વિકટ રણે રોક્યો છે, છતાં એનો વિપુલ વનસ્પતિવૈભવ ને અમૂલ ખનિજસમૃદ્ધિ દુનિયામાં અનન્ય છે. જગતભરની સોનાની નીપજનો ચોથો ભાગ ને હીરાના ઉત્પન્નનો તો ૪/૫ એકલું આફ્રિકા પોતાના ઉદરમાંથી આપે છે. તેજનાઓથી લચી રહેલાં વનો ઉપરાંત રબર, સાગ, કૉફી ને સાકર વડે આફ્રિકાની ભૂલક્ષ્મી જગતને રેલી રહી છે. અહીંનો સુદાનનો પ્રદેશ જગતભરનું ઉત્તમ રૂ પકવનારો હરીફ છે. વિકરાળ સિંહો, જંગી હાથીઓ ને શાહમૃગનાં ટોળાંથી એનાં જંગલો ઊભરાય છે ને માછલીઓની વિવિધ જાતોથી ભરેલો સાગરરાજ, ચોમેરથી એનાં ચરણ પખાળે છે.

પણ સમૃદ્ધિથી છલી રહેલો આ દેશ આજે યુરોપની વિવિધ રાજસત્તાઓને હાથ ફસાએલો પડ્યો છે, અને તેમાંથી તેઓ અકરાંતિયા થઇને રસકસ ચૂસ્યે જાય છે. બ્રિટિશ આફ્રિકા ખુદ ગ્રેટબ્રિટન કરતાં ૩૭ ગણો વિસ્તારમાં છે; ફ્રેન્ચ આફ્રિકા ફ્રાન્સ કરતાં ૧૮ ગણો, ઇટાલિયન આફ્રિકા ઇટાલી કરતાં છ ગણો, પોર્ચ્યુગીઝ આફ્રિકા પોર્ટુગાલ કરતાં ૨૬ ગણો અને બેલ્જિયમ આફ્રિકા બેલ્જિયમના કદથી ૮૦ ગણો મોટો છે!

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(119) Morar Pragjibhai Kansara, C/o Shyam Photo Studio, Gheekanta Road, Post Office Street, Ahmedabad—17, Stamps, Reading, Match-Lables; (120) Narendra K. Parikh, 146 Jain Society, Ground Floor, Block 2, Sion, Bombay-22—17, Stamps, Riding, Cricket; (121) M. N. Roy, 27 Kumar Mahal, Aimai Merwanji Street, Parel, Bombay-12—18, Reading, Writing, Travelling, Photography, Drawing, Child-Psychology; (122) Jayantilal B. Thakkar, Khad khad Line 4, Veraval (Saur.)—20, Stamps Drawing, Games; (123) Mukesh B. Vadera, Dinesh Bhavan, Amreli (Bom. Pr.)—20, Stamps, Radio-Listening, Film Star Photo-Collecting; (124) Jayant J. Adatia, Feriya Pa, Amreli—18, Reading, Writing, Radio-Listening; (125) Chhelshanker D. Shukla, Feriya Pa, Amreli—21, Music, Radio-Listening, Travelling; (126) Rameshkumar V. Bhonde, 343 Astodia Chakla, Ahmedabad–20, Stamps, Reading; (127) Bhanuprasad G. Shah, Gajjar's Bunglow, Astodia Rd., Ahmedabad—19, Photography, Reading; (128) Praful G. Shah, 1195/2 Salvi–Pole, Jamalpur, Ahmedabad—20, Reading, Economics, Politics, Travelling, Films, Stamps; (129) Rasiklal Ratilal Shah, Cashier–Vora & Co. Publishers Ltd., 3 Round Bldg., Kalbadevi Rd., Bombay-2—23, Stamps, Coins, Photography, Music; (130) Vinod Panachandbhai Parikh, C/o P. H. Parikh, 'Hari-harsha' Panchavati, Maninagar, Ahmedabad-8—18, Music, Cinema, Games; (131) Hiralal P. Sanghvi, C/o P. K. Sanghvi, Sanghvi Street, Dhrangadhra (Saur.)—19, Stamps, Cycling, Photography, Outing; (132) Kanubhai Ramanlal Parikh, Mandvi-Pole, Dev-Sheri, Choksi-Nivas, Ahmedabad—16, Photography, Stamps, Coins, Cricket; (133) Mukund Harilal Raval, 1252 Padi Pole, Mandvi-Pole, Ahmedabad—20, Stamps, Coins, Photography, Tennis; (134) Jaydeo R. Valera, Bldg. No. 2/835, Modi Wad, Jamnagar—18, Photography, Cinema, Travelling, Games; (135) Mahesh H. Oza, 661 Avichal Bhavan, Bhavnagar (Sau.)—18, Cycling, Stamps, First Day Covers; (136) Pravinachndra Jayantilal Shah, Mandvi-Pole, Mali-Khancho, Ahmedabad—18, Cricket, Reading, Walking; (137) Pravinchandra Punamchand Desai, 58 Cotton-Chawl, Panjara-Pole, Ahmedabad-1—20, Stamps, View-Cards; (138) Hasmukh Shah, Ajitsinhji High School, Dhrangadhra—17, Picnics, Photography, Painting, Swimming, Horse-Riding; (139) Madhusudan Sakarlal Pandya, Shankerdas Desai's Khadki, Desai Vago, Nadiad—18, Stamps, Cricket, Painting; (140) Hasmukh H. Bibodi, Bibodi Street, Jamnagar—16, Traveling, Guj Literature, Cinema; (141) Vasudev P. Raval, Shanta Bhavan, II St. Xavier's High School Road, Vile-Parle (West), Bombay-24—15, Stamps, Table-Tennis, Bad-mington, Photography; (142) Dhimant, C/o L. N. Sanghvi, Gandhi Chowk, Dhrangadhra (Saur)—14, Stamps, Autographs, Photography; (143) Prabhu Chunilal Raipara, Soniwad, Porbandar—20, Social Manners, International Politics, Photoes of Well-known Places, Stamps; (144) Deepak N. Parikh, C/o N. R. Parikh, Deepak Kunj, Shahi Bag, Camp-Road, Ahmedabad-4—15, Stamps, Cricket, Sports; (145) Khushvadan Jaysukhlal-Shah, Labour Court, Bombay-11—27, Child-Psychology, Theosophy, Scouting, Languages, Creative Art with Trading View; (146) Gunvant Sheth; C/o Gandalal P. Sheth, Lavar-Vas, Kalol (N. G.)—19, Stamps, Coins, View-Cards, First Day Covers; (147) Umakant H. Shastri, A.T.A. (Ind.), Dhana Suthar's Pole, Shastriji's Khancho, Ahmedabad-1—36, Palmistry, Human Psychology; (148) Suresh C. Ghatalia, C/o C. T. Ghatalia, Sobhag Bhavan, Navroz Street, Ghatkopar, Bombay-39—16, Stamps, Cigarette-Cards; (149) Hasmukhlal Mulchanddas Shah, Khadia Para, Dhinoj, Dist. Mehsana (N.G.)—17, Sports, Painting, Music, Literature, Travelling; (150) Mukund G. Barchha, Barchha Street, Khambhalia (Saur.)—16, Politics, Economics; (151) Vinod Shantilal Choksi, Mandvi's Pole, Opp. Padi Pole, Ahmedabad—18, Photography, View-Cards; (152) Navin Dahyabhai Choksi, Add. as above—19, Travelling, Photography, Short Stories; (153) Hemant Chhabildas Modi, C/o Chhabildas Khimchand Modi, Sobhag Bhavan, Navroji Lane, Ghatkopar, Bombay-39—18, Stamp-Collecting, Reading; (154) Suresh K. Shah, C/o Kantilal Nagindas, 2456 Timba Pole, Near Swaminarayan Temple, Ahmedabad—16, Stamps, Playing Cards, Games; (155) Bharatkumar Gandhi, Savita-Sadan, 3 Rajput Para, Rajkot (Saur.)—20, Photography, Cinema, Cine-Technique, Cricket, Politics; (156) Nand Kishore Saraf, C/o Ganesh Das Bhio Raj, Maha Laxmi Market, Chandni Chowk, Delhi-6—18, Stamps, Photography, Cricket, Volley-Ball; (157) Suresh V. Shah, C/o Stamp Exchange Circuit Club, 63 Dhanji Street, 5th Floor, Bombay-3—17, Stamps; (158) Vakil Nitin N., 1160 Nagina Pole, Shahpur, Ahmedabad—16, Writing, Sports, Movies; (159) Vallabhbhai K. Patel, 1158/3 Nagina Pole, Shahpur, Ahmedabad—18, Writing, Poetry, Languages. (ચાલુ)

લોભી અને ધુતારાની કથા .... સપ્તતંત્ર-૧

લોકોનાં સામાજિક દૂષણો, રાજકીય બદીઓ તથા વ્યક્તિગત વિચિત્રતાઓ ઉપર કટાક્ષ કરતી વાર્તાઓના અનેક પ્રકાર જુદાજુદા દેશમાં જુદાજુદા કાળે લખાય છે. ભાઇ નવનીત સેવક એ જ રીતે આપણી પ્રાચીન 'પંચતંત્ર'ની બોધકથાઓની ઢબે આધુનિક જીવન પર હળવી શૈલીમાં 'સપ્તતંત્ર'ની કથાઓ અમદાવાદના સાંજના દૈનિક 'લોકનાદ'માં છાપતા આવ્યા છે. એમની એવી એક નવી કથા આ નીચે આપી છે. વાંચકો જોશે કે તેની કથનશૈલી આપણી પ્રાચીન કથાઓની ઢબે તેમજ આપણા પુરાણીઓના કથાવાચનની શૈલીએ યોજી છે અને વચ્ચે આવતાં બોધકથનો 'પંચતંત્ર'ના તેવા શ્લોકની ઢબે જ આધુનિક યુગ પરના કટાક્ષો ગૂંથીને રચ્યાં છે.

કોઇ એક વેળાએ ગુજરાત નામે દેશમાં લુણાદ નામે ગામને વિષે તલકચંદ નામના વણિક વસતા હતા. બાપદાદાના વખતથી ખેડૂતોમાં ધીરધાર કરવાનો ધંધો છે જેનો, એવો તે તલકચંદ ત્યાર બાદ પૂર્વજોના પગલે ચાલીને એકના એકવીસ ગણા ધનને પામ્યો. ત્યાર પછી વર્ષાઋતુને સમયે જ્યારે ખેતરોમાં પુષ્કળ ધાન્ય પાક્યું હતું, ખેડૂતો અનાજથી થનારી આવક વિષે વિચાર કરીને આનંદ પામતા હતા, ત્યારે જેના **મનમાં** ચિંતાએ વાસ કર્યો છે એવા તે તલકચંદ નામે વણિકે વિચાર્યું, 'અહો! મારા દેણદાર સઘળા ખેડૂતો ધનવાન થઈ જવાના! હવે તો મારા માગતા બધા પૈસા મને મળી જવાના! એકનાં એકવીસ ગણાં વ્યાજ હું હવે ક્યાંથી ચઢાવીશ? હા! હવે હું મૂઓ!'

કહેવામાં આવ્યું છે કે-**ડૉકટરો રોગચાળાને ઇચ્છે છે, વકીલો લડાઈ-ઝઘડાને ઇચ્છે છે, સંઘરાખોરો અછતને ઇચ્છે છે અને (ધીરધારવાળા) વણિકો દુષ્કાળ ઇચ્છે છે...(૧)**

ત્યાર પછી નાનાં ગામોમાં ધીરધારના ધંધામાં લાભ દેખાયો નથી જેને, એવા તે તલકચંદ નામે વાણિયા વડે પોતાના બધા દેણદારો પાસેથી માગતા પૈસા ઉઘરાવી લેવાનું ઇચ્છાયું. અને એ વણિકપુત્ર અનાજનાં ગાડાં ભરાવતા ખેડૂતો પાસે ગયા અને બોલ્યા, 'હે બંધુઓ! અનાજના ઢગલા પરથી તમે સારું એવું ધાન્ય ઉત્પન્ન કર્યું હોય એમ લાગે છે. માટે, જો તમે એ વેચવાથી યોગ્ય ધન મેળવો તો મને મારી માગતી રકમ પાછી આપી દેશો.'

ત્યાર પછી તેમ કરવામાં આવતાં તે અત્યંત પ્રસન્ન થયો અને મનમાં જ બોલવા લાગ્યો, 'આહા! મારા પૂર્વજોમાંથી કોઈની પણ પાસે આટલા પૈસા સામટા નહિ આવ્યા હોય, માટે લાવ મને કોઈ મોટા શહેરમાં જઈને કોઇ એક ઉત્તમ ધંધામાં મિલકત રોકવા દે! કેમકે......

હાથમાં રહેલું ધન નિષ્ક્રિય રહેવાથી તે મોજશોખમાં કે શબ્દરચના-હરીફાઇઓમાં નાશ પામે છે માટે સુખી જીવન ગાળવા ઇચ્છનારે તેને કોઈ ધંધામાં રોકવું......(૨)

આ પ્રમાણે વિચાર કરેલો છે જેણે, એવા તે તલકચંદ નામે વણિકે ત્યાર બાદ સો સો રૂપીઆની થોડી નોટો બંડીના ખિસ્સામાં મૂકીને તેના પર બે ડગલા પહેર્યા અને મુંબાઈ નામે નગર તરફ પ્રયાણ કર્યું.

ત્યાર પછી, રેલગાડી જ્યારે ગડગડાટ કરતી દોડતી હતી, સેવચેવડા તથા પીપરમીટવાળા ફેરિયાઓની બૂમો સંભળાતી હતી, ભજિયાં ખાઇ-ને નંખાએલાં કાગળિયાં આમતેમ ઊડતાં હતાં ને ખડખડ અવાજ કરતો પંખો ફરતો હતો ત્યારે ડબામાં બેઠેલા તલકચંદ પાસે સામેની જગા પર બેઠેલો એક માણસ આવ્યો અને બોલ્યો, 'હે ભાઈ! તમે ધીરધાર કરનારા હો એમ લાગે છે. માટે જો એમ હોય તો કૃપા કરીને મારી પાસે આ બટન છે તે સોનાનાં છે કે કેમ તે જુઓ.'

તેનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને તે તલકચંદ તેના પ્રતિ બોલ્યા, 'હે મિત્ર! તમે કોણ છો અને આ બટન શા માટે મારી પાસે તપાસાવડાવો છો તે કહો.'

તેનું કથન શ્રવણ કરીને મુસાફર બોલ્યો, 'ભાઈ! મારી વાત હું તમને કહું છું; પણ લ્યો, આ બીડી સળગાવો!'

પરંતુ તેણે વારંવાર આગ્રહ કર્યાં છતાં પણ તે વણિકે બીડી લીધી નહિ. કહ્યું છે કે......

દુશ્મનનું, બેવફા થએલી સ્ત્રીનું, જ્ઞાન વિનાના વૈદ્ય-ડૉકટરોનું, દ્રવ્ય-હરણ કરવાની ઇચ્છાવાળા મિત્રનું કે રેલ-ગાડીમાં મળેલા અજાણ્યાનું આપેલું કંઈ જ ખાવું કે પીવું નહિ......(૩)

વારંવાર આગ્રહ કર્યા છતાં પણ જ્યારે તલકચંદે બીડી ન લીધી ત્યારે તે મુસાફર પોતે જ એક બીડી સળગાવીને પોતાની વાત કહેવા લાગ્યો.

મુસાફરની વાત

'હે ભાઈ! મારી વાત તો (ઘણી) લાંબી છે. હું નડિયાદ નામે શહેરના નિવાસી ચતુર્ભુજ નામે સોની છું. નાનપણમાં જ મારા પિતા મારા માટે પુષ્કળ સંપત્તિ મૂકીને મરી ગયા હતા. મારી નાની ઉંમર જોઇને મારી સંપત્તિ હસ્તગત કરી લેવાની ઈચ્છાવાળાં અનેક સગાંઓએ ટ્રસ્ટી તરીકે કામ કરવાની ઇચ્છા દર્શાવી. કહ્યું છે કે-

માખી વિનાનું મધ, આશરા વિનાની સ્ત્રી, કાંટા વિનાનું ગુલાબ અને રક્ષક વિનાનું ધન લેવા સહુ ઇચ્છે છે...(૪)

સગાંઓની ઈચ્છા સમજી ગએલી છે જે, એવી મારી માતાએ તે પછીથી કોઇને મિલકત નહિ સોંપતાં પોતે જ તે સાચવવાનું નક્કી કર્યું.

ત્યારબાદ પૈસા છૂટથી મળતા હોવાને કારણે નાનપણથી જ હું છૂટા હાથવાળો બન્યો, અને મોટો થતાં પણ સારાસાર-બુદ્ધિને પામ્યો નહિ. જેના વડે આ મિલકતને હું ભોગવી રહ્યો હતો એવી તે સોની-વિદ્યાને પણ મેં પ્રમાદથી કરીને મેળવી નહિ તથા આળસુ બનીને હું દ્રવ્યનો વ્યય કરવા લાગ્યો. એ પછીથી ઉંમરલાયક થતાં મારી માતાએ બધી મિલકત મને સોંપી દીધી. સારાસાર-બુદ્ધિને નહિ મેળવેલો એવો હું પણ, 'હવે મારે કોઇને ખર્ચ અંગે જવાબ આપવાનો રહ્યો નહિ' એવો વિચાર કરીને આનંદમાં આવ્યો.

તે પછીથી જેમજેમ સમય વીતતો ગયો તેમતેમ મારા મિત્રોની સંખ્યા વધતી જવા લાગી, તથા ધન ઘટતું જવા લાગ્યું. કહ્યું છે કે-

સાઠ વર્ષ ગયાં પછીની બુદ્ધિ, અભિનેત્રીની ઉંમર, પૈસા મળ્યા પછીનો વિવેક અને (સ્વાર્થી) મિત્રોની સોબતમાં ધન, એ ચારે સમય વીતતાં ઘટયા કરે છે......(૫)

આ પ્રમાણે થતાં, ધન અને મિત્રોની મૈત્રી નાશ પામી ગઈ છે જેની, એવો હું તે પછીથી ઘણા સંકટને વિષે આવી પહોંચ્યો, અને જેવી રીતે ભારતને સ્વાતંત્ર્ય આપીને અંગ્રેજો પસ્તાયા તેવી રીતે પસ્તાવા લાગ્યો.

ત્યાર પછી, ઘરમાં જ્યારે ખાવા અનાજ પણ ન રહ્યું ત્યારે મારી માતાએ મને બોલાવીને કહ્યું, 'હે પુત્રક! તારા વડે કરીને તારા પિતાએ ઉપાર્જન કરેલી સઘળી મિલકત ખવાઈ ગઈ છે, તો હવે ગુજારો ચાલુ રાખવા માટે તું કાંઈક ધંધો શોધી કાઢ વગેરે.

તેને આમ કહેતી જોઇને મેં પશ્ચાત્તાપ કરતાં કહ્યું, 'હે માતા! મારા પિતાની સર્વ સંપત્તિ મેં મૂર્ખાએ વેડફી નાખી છે. હવે હું શું કરું?'

ત્યારે માતા બોલી, 'હે વત્સ! અમદાવાદ નામે નગરમા જઇને મનુષ્યો દ્રવ્યોપાર્જન કરે છે એવું મેં સાંભળ્યું છે, માટે તું ત્યાં જા અને ધન તથા કીર્તિને મેળવ!'

તેની આજ્ઞા મેળવીને એ પછી હું અમદાવાદ ગયો. પરતુ અનેક અરજીઓ કર્યા છતાં પણ કંઈ નોકરી ધંધો મેળવી શક્યો નહિ. ત્યાર બાદ આમ થવાથી અત્યંત નિરાશ થએલો એવો હું મારે ગામ પાછો ગયો, તથા કોઇ ધંધો કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. કહ્યું છે કે....

નોકરી એ ઉત્તમ છે, વેપાર એ મધ્યમ છે અને ખેતી એ કનિષ્ઠ છે; માટે સૌ પ્રથમ નોકરી, તે ન મળે તો વેપાર અને છેવટે કંઈ ન મળે તો ખેતી કરવી......(૬)

આ પ્રમાણેનો વિચાર કરીને મેં મારા પિતાજીના એક મિત્ર પાસેથી ઉછીના કરીને પૈસા લીધા તથા જાતજાતના વેપાર કરવાની યોજના ઘડી; પરંતુ તેમાં કંઈ નફો નહિ મળતાં ઉદાસ થઇ ગયો. મને આ પ્રમાણે નિરાશ થઈ ગએલો જોવાથી દિલ દુભાયું છે જેનું, એવા મારા એક મિત્રે કહ્યું, 'હે બંધુ! તું આમ માથે હાથ દઇને કેમ બેઠો છે? શું તેં સાંભળ્યું નથી, કે શાન્ત રહીને તથા ધીરજ રાખીને રાહ જોવાથી દૈશનિગની જેમ નિષ્ફળતા પણ જતી રહે છે? માટે હે વયસ્ક! શાન્ત મગજ રાખીને તારે શી મૂંઝવણ છે તે મને કહે.'

તે મિત્રનાં આવાં વચન શ્રવણ કરીને, 'આ મારા માટે માર્ગ શોધી કાઢશે' એવા વિચારથી મન શાન્ત થયું છે જેનું, તેવા મારા વડે તેને સઘળી વાત કહેવાઈ, અને તે સાંભળીને તે પણ મારા પ્રત્યે બોલ્યો, 'હે મિત્ર! તો પછી તું ચોરીનો માલ સંઘરવાનો ધંધો કેમ કરતો નથી? કેટલાક સોનીઓ તો આ ધંધામાં સારુ ધન પેદા કરે છે. તો તું પણ તેમના માર્ગને અનુસર.'

તે બાદ તેની સલાહને અનુસરીને હું ચોરીના માલને સંઘરવાનો તથા વેચવાનો ધંધો કરીને ઉન્નતિને પામ્યો, તથા સારુ એવું ધન પેદા કરીને આનંદમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો. આજે આ બટન પણ એવી જ રીતે લીધેલાં છે તથા રાત્રે મને બરાબર સૂઝવું ન હોવાને લીધે મેં તમને બતાવ્યાં છે.'

આ પ્રમાણે પોતાની વાત પૂરી કરીને તે ચતુર્ભુજ નામે સોનીએ તે તલકચંદને આ પ્રમાણે પૂછ્યું, 'મિત્ર! હવે તમે કોણ છો અને કયા સ્થાનને વિષે પ્રયાણ કરો છો તે કૃપા કરીને મને કહો.'

તેનાં આવાં વચન સાંભળીને તલકચંદ નામે તે વણિકે તેને પોતાની વાત કરી અને બોલ્યો, 'હે ચતુભુજ! મારે પણ મારુ ધન કયા ધંધામાં રોકવું તેની મને ખબર પડતી નથી. માટે જો તમારા ધંધામાં સારી આવક થાય એમ હોય તો મને પણ થોડોઘણો વેપાર કરવા દો, અને તે કેમ થાય તે મને બતાવો!'

તે પરથી તે ચતુર્ભુજ નામે સોનીએ કહ્યું, 'હે મિત્ર! અનુભવ વડે ઘડાઇ ગએલો હોવાથી હું કોઇનો વિશ્વાસ કરીને ધંધાની રીત બતાવતો નથી. કહેવાય છે કે......'

સ્ત્રીને મનની વાત, નોકરને તિજોરીની ચાવી અને અજાણ્યાને ધંધાની રીત બતાવી દેનાર મૂર્ખમાં ગણાય છે......(૭)

તે છતાં પણ હે તલકચંદ! તમે મારી સાથે આટલી સારી રીતે વર્ત્યા છો તો હું તમોને મારી પાસેનો થોડોઘણો માલ આપીશ જેથી કરીને તમે પણ મારી જેમ પુષ્કળ ધનને પામશો. પરંતુ વયસ્ક! તમારે એમાંથી મને પોતાને નામનું પણ કમિશન પ્રદાન કરવું પડશે.'

તે બાદ પોતાનાં નાણાં સારા ધંધામાં રોકાયાં છે એ જાણીને અત્યંત હર્ષ પામતો એ તલકચંદ તેમ કરવાને ખુશી થયો. ત્યાર પછીથી નડિયાદનું સ્ટેશન આવી લાગતા જ્યારે ઊતરી જનાર મુસાફરોની તૈયારીઓ ચાલતી હતી, બૅગ-બિસ્તરા બંધાતા હતા, વેરવિખેર થઈ ગએલાં બૂટ-ચપલો શોધાતાં હતાં તેમજ ઊંઘી ગએલાં સબંધીઓને જગાડાતા હતા ત્યારે તે ચતુર્ભુજ નામે સોનીએ તે તલકચંદને કહ્યું, 'હે ભાઈ! તમારો કોઈ ઓળખીતો મળે તો પણ તમો આપણે શા કામે જઇએ છીએ તે જણાવશો નહિ કારણકે ચોરીના માલનો વેપાર કરવો તે ગુનો ગણાય છે.'

તે પછીથી ચતુર્ભુજ નામે સોનીની પાછળ જતા વણિકથી વિચારાયું, 'અહો! આજે તો મારા ભાગ્યનો વેગ અત્યંત વધી ગયો હોય એમ લાગે છે! જો આ સોની પાસેથી લીધેલા માલના મને સારા પૈસા ઊપજશે તો હું પણ મારા લુણાદ નામે ગામમાં જઇને આવો જ ચોરીનો માલ સંઘરવાનો તથા વેચવાનો ધંધો કરીશ તથા આબાદીને પામીશ!'

આ પ્રમાણે વિચાર કરીને હર્ષ પામતો તથા અત્યંત રાજી થઈ ગએલો તે તલકચંદ ત્યાર બાદ તે ચતુભુજને અનુસરતો નડિયાદ નામે ગામની ભાગોળે આવી પહોંચ્યો. ગામના છેડા આવી ગએલો જોઇને વ્યાકુળ થઈ ગએલા ચિત્તવાળો તલકચંદ ચતુર્ભુજને આ પ્રમાણે પૂછવા લાગ્યો, 'હે ભાઈ! હવે તો ગામનો છેડો આવી પહોંચ્યો, આપ મને આમ દૂર દૂર ક્યાં લઈ જવા માગો છો તે કૃપા કરીને સમજાવશો.'

તેનાં આ વચન શ્રવણ કરીને ચતુર્ભુજ બોલ્યો, 'મિત્ર! મારો ધંધો ગુપ્ત હોવાથી તથા સરકારના રાજસેવકોથી છૂપો રાખવાનો હોવાથી મેં મારુ સ્થળ ગામથી દૂર રાખ્યું છે; માટે તમે કોઈપણ જાતનો ડર રાખ્યા વિના મારી પાછળ પાછળ ચાલ્યા આવો.'

તેથી શંકા નિર્મૂળ થઈ જવાથી તે વણિક તેને અનુસરતો ગામને છેવાડે આવેલા એક મકાનમાં આવી પહોંચ્યો, તથા તે સોનીએ આગ્રહ કરીને આપવા માંડેલ ચા તથા નાસ્તાને તેમજ પાણીને પણ નહિ સ્વીકારતાં ત્યાં બેઠો. તે પછીથી 'હું ગામમાં જઇને માલ લઈ આવું' એમ કહીને તે સોની પેલા વણિકને ત્યાં જ બેસાડીને ગામ તરફ રવાના થયો.

તેના ગયા પછીથી, 'હમણાં તે સોની માલ લઇને આવશે તથા હું અત્યંત સસ્તા ભાવે સુવર્ણ વગેરે કીમતી ધાતુઓને મેળવીને સંતોષ પ્રાપ્ત કરીશ.' એવા વિચારો કરતો તે સોની ત્યાં બેઠો. ત્યાર બાદ જ્યારે સંધ્યાનો સમય થયો હતો, આખા ગામમાં ફરીને કાગળ, એંઠવાડ વગેરે ખાઇને ગાયો વગેરે પાછી ફરી રહી હતી, પાણીમિશ્રિત દૂધ વેચાઈ જતાં રાજી થતી રબારણો ઘેર જતી હતી ત્યારે તે સોની પાંચ છ જણને સાથે લઇને તે વણિક પાસે આવ્યો અને તેને સુવર્ણના કહીને કેટલાક પિત્તળના-અલંકારો વેચવાની વાત કરવા લાગ્યો.

આ પરથી, 'હું છેતરાયો છું' એવા વિચારથી અત્યંત પસ્તાતો તે તલકચંદ વિચારવા લાગ્યો, 'અહો, મેં લોભમાં પડીને મારુ બધું જ ધન ગુમાવવાનો ધંધો કર્યો છે. કહ્યુ છે કે...

ગરજથી મનુષ્ય અક્કલ ગુમાવે છે, ધનથી વિવેક ગુમાવે છે, અને વિલાસથી ધન ગુમાવે છે; પરંતુ લોભ તો અક્કલ, વિવેક અને ધન ત્રણેનો નાશ કરે છે......(૮)

ત્યાર બાદ પિત્તળના અલંકારો સુવર્ણના ભાવે ખરીદવાનો આગ્રહ કરવામાં આવ્યો છે જેને, એવા તે તલકચંદે કહ્યુ, 'ભાઇઓ! ખરેખર તમે જે સુવર્ણના અલંકારો મને આપો છો તેમાં મને મોટો નફો મળે એવું છે. આવો સરસ ધંધો તમે મને બતાવ્યો એ માટે હું તમારો આભાર માનું છું, અને તમારા બધા જ અલંકારો ખરીદ કરી લઉં છું.'

આ પ્રમાણે તે વણિકનું બોલવું સાંભળીને અત્યંત આનંદ પામતા તે ચતુર્ભુજે તેને અલંકારો આપી દીધા. પછી તે તલકચંદે કહ્યુ, 'હે બંધુ! મારો વિચાર તો હજી પણ વધુ અલંકારો લેવાનો છે, (અનુ. પૃ. ૬૫મે)

કલાવાર્તા

સૌરાષ્ટ્રી શૈલીનું ભીંતચિત્ર

ગયા અંકમાં પાલીતાણાનાં જૈન મંદિરોની દીવાલો માટે કરેલાં ગુજરાતની તળપદી ચિત્રશૈલીની પરંપરા ઉપર કરેલાં ભીંતચિત્રોનો પરિચય કરાવ્યો હતો; એ જ પ્રકારે સૌરાષ્ટ્રમાં છેલ્લા સૈકાઓમાં રાજમહેલો, મંદિરો તથા નાગરિકોની ભીંતો પર ચીતરાતાં, સાદી લોકગમ્ય શૈલી(જે મોટેભાગે મકાનની સાથોસાથ કડિયા-સલાટો દ્વારા થતી હોઈ શ્રી રવિશંકર રાવળે તેને 'સલાટી શૈલી' કહી છે તે)ની પરંપરાએ તાજેતરમાં જ કરાએલાં બીજાં ભીંતચિત્રોનો પરિચય આ વખતે કરાવતાં આનંદ થાય છે, જે કદાચ આખા પશ્ચિમ હિંદમાં મોટામાં મોટું—૯૬ ફૂટ લાંબું અને ૪ થી ૫ ફૂટ ઊંચાઇનું છે! આ સાથે તેનો ખયાલ આપતા સ્ફુટક નમૂના રજૂ કરવા ઉપરાંત આ અંકના પાછલા પૂઠા પર તેની ત્રણ મોટી પટ્ટીઓ છાપી છે, અને શ્રી રવિશંકર રાવળે એનો પરિચય કરાવતાં લખેલી એક અંગ્રેજી નોંધનો સારભાગ આ નીચે આપીએ છીએ. જામનગરનું 'શ્રી ગુલાબકુંવરબા ધન્વન્તરિ આયુર્વેદ મહાવિદ્યાલય' એ ભારતની એક આગળપડતી સ્થાપત્યરચના ગણાય. સૌરાષ્ટ્રના રાજપ્રમુખ નામદાર જામસાહેબના સમાશ્રયથી તાજેતરમાં ઊભા કરાએલા એ ભવનમાં સૌરાષ્ટ્રના જ એક ભૂમિજાત કલાકાર લાઠીના કુમાર શ્રી મંગળસિંહના હાથે ચીતરાએલી ઉપર્યુક્ત કૃતિમાં આયુર્વેદ વિદ્યાના આચાર્ય ચરક પાસે દેશવિદેશના વિદ્યાર્થીઓને શીખવા આવેલા આલેખ્યા છે.

ભીંતચિત્ર સામાન્યરીતે વિશાળ જનતાને સમજાય તથા સ્પર્શે તેવા વિષયનું અને હારબંધ ચિત્રોમાં, જેમજેમ તે જોવાતાં જાય તેમ તેમ તેનો કથાબોધ થતો જાય તેવી વર્ણનાત્મક ઢબે આલેખાએલું હોવું જોઇએ, અને તેની ચિત્રશૈલી સાદી સળંગ રેખાઓમાં સુશોભન-મંડિત અને રંગભભકવાળી હોવી જોઇએ. આ બધી અપેક્ષાઓને સંતોષતું કુમારશ્રી મંગળસિંહજીનું ભીંતચિત્ર સૌરાષ્ટ્રને ગૌરવ અપાવે એવી એમની સર્જક પ્રતિભાની પ્રતીતિ કરાવે છે.

ઉપર કહ્યું તેમ સૌરાષ્ટ્રનાં છેલ્લા સૈકાઓનાં ભીંતચિત્રોની 'સલાટી શૈલી'ની પરંપરાને પોતાના આધુનિક જ્ઞાન વડે સંસ્કારીને નિરૂપેલું હોવા છતાં આ ચિત્રમાં ભારતીય સંસ્કૃતિની હજારો વર્ષથી ચાલી આવેલી પ્રાચીનતાનું વાતાવરણ તેઓ સાક્ષાત કરાવે છે. ઇતિહાસના ગર્ભમાંથી જીવંત કર્યા હોય તેવાં એમનાં પાત્રો એ કાળની ઉપાસનાયુક્ત ને સાત્વિક જીવનપ્રણાલીની છાપ પાડ્યા વિના રહેતાં નથી. ભગવાન ધન્વંતરિની મધ્યવર્તી મૂર્તિમાં કલાકારે કરેલું નિગૂઢ ને પારલૌકિક ભાવાલેખન પ્રશસ્ય છે. એની આગળ આપણે જાણે આ લૌકિક જગતને ઘડીભર વીસરી જઈને, આયુર્વેદના મહાન આચાર્ય ચરકની દોરવણી નીચે ચિકિત્સાવિદ્યા તથા શસ્ત્રવિદ્યાનાં ઉજ્જવલ સત્યોના સ્થાપક તપસ્વી વિદ્વાનોના સંપર્કમાં વિહરતા હોઈએ એવું લાગે છે. એ મહાન આયુર્વેદાચાર્ય પાસે પૂજ્યભાવે વિદ્યાર્જન કરતા ઇજિપ્ત, આસીરિયા, બાબીલોન, ખાલ્ડીઆ, ચીન આદિ દેશદેશાંતરોના શિક્ષણાર્થીઓની ચિત્રણામાં કલાકારે ભારતના ભવ્ય ગૌરવની આપણને ઝાંખી કરાવી છે.


એ વિશાળ ચિત્રના સમસ્ત વિસ્તાર પર પથરાએલા, હિમાલયની પશ્ચાદ્‌ભૂમિવાળા દૃશ્યમાં, માનવજાતની કલ્યાણક વિદ્યાનું પાન કરતા જગતની નાનાવિધ પ્રજાઓના પ્રતિનિધિઓના આ ઐતિહાસિક પ્રસંગની ચિત્રણા કલાકારે ખરેખર રંગદર્શી બનાવી છે. એક પણ સ્ત્રીપાત્ર વિનાનું ભીંતચિત્ર આટલું આકર્ષક ને રસપ્રેરક બની શક્યું છે તે એક આશ્ચર્યજનક સિદ્ધિ છે. તેના રસ અને મોહકતાની ખાતરી. વાછરુને ધવરાવતી ગાય અને રંગભરી કુદરતમાં રસળતાં હરણો જેવાં કવિત્વમય શોભનઆલેખનો ઉમેરીને કલાકારે પૂરી દીધી છે અને લાલિત્યભરી રેખાઓ તથા સુમેળ લેતી રંગરચનાથી સમગ્ર ચિત્રને ચક્ષુ-રમ્ય બનાવ્યું છે.

આપણી દેશ્ય પ્રણાલીએ કરેલાં આ ચિત્રોનાં પાત્રો વગેરેના આલેખનમાં રુઢિગત વિચિત્રતા લાગે તો તેને કલાકારની કચાશ કે બિનઆવડત ગણવાની ભૂલ કોઈ ન કરે. આ અંકના માધુકરી વિભાગમાં આપેલી તેમની આછી જીવનરેખા દર્શાવે છે તેમ, તેઓ તો ચિત્રકલા, રંગાવટ અને શોભનકલામાં દેશવિદેશની વિવિધ તાલીમ પામેલા કસાએલા કલાકાર છે અને આપણાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય અનેક પ્રદર્શનોમાં તેમની કૃતિઓ પ્રશંસાને વરી છે ઉપર્યુક્ત ભીંતચિત્ર આપીને પોતાની કીર્તિને તેમણે વધુ ઊજળી બનાવી છે અને લુપ્ત થતી સૌરાષ્ટ્રની ભૂમિગત ચિત્રણાનાં કલારૂપોને શિષ્ટરૂપે પુનઃ સ્થાપિત કર્યાં છે.

જામનગરના વિખ્યાત વિદ્યાભવનની ત્રણ



જામનગરના 'શ્રી ગુલાબકુંવરબા ધન્વંતરિ આયુર્વેદ મહાવિદ્યાલય'ની ભીંત પર કુમારશ્રી મંગળસિંહજીએ આલેખેલા વિશાળ ભીંતચિત્રનો એક ભાગ. આચાર્ય ચરક પાસે આયુર્વેદ શીખવા આવેલા વિદેશી વિદ્યાર્થીઓ (ફોટો: પંચાણભાઈ વારા, જામનગર)



એ સળંગ ભીંતચિત્ર પરની પ્રાણીચિત્રણાના બે લાક્ષણિક નમૂનાઓ

ભીંતોને આવરીને પડેલું આ ભિત્તિચિત્ર ભારતીય કલાના આધુનિક પ્રકરણમાં એક અગત્યના સીમાચિહ્ન રૂપ છે અને ભારતના બીજા પ્રાંતોમાં થએલા આવા પ્રયત્નોને મુકાબલે નિર્વિવાદ રીતે આગળ પડતું છે. કોઈ મધુર રાગિણી દ્વારા વહેતા રંગદર્શી કાવ્ય જેવી એ કૃતિના કલાકાર કુમારશ્રી મંગળસિંહજી ભારત તેમજ અન્ય સ્વદેશોના કલારસિકોનાં અભિનંદનને પાત્ર છે.''

ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ (અનુ. પૃ. ૪૯થી)

તો આ ભેખડ ધોવાતી જતી હોવાથી ત્યાંથી મૂળ દેવતાને ખસેડી બીજે કોટયર્કનું નવું મંદિર બાંધ્યું છે. કોટયર્ક એ ખડાયતા વણિકોના કુલદેવતા છે. પણ જૂના મંદિરમાં એક માતા ને શિશુની, કાળા પાષાણની, અલભેલી પ્રતિમા છે (જુઓ પાછલા પૃષ્ઠમાં). આ પ્રતિમા પણ કૃષ્ણ-યશોદા કે નન્દાદેવીની છે તે નક્કી કહી શકાતું નથી. દેવીના કેશનું ગુંફન વિશિષ્ટ પ્રકારનું છે. માથા ઉપર મોટા ટોપ જેવો સુંદર અંબોડો લઈ એની ચારે બાજુ સોનાની કે મોતીની સેરો લટકાવેલી છે. કાને મોટું કુંડળ છે જેની સાથે કેડે તેડેલું બાળક રમત કરે છે. માતા બાળકને પેલું કુંડળ ખેંચતાં રોકે છે. માતાના ગળામાં સુંદર મૌક્તિકમાળા છે. હાથે બાજુબંધ તથા કંકણ છે. અને દુપટ્ટાનો છેડો જમણા હાથ ઉપરથી પસાર થતો દેખાડ્યો છે. કમ્મરેથી પગની પાની સુધી બારીક વસ્ત્ર પહેરેલું છે. ડાબા પગ ઉપર એક જુદો રેશમી વસ્ત્રનો કકડો સુંદર વળાંકવાળો અને છેડેથી વાંકીચૂકી વલ્લીઓ (Folds) પડેલો લટકે છે. આવાં વસ્ત્રો લટકાવવાનો રિવાજ મારવાડમાં પણ છે. આવી વસ્ત્રરચના પશ્ચિમ હિંદની વિશિષ્ટતા છે. જે હિંદના બીજા પ્રદેશોમાં નજરે નથી પડતી. આ શિલ્પ પ્રાચીન પશ્ચિમ હિંદની કલાનું જ છે. ઘનસ્તની, સુદૃઢ બાહાંની આ દેવીની શરીર-આકૃતિના ઘડનાર શિલ્પીએ નારીદેહનું હૂબહૂ આલેખન કર્યું છે. ગુપ્ત યુગના અંત ભાગમાં ઈ. ૫૫૦ કે ૬૦૦ આસપાસમાં બનેલું આ શિલ્પ ગુજરાતની પ્રાચીન કલાકૃતિઓનું એક ઉત્કૃષ્ટ પ્રતિનિધિ છે. (ચાલુ)

લોભી અને ધુતારાની કથા (અનુ. પૃ. ૬૩થી)

મારે રસ્તો જોએલો નથી એવા મને જો તમે બજાર સુધી મૂકી જાઓ તો હું મારા ઓળખીતાની દુકાનેથી વધુ ધન લાવું અને તમારા બીજા સુવર્ણને ખરીદ કરીને અત્યંત સંપત્તિને પામું.'

તેના નિર્દોષ શબ્દો શ્રવણ કરીને, આજે આ મૂરખ સારો લાગમાં આવ્યો છે એવા વિચારથી આનંદ પામી રહેલા તે ચતુર્ભુજે કહ્યું, 'હે બંધુ, અમે અલંકારો તો કોઈને આ ભાવે આપતા નથી પરંતુ તમારો અત્યંત આગ્રહ છે તેથી તમને થોડાક વધુ આપીશું.'

આ રીતે અત્યંત નિર્દોષ હોવાનો તથા છેતરાયાની ખબર નહિ પડી હોવાનો ઢોંગ કરી રહેલા તે તલકચંદે ત્યાર પછી વધુ પૈસા મળવાની આશાએ લાલચમાં સપડાએલા તે ચતુર્ભુજને પોતાની સાથે લીધો અને બજારમાં પહોંચતાં જ એકદમ જોર કરીને પકડીને તેને પોલીસ થાણામાં ઘસડી ગયો. 'હે નાગરિક! તું કોણ છે અને આ કોને પકડી લાવ્યો છે?' એવા ઈન્સ્પેકટરે પૂછેલા પ્રશ્નના જવાબમાં આખી હકીકત કહેવાઈ છે જેનાથી એવા તે તલકચંદ વડે તે ઇન્સ્પેકટરની મદદ મગાઇ, ને તે મળતાં રાહ જોતા બેઠેલા પેલા સોનીના સાથીદારો પણ પકડાયા.

ત્યાર બાદ જ્યારે લાંબી તપાસ થઈ ગઈ હતી, ન્યાયાધીશ વડે જજમેન્ટ વંચાઈ ગયું હતું, આરોપીઓને જેલમાં લઈ જવામાં આવતા હતા તથા તલકચંદને પોતાનું ધન પાછું મળતું હતું ત્યારે તે વણિક વડે આ પ્રમાણે વિચારાયું, 'અહો! ભાગ્યના પ્રભાવે જ હું આજે બચી જવા પામ્યો છું. હવે મારાથી આ પ્રમાણે અનીતિના માર્ગે ધન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કદી પણ થશે નહિ.'

ત્યાર પછી તે પ્રમાણે કરતાં તે વણિક પ્રામાણિક માર્ગોએ વેપાર કરવાને લીધે સંપત્તિને પામ્યો. તેથી જ કહ્યું છે કે......

બકરીના ગળાનું આંચળ નકામું છે, ચૂંટણી વખતે ઉમેદવારોએ આપેલાં વચનો નકામાં છે, મહા મહિનાનો વરસાદ નકામો છે તથા અનીતિનું ધન નકામું છે...(૪)

સાર : સારાસારનો વિચાર કર્યા વિના લોભમાં પડીને અજાણ્યાનો વિશ્વાસ કરવો નહિ.

શારીરિક આરોગ્યની સમતુલા જાળવનારું જીવનનું જે અનિવાર્ય લક્ષણ છે તે

માંદગીનાં મૂળ-૨

માંદગી

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણે જોઈ ગયા કે આપણા શરીરની અંદરની અને બહારની દુનિયાના સંબંધમાં રહી સુયોગ્ય સ્થિતિઓ જાળવવાથી આપણે સંવર્ધન પામતા જીવી શકીએ છીએ. આંતરિક રીતે અને બહારની દુનિયાના સંબંધમાં સંપૂર્ણ સમતુલાવાળું શરીર એ સર્વોત્કૃષ્ટ આરોગ્ય દર્શાવે છે. આંતરિક ફેરફારો અને બહારની દુનિયાના ઉત્પાતોની કમીનાને લીધે સંપૂર્ણ આરોગ્યની સ્વસ્થતા જળવાય તો તે અમરત્વ ભણી ઢળે એ નિ:સંશય છે. પણ આવું કોઈ આદર્શ આરોગ્ય અસ્તિત્વમાં નથી. જુદાજુદા પ્રકારની અ-સમતુલાઓ અનિવાર્ય છે. અનિત્ય અને અસ્થિર જગતમાં જીવન ક્ષણભંગુર છે. આવી વ્યાપક અસ્થિરતામાં જીવનનાં બે પાસાં છે : આરોગ્ય અને માંદગી.

આરોગ્ય ને માંદગી એ શરીર જેના વડે બનેલું છે તે અનેક અવયવોની વચ્ચે અને જીવંત શરીર અને બહારની દુનિયા વચ્ચે સદા બદલાતા સંબંધોનું દર્શક છે. આ બન્ને વચ્ચેનો તફાવત ગુણવાચક નહીં પણ પરિણામવાચક છે. એ તફાવત સાધારણ અ-સમતુલાથી માંડી એની વિષમ દશા સુધીનો છે. અમુક હદની બહાર અ-સમતુલા જતાં જીવન સમાપ્ત થાય છે. આમ આરોગ્ય અને માંદગી કોઈ કાયમી ઘટના નથી પણ નિર્દેશક સંજ્ઞા છે. બન્ને વચ્ચેનો સંબંધ છૂટે એમ નથી. ડૉ. આર્નોલ્ડ સોસંબી કહે છે : 'માંદગી જીવન સાથે ઘડાએલી છે. જીવનનું એ એક લક્ષણ છે. કોઈ ને કોઈ મુશ્કેલી વચ્ચે જીવન પસાર થતું હોવાથી આરોગ્ય નહીં પણ માંદગી એ નિયમ છે.'

માંદગી માનવી કરતાં પણ ઘણી જૂની છે. માંદગીની સંજ્ઞામાં નાદુરસ્ત તબિયતથી માંડી રોગાવસ્થા સુધીનો વિશાળ અર્થ સમાએલો છે. નાશ પામેલા સરિસૃપ વંશના ડાયનોસાઉટના ઉત્ખાત અવશેષોમાં મળી આવેલી વિકૃતિ અને રોગાવસ્થા બતાવે છે કે માનવી આ પૃથ્વી પર અવતર્યો તે અગાઉ જૂના કાળથી રોગોનું અસ્તિત્વ ચાલ્યું આવે છે. માંદગીને આપણે બહારથી આવી પડેલી નિરાળી અવસ્થા ગણતા આવ્યા છીએ. એના કારણરૂપ ભૂતપ્રેતનો વળગાડ કે દેવની અવકૃપાથી માંડી પ્રતિકૂળ કુદરતી બળોનું પરિણામ મનાતું આવ્યું છે. આ માન્યતાને જીવાણુ-વિજ્ઞાને મૂળમાંથી હચમચાવી મૂકી છે, અને વિકસેલા વિજ્ઞાને તો માંદગી અને પીડા માટે નવાં મૂલ્યાંકનો રજૂ કર્યાં છે.

સૈકાઓ થયાં એશિયા અને યુરોપના દેશોમાં વારાફરતી વૈદકનો ઇતિહાસ રચાતો આવ્યો છે. હિંદ, આસીરિયા અને બેબિલોનની પ્રાચીન સંસ્કૃતિમાંથી વૈદકનું વહેણ ઇજિપ્ત અને ગ્રીસ ભણી વહ્યું હતું. પછી અંધકારયુગ (ઈ.સ. ૪૦૦થી ૯૦૦)માં રોમના વૈદક શાસ્ત્રની પડતી થતાં તે કોન્સ્ટન્ટીનોપલથી મેસોપોટેમિયા, ઈરાન અને સમસ્ત આરબ દેશોમાં ફરી વળી સોળમી સદીના ઉત્થાનયુગમાં પાછું યુરોપમાં ગયું. પછીનાં પાંચસો વરસો થયાં યુરોપ વૈદકનું મુખ્ય ધામ રહ્યું છે. ઓગણીસમી સદીની વિજ્ઞાનની શોધખોળથી જ્ઞાનવાન વૈદકશાસ્ત્ર રચાયું છે.

પ્રાચીનકાળથી હિન્દનું વૈદક ખ્યાતનામ છે. શાસ્ત્રવિદ્યામાં એણે જ શ્રીગણેશ માંડ્યા છે. એનું ઔષધવિજ્ઞાન વિશાળ છે. માંદગી આવવાનાં કારણો, માંદગીની પીડા-યાતના અને સારવારની આયુર્વેદની વિચારસરણીને વેદકાલીન વિચારો અને તત્ત્વજ્ઞાનનાં દર્શનને ગાઢો સંબંધ છે. મહર્ષિ સુશ્રુત અને મહર્ષિ ચરક આયુર્વેદના મહાન પ્રણેતા થઈ ગયા. એમનો ત્રિદોષવાદ અને આમાં થતા વિકારોથી રોગોની ઉત્પત્તિનો સિદ્ધાંત અદ્યાપિ સર્વમાન્ય છે. એ સમયે પ્રચલિત લોકમાન્ય વાદનું મૂળ અથર્વવેદમાં જડી આવે છે. એમાં મૅલેરિયા જેવા થોડા રોગોનું નિદાન હોવા છતાંય રોગોને રાક્ષસ તરીકે વર્ણવ્યા છે અને સારવારમાં રાક્ષસોને હાંકી મૂકવા માટે પ્રાર્થના અને યંત્રોનું સૂચન કરેલું છે.

ઈ.સ. પૂર્વે ૮૦૦ થી ૫૦૦ સુધીના બ્રાહ્મણયુગમાં બદલાએલાં ચિંતન અને દૃષ્ટિને લીધે માંદગીનાં મૂળ અંગે નવી સમજૂતી અસ્તિત્વમાં આવી. કર્મવાદ અને પુનર્જન્મવાદની વિચારસરણીને લીધે રોગો થવાના કારણરૂપ નવો સિદ્ધાંત પ્રકાશમાં આવ્યો. કેટલાક રોગોના કારણરૂપ પૂર્વજન્મનાં પાપ માનવામાં આવ્યાં. કર્મવિપાક સિદ્ધાંત અનુસાર મરણાધીન પાપી બીજા જન્મમાં રક્તપિત્તથી પીડાય છે. બ્રાહ્મણનો હત્યારો રક્તક્ષયથી પીડાય છે. આના આરામ માટે પ્રાયશ્ચિત્ત દ્વારા નિવારણ અને શાંતિ-વિધિઓ પણ નક્કી કરવામાં આવી.

આ પછી ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ૨૦૦ સુધીનો સમય બૌદ્ધધર્મનાં ઉદય અને પડતીનો છે. આ સમયમાં જોકે શસ્ત્રક્રિયા ધીમેધીમે ક્ષીણ થતી ગઈ પણ એના માનતાવાદ નીચે વૈદકનાં બીજાં અંગોએ ધ્યાનપાત્ર ઉન્નતિ સાધી. બૌદ્ધધર્મની પડતી પછી બ્રાહ્મણધર્મની પુનઃસ્થાપના થતાં શસ્ત્રક્રિયાની કળાનું આગળનું માનભર્યું સ્થાન નીચું પડતું ગયું. બ્રાહ્મણોના એકહથ્થુ ઇજારાને લીધે વૈદક-વિજ્ઞાનમાં કાંઈ પ્રગતિ થઈ ના શકી. આઠમા સૈકામાં મુસ્લિમ આક્રમણ થતાં વૈદકની પડતીને વેગ મળ્યો. છતાં હિંદનાં ખગોળ, બીજગણિત ને વૈદકશાસ્ત્રને આરબોએ હોંશથી શીખી લીધાં અને પછી આ જ્ઞાનને યુરોપમાં લઈ ગયા.

યુરોપમાં મંત્રતંત્રના જાળામાંથી બુદ્ધિગમ્ય વૈદકનો ઉદય હિપોક્રેટીસના સમયથી થયો છે. તે ઈ.સ. પૂર્વે ૪૬૦માં થઈ ગયા. એમણે આપણા ત્રિદોષવાદની જેમ પ્રતિપાદન કર્યું કે લોહી ફ્લેગમ બ્લૅકબાઈલ ને યલોબાઈલ(જળ, અગ્નિ, પૃથ્વી ને વાયુ આ ચાર તત્ત્વોના આ પ્રતિશબ્દો છે.)ના સંબંધોમાં બગાડો થવાથી રોગો થાય છે. સોળમી સદીના ઉત્થાનકાળમાં વેસાલિયસે એનેટૉમીમાં અને હાર્વેએ ફિઝીઓલોજીમાં સાધેલી પ્રગતિના આધારે રોગોનાં ચિહ્નોનાં અનુમાનો નક્કી કરવા માટે રોગિષ્ટ શરીરના ફેરફારોનો અભ્યાસ કરવાનું સ્વીકારવામાં આવ્યું.

અઢારમી સદીમાં મોરગેનીએ (Morgani) એ અભ્યાસ હાથ ધર્યો. જૉન હન્ટરે એની પ્રયોગાત્મક વિજ્ઞાનમાં ખિલવણી કરી. વખત વીતતાં રોગોના ઉપદ્રવ સાથે શરીરમાં થતી 'મરામત ક્રિયાઓ'નો અભ્યાસ ઉમેરાયો. આમ શરીરના વ્યાપારધર્મો, શરીરની વિકૃત સ્થિતિઓ, એકની બીજા ઉપર અસરો, અને મરામતની ક્રિયાઓનું જ્ઞાન એકત્ર થતાં વૈદક-વિજ્ઞાનનો વિકાસ સધાયો. આમ વળી રોગાવસ્થામાં થતા ફેરફારો જોવા સૂક્ષ્મદર્શકયંત્રનો ઉપયોગ સ્વીકારાયાથી રોગોને લીધે કોષોમાં થતા ફેરફારો અને મરામતની વિસ્મયતા નિહાળવાનું રોગિષ્ટ-સૂક્ષ્મશરીરવિદ્યા-શાસ્ત્ર (Morbid Histology) વિકાસ પામ્યું. ટૂંકામાં મોરગેનીએ રોગોને લીધે અવયવોમાં થતા ફેરફારો જોયા, બીજા અવયવોની પેશીઓમાં થતા ફેરફારોનું જ્ઞાન બીચાટે (Bichat) મેળવ્યું તો વીરશોએ-(Virchon) કોષોમાં થતા ફેરફારોનું રહસ્ય ખુલ્લું કર્યું. આમ રોગના કોષવાર ખયાલ આવવાથી રોગાવસ્થાઓનું નિ:શેષ સર્વાંગપૂર્ણ વર્ગીકરણ શક્ય બન્યું.

રોગિષ્ટઅવયવનાં સ્થૂળ નિરીક્ષણ-પરીક્ષણ કરતાં રોગો અંગે કોષોમાંથતા ફેરફારો જોવાથી જુદીજુદી રોગાવસ્થાઓની સૂક્ષ્મ પરખ શક્ય બની. વળી કોષોમાં દેખાતા બીજા રોગિષ્ટ ફેરફારો બીજાં શક્ય કારણોના અભ્યાસના કારણરૂપ બન્યા.

આ પછી રોગનિદાનમાં લોહી ને બીજાં તત્ત્વોની સૂક્ષ્મ પરીક્ષા હાથ ધરાઈ. આ રીતે રોગોનાં વર્ણન અને વર્ગીકરણ માટે કોષવાર પરીક્ષા અત્યુત્તમ સાધન થઈ પડી. આથી રોગના પ્રકારની સમજ, રોગ થઈ આવવાનું કારણ ને એના નિકાલના સત્યજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

રોગની જાતનું સૌ પ્રથમ સૂક્ષ્મ જ્ઞાન આપવાનું માન પાશ્ચરના ફાળે જાય છે. પાશ્ચર (ઈ. સ. ૧૮૨૨-૧૮૯૫) જીવાણુવિજ્ઞાની હતો. એનાં વેધક નિરીક્ષણપ્રયોગો ને તર્કશક્તિઓના પ્રતાપે એણે અજાણી સૃષ્ટિમાં ડોકિયું કર્યું. અસંખ્ય પ્રયોગો અંતે એણે સિદ્ધાંત તારવ્યો, 'ચેપી રોગો આણનાર વાતાવરણમાં વસતા કોઈ જીવાણુ તો છે. જો એમને જોખમકારક સ્થિતિમાં ઉછેરવામાં આવે તો એમની કામગીરી નરમ પડે છે અને પછી જો એમને શરીરમાં દાખલ કરવામાં આવે તો તે ઝેરી નહિ પણ 'રસી' તરીકે કામ આપે છે.' દ્રાક્ષ અને રેશમના કીડાના પ્રયોગમાંથી એણે ઢોરોમાં એન્થ્રેક્સ, હડકવા ને સુવારોગનો અભ્યાસ કર્યો. પાશ્ચરની શોધખોળે સદીઓ-જૂના ચેપી રોગોનાં કારણોના અજ્ઞાન-અંધકારનો અંચળો દૂર હઠાવ્યો છે. જૂના જમાનાના લોકો જે રોગોને અદૃશ્ય રાક્ષસ કે ભૂત માનતા હતા તેને જીવાણુશાસ્ત્રીએ સ્લાઇડ પર પકડી સૂક્ષ્મદર્શક યંત્ર નીચે નીરખી 'કોકાઇ' અને 'બેસીલાઇ'ના નામથી ઓળખાવ્યા છે.

ઓગણીસમી સદીના બીજા અડધિયામાં વૈજ્ઞાનિક વૈદકની પ્રગતિ સધાતાં રોગો અને એનાં કારણો માટે નવીન દૃષ્ટિ પ્રાપ્ત થઈ. એ જ સદીની છેલ્લી પચ્ચીસીમાં પાશ્ચરની જીવાણુવિજ્ઞાનની શોધખોળોનો ટ્રૉપીકલ વૈદકના ક્ષેત્રમાં ઉપયોગ કરવામાં આવ્યો. પરિણામે ઈ. સ. ૧૮૭૧માં નોર્વેજીઅન દાક્તર હેનસને રક્તપિત્તના જીવાણુઓ શોધ્યા. જર્મન જીવાણુશાસ્ત્રી રૉબર્ટ કૉચે (Robert Koch) ઈ. સ. ૧૮૮૨માં ક્ષયના જીવાણુઓની શોધ કરી. હિંદ ઉપરાંત આફ્રિકાના પશ્ચિમ કિનારો અને દુનિયાભરના મૅલેરિયાગ્રસ્ત વિસ્તારોમાં દુર્ધર્ષ સંહાર ચલાવનાર મૅલેરિયાના જીવાણુઓ લાવરેન મેન્સન ને રૉનાલ્ડ રૉસની શોધખોળોના પ્રતાપે શોધાયા. આ ઉપરાંત ધનુરવા, ટાઇફૉઇડ, કૉલેરા ને પીળો તાવ થવાનાં કારણો પણ શોધાયાં.

તાવ અને એવા બીજા રોગો સિવાયના અન્ય પ્રાણઘાતક રોગો, જેવા કે કેન્સર, ડાયાબિટિસ (મધુપ્રમેહ) ને ક્ષીણકારી રોગો થવાનાં કારણો વિષે હજુ અજ્ઞાન પ્રવર્તે છે પણ ઓગણીસમી સદીના અંતમાં જાણવા મળ્યું છે કે શરીરની અંદરની અ-સમતુલાનાં કારણો પણ જીવાણુજનિત રોગોથી પણ ઊતરે નહિ એવા રોગો ઉત્પન્ન કરે છે. દાખલા તરીકે થાયરૉઈડ ગ્રંથિઓની ન્યૂનતાને લીધે બાળક ઠિંગુજી કે બુદ્ધિહીન જન્મે છે અને મોટપણે આ ગ્રંથિનો સ્રાવ અપૂરતો હોવાથી મિક્સેડીમા નામનો વ્યાધિ થઇ આવે છે.

બહારનાં કારણો કે પરિસ્થિતિને લીધે આપણને રોગો થતા નથી પણ આપણું શરીર જ રોગોના કારણરૂપ છે. આ વિધાનને પુષ્ટ કરતી ત્રણ બાબતો છે. એક તો આનુવંશિક સંસ્કારો જેમાં માતાપિતા તરફથી બાળકને શરીરની એવી સ્થિતિઓ વારસામાં મળે છે કે જે રોગોનાં કારણરૂપ બને છે. બીજું અપૂરતા પોષણથી વિટામિનોની ખામીને લીધે કેટલાક રોગો થઈ આવે છે. ત્રીજું દરેક વ્યક્તિદીઠ રોગને સહન કરવાની સ્થિતિઓ પણ પ્રવર્તમાન છે. માંદગી સમજવા માટે ડૉ. આર્નોલ્ડ સોર્સબીનું કથન સ્પષ્ટ છે કે 'માંદગી એ કાંઈ મૂળભૂત કારણ નથી પણ લબ્ધ નિષ્પત્તિ છે, રોગની કાંઇ આગવી હયાતી નથી પણ જુદીજુદી આંતરિક અને બાહ્ય સ્થિતિઓના કારણે પેદા થતી વિકારી અવસ્થાઓની પરંપરા છે.' આમાંની કેટલીક સ્પષ્ટ સમજાઈ છે. કેટલીક હજુ અસ્પષ્ટ છે.

(ચાલુ)

સુભાષિત

· શાર્દૂલવિક્રીડિત ·

हे हेरम्ब, किमम्ब, रोदिषि कथं, कर्णौ लुठत्यग्निभूः
किं ते स्कन्द विचेष्टितं, मम पुरा संख्या कृता चक्षुषाम्।
नैतत्तेऽप्युचितं गणास्य चरितं, नासां मिमोतेऽम्ब मे;
तावेवं सहसा विलोक्य हसती पायादपायादुमा ॥

· અનુવાદ ·

ગૌરી પૂછે, 'ગણનાથ કેમ રડતો?' 'બા, કાન તાણ્યા ગુહે.'
'શું તેં સ્કંદ કર્યું?' 'અરે, પ્રથમ બા, આંખ્યો ગણી માહરી.'
'આ તો ઠીક નહીં ગણેશ!' 'પણ બા, આ નાક માપ્યું ભરી!'
એ દેખી હસતાં ઉમા જગતમાં રક્ષો સદા દુઃખમાં.

[વિવરણ: આપણા બે દેવોની આંગિક વિચિત્રતાઓમાંથી એક રમૂજી સંવાદ યોજીને કવિએ તે દ્વારા જગદંબા પાર્વતીને હસાવીને આ શ્લોકમાં આશીર્વાદ આપ્યો છે. આશીર્વાદ જેટલી રીતે આપી શકાય છે તેમાં માણસ હસીને-હાસ્યથી પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપે એનું માહત્મ્ય બીજી રીતોના આશીર્વાદ કરતાં વધારે છે. આપણા સાહિત્યમાં દેવને હસાવીને આશીર્વાદ આપતા આલેખ્યા હોય એવા પ્રસંગો ઘણા ઓછા જોવામાં આવે છે, એમાંનો આ એક ઉત્તમ રમૂજી શ્લોક છે.

શિવ-પાર્વતીના બે પુત્રો, કાર્તિકેય અને ગણપતિ, બાળક છે. બન્નેને એકબીજાનાં અંગની વિચિત્રતાનું ટીખળ કરી લડતા કલ્પ્યા છે. કાર્તિકેયને છ મુખ એટલે બાર આંખો, એને આંગળીથી કોઇ ગણે તો ચીડ ચડે જ. ગણપતિનું નાક તે મોટી સૂંઢ, એને હાથથી ભરીને કોઈ માપે તો ચીડ ચડે જ. એમના કાન પણ સૂપડા જેવા મોટા, તે કોઈ તાણે તો ચીડ ચડે જ. આમ બન્ને પરસ્પરની વિચિત્રતાઓ પર લડે છે, ને છેવટે ખિજાએલા કાર્તિકેયે કાન આમળ્યાથી ગણેશ રડે છે. પાર્વતી કારણ પૂછે છે તેમાંથી આ રમૂજ જણાય છે અને ઉમાને તેથી હસવું આવે છે. એમ હસતાં ઉમાનો જગતનાં દુઃખો ટાળવા કવિ આશીર્વાદ આલેખે છે. કેવી સરસ કલ્પના છે! કોઈ પણ કામ હસીને કરવું એ શ્રેષ્ઠ છે. હાસ્યથી જીવનના ઘણા દંશ જતા રહે છે. આમાં કેટલાક સંસ્કૃત શબ્દોની ખાસ નોંધ લેવાની જરૂર છે: હેરંબ=ગણપતિ-ગણનાથ. અગ્નિભૂ=કાર્તિકેય, એ અગ્નિથી પેદા થયા છે એવી એક કથા છે. અગ્નિ એ તત્ત્વતઃ શિવનું જ સ્વરૂપ છે. ગુહ અને સ્કંદ એ પણ કાર્તિકેયનાં જ નામ છે. ગજાસ્ય=હાથીના મુખવાળા-ગણપતિ; અપાય=દુઃખ, મરણ, મુશ્કેલી. પાયાત્ અપાયાત્=દુઃખમાથી રક્ષણ કરો. શ્લોકની શરૂઆતમાં 'હે હેરંબ કિમંબ' એ શબ્દોથી, અને અંતમાં 'પાયાદપાયાદુમા' એ શબ્દોથી શ્રવણમાધુર્ય લાવવાનો પ્રયત્ન કર્યો છે. હસતી શબ્દ વ્યાકરણ પ્રમાણે હસન્તી થાય, પણ છંદરચના માટે કવિએ એટલી છૂટ લીધી છે. હસતી=મલકતી.

૨. બી.]



સેન્ટ્રલ સૉલ્ટ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ

ભાવનગર (સૌરાષ્ટ્ર)

આપણી વિજ્ઞાનસંસ્થા-૧૩

લેખક : ન. મૂ. શાહ

૧૯૫૪ના એપ્રિલની દસમી તારીખ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ઊજળે અક્ષરે અંકાએલી રહેશે. સૌરાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસમાં તેમજ વૈજ્ઞાનિક સંશોધનની પ્રગતિમાં એક સીમાચિહ્ન રૂપ સેન્ટ્રલ સૅાલ્ટ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ તે દિવસે ભાવનગરમાં સ્થપાયું. રાષ્ટ્રીય પ્રયોગશાળાઓની પરંપરામાં આ ઇન્સ્ટીટ્યૂટ એ બારમો મણકો છે.

મીઠું ગરીબ યા તવંગર સૌને માટે આવશ્યક સામાન્ય વસ્તુ છે. આપણા દેશફરતો ૩૫૦૦ માઈલ સમુદ્ર કિનારો છે. રાજસ્થાન અને કચ્છના નાના રણમાંથી મબલખ મીઠું મળી શકે એમ છે. પંજાબમાં મંડીમાં મીઠાનાં પુષ્કળ ભરાણો છે. છતાં આપણે પરદેશથી આયાત થતા મીઠા પર આધાર રાખતા હતા. દેશના ભાગલા પડયા પછી આ પરિસ્થિતિ વધુ વિષમ બની. પંજાબ અને સિંધનાં મીઠાનાં કારખાનાં પાકિસ્તાનમાં ગયાં, અને સૌને યાદ હશે કે ૧૯૪૮માં તો મીઠાની અછત એટલી બધી થઇ કે ત્રાસ વર્તાઈ ગયો.

મીઠાની આ તંગી દૂર કરવા સરકારે એક સમિતિ નીમી. દેશમાં મીઠું પકવી તે બાબતમાં સ્વાવલંબી થવા વિચારણાઓ ચાલી. દેશમાં મીઠાનો ઉદ્યોગ આબાદ કરવા મીઠા અને તેના ઉદ્યોગ અંગે પુષ્કળ સંશોધનની આવશ્યકતા છે એમ એ સમિતિએ નિર્ણય કર્યો. ૧૯૫૧માં મીઠાના સંશોધન અંગે એક મધ્યસ્થ સંસ્થા કાઢવાની દરખાસ્ત રજૂ થઇ ને આ સંસ્થા સૌરાષ્ટ્રમાં કયાંક સ્થાપવાનું નક્કી થયું. સૌરાષ્ટ્ર સરકારે સંસ્થા માટે મકાન આપવાની ઉદાર સખાવત કરી. અને ભાવનગર જે ઉચ્ચ કેળવણીનું પ્રગતિશીલ કેન્દ્ર છે ત્યાં આ ઈન્સ્ટીટ્યૂટ કાઢવાનો નિર્ણય થયો. સૌરાષ્ટ્ર સરકારે રાજહોટેલ અને ૧૨૫ એકર જમીન અગરની બનાવટ માટે અખતરા કરવા આપી.

આપણા દેશમાં મીઠાની બનાવટ જૂના કાળથી જાણીતી છે. સૌરાષ્ટ્રમાં મીઠાનો આધુનિક ઉદ્યોગ છેલ્લાં પચ્ચીસ વર્ષોથી સ્થપાયો છે. પહેલું મીઠાનું કારખાનું મરહૂમ શ્રી કપિલરામ વકીલે ઈ. ૧૯૨૭માં મીઠાપુર ખાતે કાઢ્યું હતું. વિલાયતના મીઠા જેવું મીઠું બનાવવાની મરહૂમ વકીલને ધગશ હતી. તેમને સૌરાષ્ટ્રમાં મીઠાના ઉદ્યોગના આદ્ય સ્થાપક ગણી શકાય. ઓગણીસમી સદીના પ્રારંભ સુધી આપણે મીઠાની બાબતમાં સ્વાવલંબી હતા. ૧૮૨૫માં લીવરપુલ અને ચેશાયરનું મીઠું કલકત્તામાં આયાત કરવામાં આવ્યું. પછી તો એ આયાત વધતી જ ગઇ. બ્રિટિશ સરકારના અધિકારીઓ માનતા કે હિંદમાં સારું સસ્તું મીઠું બનાવી શકાય નહિ. મરહૂમ કપિલરામે એ આવાહન ઉપાડી લીધું અને બતાવી આપ્યું કે બ્રિટિશરોની માન્યતા પાયા વિનાની છે. ત્યાર બાદ સૌરાષ્ટ્રમાં મીઠાનાં લગભગ એક ડઝન કારખાનાં ચાલુ થયાં છે. ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઇન્સ્ટીટ્યૂશને નક્કી કરેલ ૯૬ ટકા મીઠાની મર્યાદા વટાવીને સૌરાષ્ટ્રનું મીઠું સરેરાશ ૯૭ ટકા હોય છે, છતાં આમાં પણ સુધારણાને અવકાશ છે. મીઠાની જાત સુધારવાનો સવાલ ખૂબ મહત્ત્વનો છે. આ અંગે વડાલા (મુંબઇ) પાસે મૉડેલ ફાર્મ ચાલે છે. આ ઉપરાંત મીઠું કાઢી લીધા પછી રહેલા અન્ય ક્ષાર બનાવવાનું કામ પણ અગત્યનું છે. પોટાશ, બ્રોમીન, મૅગ્નેશિયમના ક્ષારો વગેરે તેમાંથી બનાવી શકાય એ હવે સ્પષ્ટ છે. અગત્યનાં ભારે રસાયનોની બનાવટમાં પણ મીઠું મુખ્ય કાચા માલમાંનું એક છે.

સૅાલ્ટ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટનું મુખ્ય કાર્ય મીઠાની ગુણવત્તા સુધારવાની રીતો મોટા પાયા પર કરી બતાવવાનું છે. સામાન્ય તેમજ ઔદ્યોગિક ઉપયોગ માટે મીઠાની પેદાશ વધારી પ્રગતિ કરવાની છે. કુદરતી મીઠામાં મીઠા ઉપરાંત અન્ય અગત્યનાં રસાયનો હોય છે. આ બધાં રસાયનો આર્થિક રીતે ખૂબ ઉપયોગી છે અને તેમને કાઢવા પુષ્કળ સંશોધનની જરૂર છે. આ રીતો અજમાવી તેમને સુપ્રાપ્ય કરવાં એ સંસ્થાનો એક ઉદ્દેશ છે.

સૅાલ્ટ ઇન્સ્ટીટ્યૂટ ત્રણ વિભાગમાં કામ કરે છે: (૧) ખનિજ રસાયનનો વિભાગ (૨) ભૌતિક રસાયનનો વિભાગ ને (૩) કેમિકલ એન્જિનીઅરિંગ વિભાગ. આ ઉપરાંત લાયબ્રેરી, સંશોધન માટેની સગવડ, મ્યૂઝિયમ અને વર્કશૅાપ પણ સાથે જોડાએલાં છે તથા મીઠાના અગર પણ સંસ્થા ચલાવે છે. ઈન્સ્ટીટ્યૂટના ડાયરેકર ડૉ. માતાપ્રસાદ છે.

'૩૬ કરોડની વસતિવાળા આ દેશના પ્રત્યેક આદમીને મીઠાનો પ્રશ્ન સ્પર્શે છે. સૌને પૂરતું અને સસ્તા ભાવે મીઠું મળે એ ખૂબ જરૂરનું છે. દેશમાં આબાદી વધારવા આ સંસ્થા નિમિત્ત રૂપ થાય એ અગત્યનું છે. દેશનો યુવક આ સંસ્થાઓને તાજગી આપે તો વિજ્ઞાનની આ સેવા હિંદની ખરી સેવા છે—અરે! આખી દુનિયાની સેવા છે, કેમકે વિજ્ઞાનને સરહદો નડતી નથી.' પંડિત જવાહરલાલના આ ઉદ્‌ગારો સૌરાષ્ટ્રનો યુવક જીવનમાં ઉતારે એમ ઈચ્છીએ.

પદાર્થપાઠ (અનુસંધાન પૃષ્ઠ ૪૩થી ચાલુ)

'અને ઈશ્વર પણ આપણા પક્ષે છે તે ચોક્કસ. નહિ તો પકડવા આવનાર ઇન્સ્પેક્ટર આમ રાહ જોઇને દીવાનખંડમાં બેસી રહે ખરો?'

'ત્યાં તું એક વાત ભૂલી જાય છે.' પિટરે હસતાં હસતાં કહ્યું.

'કઈ?'

'ખયાલ નથી આવતો?'

'ના.'

'જરા મગજ કસ, ખયાલ આવી જશે.'

'નથી આવતો.'

'જો. ઈન્સ્પેક્ટર બિચારો કેવી રીતે સીધો અહીં ધસી આવે? ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટના સગા નાના ભાઈના ઘરમાં એમ ધસીઅવાય?'

લીન્ડા પણ હસવા લાગી.બોલી, 'બિચારો ઇન્સ્પેક્ટર! હાથમાં આવેલો શિકાર જતો રહેલો જોઈ નિરાશ થશે.'

પિટરે નોકરને બૂમ પાડી બોલાવ્યો અને ઇન્સ્પેક્ટરને ત્યાં જ બોલાવી લાવવાની સૂચના કરી. ઇન્સ્પેક્ટર આવ્યો. તેની પાછળ ત્રણ પોલીસો પણ આવ્યા પરંતુ પિટરે તેમને પાછા દીવાનખંડમાંથી મોકલી દીધા. ઇન્સ્પેક્ટરના મુખ પર ગુસ્સાનાં ચિહ્નો સ્પષ્ટ રીતે અંકાઇ ગયાં હતાં પણ તેને માટે ગુસ્સાને કાબૂમાં રાખ્યા સિવાય છૂટકો નહોતો. પિટરે તેને એ જ ખુરસીમાં બેસવા સૂચવ્યું કે જ્યાં

થોડી વાર પહેલાં પેલો માણસ બેઠો હતો. ઇન્સ્પેક્ટરે આમતેમ ચારે બાજુ નજર કરી લીધી પણ તેને જેની જરૂર હતી તે ત્યાં નહોતો. મુખ જરા તંગ કરી તેણે પૂછ્યું, 'પેલો બદમાશ ક્યાં ગયો?'

'તે ક્યાં ગયો તેની ખબર નથી પણ તેને ગયે પાંચ મિનિટ થઈ ગઈ.'

'પણ તેને જવા શાથી દીધો? મેં તમને ચિઠ્ઠી તો મોકલાવી હતી!'

'એ ચિઠ્ઠી આવી તેથી જ તો મેં તેને તરત રવાના કરી દીધો.' પિટરે શાંતિથી જણાવ્યું. ઇન્સ્પેક્ટર હડફ દઈ ઊભો થઇ ગયો. નિરાશા અને ક્રોધથી તેની મૂછો હાલી ઊઠી. તેના મુખમાંથી પાણીના પરપોટા ફૂટે તેવા કેટલાક અસ્પષ્ટ શબ્દો સરી પડ્યા.

'જુઓ.' પિટરે તેનો ખભો પકડી નીચે બેસાડ્યો. 'એમાં અકળાઇ જવાની જરૂર નથી.'

'સાતમી વાર! સાતમી વાર!' ઇન્સ્પેક્ટરે હતાશાથી ગણગણવા માંડ્યું.

'શું સાતમી વાર? જરા મારી વાત તો સાંભળો? મારી એક વિનતિ છે–'

'જહન્નમમાં ગઈ વિનતિ! પાછો એ હાથતાળી આપી છટકી ગયો!' ઇન્સ્પેક્ટર ફરી ઊભો થઇ ગયો. ત્યાં તો તેને ભાન આવ્યું કે શું બોલાઇ જવાયું છે એટલે માફી માગતો હોય એવી વિચિત્ર ચેષ્ટાઓ સાથે તે ખુરસીમાં ફસડાઇ પડ્યો. પિટરથી એ અપમાન સહન ન થયું છતાં ખામોશી રાખી કહ્યું, 'જરા શાંતિ રાખી મારી વાત તો સાંભળો?'

ઇન્સ્પેક્ટરમાં એવી શાંતિ રાખવાની શક્તિ દેખીતી રીતે નહોતી રહી. છતાં પરાણે કહ્યું, 'કહો.'

'એને પકડવાનું માંડી વાળો.'

'શું...શું...?'

'એને પકડવાનું માંડી વાળો.'

'પણ...પણ...શાથી?'

'હું કહું છું માટે.'

ઇન્સ્પેક્ટર આંખો ફાડી જોઇ રહ્યો. તેણે કાન ખોતર્યા–જાણે સાંભળવામાં કાનની ભૂલ તો નથી થતી! 'સાહેબ, તમે શું બોલ્યા તે બરાબર સમજાયું નહિ. તમે શું કહ્યું મને?'

મેં એમ કહ્યું કે તમે પેલા માણસને પકડવાના પ્રયત્નો હવેથી કરશો નહિ.'

'ત્યારે શું કરું?'

'એના પર જે કંઈ કેસ હોય તે કઢાવી નાખવા માટે મને મદદ કરો.'

'પણ એ શક્ય જ નથી.'

'કેમ?'

'તેના પર એક કેસ નથી, અનેક કેસ છે.'

'અનેક કેસ!'

'હા. વળી હું એકલો તેની પાછળ નથી પડ્યો, આખું પોલીસખાતું એની શોધમાં છે.'

'તો પણ શું થઈ ગયું?'

'શું થઈ ગયું!'

'હા. એમ હોય તો પણ એ કેસો કઢાવી શકાય.'

'પણ પોલીસો એની પાછળ આજના નથી પડ્યા, છેલ્લાં ચાર વર્ષથી પડ્યા છે.'

'ચાર વર્ષથી!' પિટર ખરેખર ચમકી ગયો.

'હા, અને તેથી તમારા કહેવા મુજબ ધારો કે તેને પકડવાના પ્રયત્નો હું છોડી દઉં તો પણ આખું પોલીસખાતું તો એમ નહિ કરેને?'

પિટરના મગજમાં સેંકડો વિચારો આવ્યા અને ગયા. વાતનાં મૂળ ખૂબ ઊંડાં ઊતરતાં જતાં હતાં. હવે તેને લાગવા માંડ્યું કે જે કામ તેને સહેલું લાગ્યું હતું તે સહેલું તો નહોતું જ. તેને આવી બધી તો કલ્પના પણ ન હતી. શું પોતે પેલા માણસને નહિ બચાવી શકે? શું પોતે ઉપકારનો બદલો નહિ વાળી શકે? બીજી જ ક્ષણે તેણે નિર્ણય કરી લીધો. કહ્યું, 'એના પર જે કંઈ કેસ હોય તે બધા જ માંડવાળ કરવા પડશે.'

'પણ સાહેબ–'

'જુઓ મિ. ઇન્સ્પેક્ટર! આ બાબતમાં તમારે જે કંઇ કરવું ઘટે તે કરી છૂટશો. હજાર, બે હજાર, પાંચ હજાર–જે કંઇ ખર્ચ થાય તે કરવા હું તૈયાર છું, પણ આ કામ થવું જ જોઇએ. તમને પણ હું કોરા નહિ રાખું. અને મારા ભાઇને હું મળી લઇશ. ટૂંકમાં, આ કામ થવું જ જોઇએ, થવું જ જોઇએ.'

ઈન્સ્પેક્ટર બેઠો હતો ત્યાં ગુંદરની માફક ચોંટી ગયો. તેનું મોં પહોળું થઇ ગયું. આંખો પટપટી ઊઠી. કાનની અણીઓ કૂતરાના કાનની જેમ ઊંચી થઈ ગઈ. પિટરે જે કહ્યું તે સમજવા માટે તેને આખી ત્રણ મિનિટ લેવી પડી. પછી થૂંક ગળે ઉતારતાં ઉતારતાં કહ્યું, 'સાહેબ, તમે કહો છો તે કામ ન થાય એવું તો નથી જ, પણ એક પ્રશ્ન પૂછું?'

'પૂછો.'

'તમે–અને બીજું કોઇ નહિ પણ આ આખી દુનિયામાં તમે જ–શા માટે આટલો બધો ભોગ આપવા તૈયાર થયા છો?'

'તેનું પણ કારણ તો હશે જને?'

'મને ખરેખર નવાઈ લાગે છે.'

'એમાં નવાઈ શી લાગવાની હતી?'

'તમને કદાચ ખબર નહિ હોય પણ તમે જે માણસ પાછળ આટલો મોટો ખર્ચ કરવાને તૈયાર છો તે એક અઠંગ ધુતારો, મહાન શઠ અને નિપુણ બદમાશ છે, અને માટે મને નવાઇ લાગે છે.'

'તમે જે કહો છો તે હું માની નથી શકતો, છતાં ધારો કે તે સાચું હોય તો પણ એમાં નવાઇ પમાડવા જેવું કશું નથી.'

'જો તમને વાંધો ન હોય તો એને આવી મદદ કરવાનું કારણ કહેશો?'

'જરૂર, જરૂર, એમાં શો વાંધો છે? એણે ગઈ કાલે મારો જીવ બચાવ્યો હતો અને એ ઉપકારનો હું બદલો વાળવા માગું છું.'

'જીવ બચાવ્યો હતો! ઓ શયતાન!' ઇન્સ્પેક્ટર સફાળો ઊભો થઈ ગયો. પિટર આશ્ચર્યચકિત બની જોઇ રહ્યો. 'કેમ–કેમ–કેમ?' તેનાથી પુછાઈ ગયું.

'અરે, ત્યાં જ એની બદમાશી છે! ત્યારે તો તમને ગઇ કાલે અકસ્માત નડ્યો હતો, ખરું ને?'

'હા!'

'કાં તો એ ઘોડાગાડીનો હશે, કાં તો ટૅક્સીનો હશે, કાં તો ખટારાનો હશે. તમને શાનો નડ્યો હતો–ટૅક્સીનો?'

'ના.'

'ખટારાનો?'

'હા!'

'અને તમારું પાકીટ કે એવું કશું ગયું હશે, ખરું?'

'હા–હા!' પિટર અતિ આશ્ચર્યથી ઇન્સ્પેક્ટર સામે જોઈ રહ્યો–જાણે તે જાદુગર ન હોય! 'તમને–તમને કેવી રીતે ખબર પડી?' તેણે પૂછ્યું.

ઈન્સ્પેક્ટરના મુખ પર વ્યંગભર્યું હાસ્ય છવાઈ ગયું. 'ઓ મારા સાહેબ! એ અકસ્માત ને ફકસ્માત બધું તરકટ છે. એ બદમાશ આવી જ રીતે લોકોને ઠગે છે. તેના કેટલાક સાગરીતો છે. કોઈક ટૅક્સી ચલાવે છે, કોઈક ખટારો ચલાવે છે, કોઇક ઘોડાગાડી ચલાવે છે. આ લુચ્ચો શિકાર ખોળી લાવે. ત્યાર પછી પેલાઓ પોતાના વાહનને એવી રીતે ચલાવે કે અકસ્માતનો પૂરો સંયોગ ઊભો થાય. દરમિયાન આ ઉઠાઉગીર તમારો જીવનદાતા બનવાનો ઢોંગ કરી તમને 'જીવને જોખમે' બચાવે. પછી મૃત્યુના ભયથી થરથરી ઊઠેલી તમારી જાત પરથી પૈસાનો ભાર ચાલાકીથી અને હળવાશથી હળવો કરે. તમને તો એ વખતે પૈસા ગયાનો ખયાલ પણ ન આવે, ને કદાચ આવે તો પણ એવી શંકા તો ન જ ઊપજે કે એ પૈસા તમારી જોડાજોડ ઊભેલા આની પાસે જ છે. અરે સાહેબ! તમે એને નથી જાણતા, પણ અમે એને વર્ષોથી ઓળખીએ છીએ.'

પિટર અવાક્ બની બેસી રહ્યો. ઇન્સ્પેક્ટરે પૂછ્યું. 'મને નવાઈ તો એ લાગે છે કે એ માણસ અહીં આવ્યો શાથી? તમારી પાસેથી જે જોઇતું હોય તે મળી ગયા પછી તે ફરી વાર ખરી રીતે તો આવે જ નહિ.'

'મેં-મેં જ એને બોલાવ્યો હતો.'

'તમે જ બોલાવ્યો હતો?'

'હા, અને એની વાતો સાંભળી તથા તેને રડતો જોઈ નોકરી અપાવવાનું અને પૈસાની મદદ કરવાનું વચન આપ્યું, એટલું જ નહિ, જતી વખતે તેના હાથમાં દસ રૂપિયા મૂક્યા.'

'ઓહ! ઓહ! શાબાશ! શાબાશ છે એની બદમાશીને!' ઇન્સ્પેક્ટર ખડખડાટ હસી પડ્યો. 'અને તેણે એ નોકરી સ્વીકારવાની હા પાડી?'

'હા.'

'એને ક્યાં નોકરી અપાવત તમે?'

'મારે જ ત્યાં હું નોકરીએ રાખવાનો હતો.'

'તમારે જ ત્યાં!'

'હા-અને મેં જ્યારે કહ્યું કે હું તમને મારે ત્યાં જ નોકરીમાં રાખીશ ત્યારે આભારવશ અને લાગણીવશ થઇ તે રડવા પણ લાગ્યો. જો તમે કહો છો તેવો તે નીચ હોય તો રડે શાથી?'

'તે ખરેખર રડ્યો હતો?'

'મેં જાતે જ એનાં આંસુ લૂછ્યાં હતાં.'

ઇન્સ્પેક્ટર ફરીથી અટ્ટહાસ્ય કરી ઊઠ્યો. 'આંખમાં આંસુનું સરોવર આખું ભરી રાખ્યું લાગે છે એણે! ઢોંગ કરવામાં એ બરાબર પૂરો છે. પહેલાં કોઈક નાટક કંપનીમાં હતો એટલે અભિનય કરતાં સારો આવડે છે. એના આ અભિનયથી છેતરાઇને તો પોલીસો બેધ્યાન બન્યા અને એ જેલમાંથી નાઠો. નાસતી વખતે થોડીક ઝપાઝપી થઈ હતી તેથી તેના કપાળમાં એક ઘા પણ પડેલો છે. એ ઉઠાઉગીરને હવે કોઈ પણ હિસાબે પકડવો પડશે. મારી ભૂખ અને ઊંઘ વેચીને પણ પકડ્યે જ જંપીશ. મને શી ખબર કે એનાથી ભોળવાઈ જઈ તમે જ એને છટકવામાં મદદ કરશો? નહિ તો હું તરત અહીં આવત.'

પિટરનું મગજ ધમધમી ઊઠ્યું. પોતે ભયંકર રીતે છેતરાઈ ગયો હતો તેનો ખયાલ આવતાં તેનું હૃદય શરમથી કોરાવા લાગ્યું. તેણે પોતાના બન્ને હાથની મુઠ્ઠીઓ એટલા જોરથી ભીંસી દીધી કે દસેદસ આંગળાંની દસેદસ નસો સાપણોની જેમ ઊપસી આવી. ઇન્સ્પેક્ટરે આ જોયું અને બોલ્યો, 'તેની વિરુદ્ધના અનેક કેસોમાં એકનો વધારો.'

પિટરે તેના તરફ એવી ધગધગતી દૃષ્ટિ નાખી કે તે છળી પડ્યો. પિટરે કહ્યું, 'હા-એ વાત બરાબર છે. તે માણસ પર મારા તરફથી ચોરીની અને ઉઠાંતરીની ફરિયાદ નોંધી લો.'

'એની વિરુદ્ધ ફરિયાદો નોંધીનોંધીને અમે તો થાકી ગયા છીએ.' ઇન્સ્પેક્ટરે જણાવ્યું. 'ફરિયાદોને શું કરીએ—એ પકડાતો જ નથી ત્યાં.'

પિટરે તેને પેલા માણસનું સરનામું આપ્યું. ઇન્સ્પેક્ટરે તે લખી તો લીધું પણ તેને શંકા હતી. ત્યારબાદ તેણે જવાની રજા માગી. પિટરે ફરીથી સાંજે મળવાની વિનતિનો હકારાત્મક જવાબ મેળવી તેને વિદાય કર્યો. તેના ગયા પછી પિટર ડખોળાઈ ગયેલી મનોદશા અનુભવતો મૂઢ-વિમૂઢ બેસી રહ્યો. તેના હૃદયમાં ધિક્કારની લાગણીઓ ઊભરાવા માંડી. તેની આંખોમાં ફરીફરીને આગ પ્રગટવા લાગી. લીન્ડા, કે જે આ બધી વાતોની સાક્ષી હતી, તે પણ ફીકી પડી ગઈ હતી. તેનું કોમળ હૃદય વીજળિક ધક્કાઓથી રડુંરડું થઈ ગયું હતું. તેની પિટર સાથે વાતકરવાની હિંમત ન ચાલી, કારણ કે પિટરના હૃદયમાં કેવા પ્રકારનું ઘમસાણ મચી રહ્યું હતું તે, તે સમજી શકતી હતી —અનુભવી શકતી હતી.

અચાનક પિટર ચીખતો હોય એમ બોલી ઊઠ્યો, 'મારું માથું ગરમગરમ થઈ ગયું છે! મારું માથું ભમી રહ્યું છે!'

લીન્ડાએ તરત તેના કપાળે હાથ મૂક્યો. તે ખરેખર ધખી ઊઠ્યું હતું. એકદમ પિટરના હાથ ઝાલી લઈ ઊભો કરતાં કરતાં કહ્યું, 'પિટર! પિટર! બધા વિચારો છોડી દે અને શાંતિથી સૂઈ જા.'

લીન્ડા પોતે બીજું બધું જ ભૂલી ગઇ—માત્ર પિટરનો ખયાલ તેના મનમાં ઘર કરી બેઠો. તે પિટરને શયનખંડમાં દોરી ગઈ અને સુવાડી દીધો. પથારીમાં પડી અડધો કલાક તો કંઈ પણ બોલ્યા સિવાય તે ચૂપચાપ આંખો મીંચી પડી રહ્યો. જ્યારે આંખો ખોલી ત્યારે લાલઘૂમ થઇ ગઈ હતી. તેનું મુખ નંખાઈ ગયું હતું. લીન્ડા તેની આ દશા જોઇ રુદન ન ખાળી શકી. પિટરે તેનો જમણો હાથ પોતાના કપાળે દાબી કહ્યું, 'લીન્ડા! તું ન રડીશ. હું થોડી જ વારમાં સ્વસ્થ થઇ જઈશ. પણ મને આઘાત જબરો લાગી ગયો છે. હું આવું નહોતો ધારતો. આજ સવારથી હું એમ માનવા લાગ્યો હતો કે જગતમાં માણસાઈ જેવી વસ્તુ છે ખરી. પણ આ પ્રસંગે એ માન્યતાને ધરમૂળથી કચરી નાખી છે. આ પ્રસંગે મને એવો વિષમય પાઠ ભણાવ્યો છે કે લાગણીઓને કદી સ્થાન ન આપો. લાગણીઓને કચરી નાખો-કૂટી નાખો. ઓહ! ઓહ! મારું માથું!' પિટરે એકદમ જોરથી પોતાનું માથું બે હાથ વડે દાબી દીધું.

'તું બોલીશ નહિ, તું બોલીશ નહિ.' લીન્ડાએ પિટરના વાળમાં હાથ ફેરવવા માંડ્યો. તે આખો દિવસ પિટર સૂનમૂન પડ્યો રહ્યો. તેના હૃદયમાં જાગેલો પેલો ધિક્કાર ધીમેધીમે વ્યાપક બન્યો અને આમ આખું જગત તેને ધિક્કારને પાત્ર લાગ્યું. સાંજે જ્યારે ઇન્સ્પેક્ટર આવ્યો ત્યારે પણ તે લોથપોથ પડ્યો હતો. ઇન્સ્પેક્ટરને તેના પ્રતિ સહાનુભૂતિ થઈ આવી. તે આડીઅવળી વાત કરવા લાગ્યો પણ પિટરે સીધું જ પૂછ્યું, 'પછી એ સરનામે પેલો માણસ મળ્યો?'

પિટરની મનઃસ્થિતિ જોઈ ઇન્સ્પેક્ટરને કહેવાની ઇચ્છા ન થઈ પણ પિટરે વારંવાર એ પ્રશ્ન પૂછ્યો એટલે કહ્યા સિવાય છૂટકો ન રહ્યો તેથી મિતાક્ષરીમાં કહ્યું, 'ના.'

પિટરનો આત્મા ઘોર ચિત્કાર કરી ઊઠ્યો.

એ જ વખતે નોકર એક છોકરાને પિટર પાસે લઇ આવ્યો. છોકરાએ પિટરના હાથમાં એક પેકેટ અને એક કાગળ મૂક્યાં. બધાં ઉત્સુક નયને જોઇ રહ્યાં. પિટરે કાગળ વાંચ્યો. તરત તેનું મુખ જાજ્વલ્યમાન બની ગયું. 'લીન્ડા! લીન્ડા! ઇન્સ્પેક્ટર! જુઓ! વાંચો!'

પ્રથમ ઇન્સ્પેક્ટરે તે વાંચ્યું અને તરત છોકરાને પૂછ્યું, 'આ કાગળ તને કોણે આપ્યો?'

'એક માણસે.'

'તે ક્યાં છે?'

'બહાર ઊભો છે.'

ઇન્સ્પેક્ટર એકદમ દોડ્યો અને થોડી જ વારમાં હાથ ઘસતો પાછો આવ્યો–બબડતો બબડતો: 'આઠમી વાર! આઠમી વાર! ફરી છટકી ગયો.'

તે વખતે લીન્ડા વાંચતી હતી:

'દયાળુ સાહેબ,

મને ખબર પડી ગઈ હતી કે દિવાનખંડમાં પોલીસના માણસો બેઠા હતા, છતાં તમે મને જવા દઈ જે મોટો ઉપકાર કર્યો છે તે હું કદી નહિ ભૂલું. તમારું પાકીટ બધા રૂપિયા સાથે જુદા પેકેટમાં મોકલાવ્યું છે. હું મારો ધંધો તો નહિ છોડી શકું, છતાં કોણ જાણે કેમ, તમારા પાકીટનો ભાર મારાથી ખમાતો નથી. તમારી માફી માગું છું.'

નીચે કોઈની સહી નહોતી.

લીન્ડા વાંચી રહી કે તરત પિટરે કહ્યું, 'આ કાગળને મઢાવીને આપણા આ ખંડમાં ટાંગીશું. નીચે લખીશું: 'માણસાઈ કદી અફળ નથી જતી.'

(ફેબ્રુઆરી ૧૯૫૫)



માધુકરી

નિંદાની પરવા વિના પ્રતિપલે સૌજન્યની માધુરી
રેલે સત્પુરુષો પરોપકરણે: એ પ્રકૃતિ એમની.
લાંબે સૂર અસભ્ય શ્વાન રડશે સામે જ એ બીકથી
ઊગે ના અમૃતાંશુ ચન્દ્ર ગગને એવું બને શું કદી?

મુકુન્દ પારાશર્ય

આ અંકની 'કલાવાર્તા'માં વર્ણવેલાં 'સૌરાષ્ટ્રી શૈલીનાં ભીંત-ચિત્રો'ના કલાકાર

કુમારશ્રી મંગળસિંહજી

જે 'કલાપી'ની કેકાએ ગુજરાતી સાહિત્યમાં હૃદયનાં મંથનો જગાડ્યાં એ 'કલાપી'–સૌરાષ્ટ્રના લાઠીસ્ટેટના રાજવી ઠાકોરશ્રી સુરસિંહજી ગોહેલના જ મંગળસિંહજી પૌત્ર થાય. તેમના પિતા—સ્વ. કલાપીના પુત્ર ઠાકોરશ્રી પ્રતાપસિંહજી બહુ થોડું આયુષ્ય લઈ આવ્યા હતા, પરંતુ તેમનામાં પિતૃનાં સંસ્કાર-બીજકો સંગીત અને ચિત્રકલાના છંદમાં ત્રળકી ઊઠયાં હતાં. સંગીતમાં તેમને ઈનામો મળેલાં. આ રાજવીની સંસ્કારછાયામાં તેમના ત્રણે સુપુત્રોમાં તેનો વિવિધ પ્રકારે વિકાસ થએલો જણાય છે. ઘણાને ખબર નથી કે આજના રાજવી શ્રી પ્રદ્યુમ્નસિંહજી પોતે કાવ્ય અને સાહિત્યનો સતત વ્યાસંગ સેવે છે. લાઠીમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન ભરાયું હતું તે એમની અભિરુચિને જ આભારી છે, અને તેમની મધુર નિગાહ નીચે જ નાના ભાઈ કુમારશ્રી મંગળસિંહજીના સંગીત અને ચિત્રના કોડ પાર પડ્યા છે.

ઈ. સ. ૧૯૦૫ના ઑક્ટોબરની પાંચમી તારીખે કુમાર શ્રી મંગળસિંહજીએ સૌરાષ્ટ્રની ધરતી પર આંખ ઉઘાડી તે દિવસથી એ ભૂમિની રંગ અને સ્વરલહરીએ તેમને મુગ્ધ કર્યા હશે. ૧૯૨૦માં રાજકુમાર કૉલેજમાં દાખલ થયા ત્યાર પછી ચિત્રમાં તેમનું કૌશલ વિકાસ પામતું આવ્યું, પણ નબળા બાંધાને લઈને તેમના અભ્યાસમાં ઘણી વાર ભંગ પડતો. ઈ.૧૯૨૫-૨૬માં દક્ષિણ ભારતના આરોગ્યધામ કોડાઈકેનલ ને પછી સિંહલ દેશના પ્રવાસો કર્યા ત્યારે તેમના હાથની શક્તિને ઠીક અજમાયશ મળી. ૧૯૨૭માં કૉલેજ છોડી પ્રિન્સ ઑાવ વેલ્સ રૉયલ ઇન્ડિયન મિલિટરી કૉલેજમાં જોડાયા અને ક્ષત્રિય-ધર્મની પણ સાધના કરી; પરંતુ સાહિત્ય ને કળાના શોખે ફરી ૧૯૩૨માં રાજકુમાર કૉલેજમાં ખેંચી લીધા. તે વખતે ત્યાં ભાવનગરના સ્વ. ઈન્દ્રપ્રસાદ ભચ પાસે તસવીરચિત્રો(પોર્ટ્રેટ પેઇન્ટિંગ)માં પાઠ લીધા અને તેમના કાકાશ્રી જોરાવરસિંહજી પાસેથી ફોટોગ્રાફી જાણી.

એવામાં ગોંડલમાં શિલ્પકાર્ય કરવા આવેલા પ્રસિદ્ધ ભારતીય શિલ્પકાર શ્રી વિનાયકરાવ કરમરકરનો તેમને ૧૯૩૨માં સમાગમ થયો. તેમની પ્રેરણાથી ચિત્રકળાને જીવનવ્યાસંગ બનાવવાનો નિશ્ચય કર્યો ને તેમની જ સૂચનાથી ૧૯૩૫માં તેઓ અમદાવાદમાં થોડો વખત શ્રી રવિશંકર રાવળના સંપર્કમાં રહ્યા, જ્યાં તેમને કનુ દેસાઈ, રસિકલાલ પરીખ વગેરે ગુજરાતના તરુણ કલાકારોનો પરિચય થયો.



તબિયતના કારણે તેમને અમદાવાદ છોડવું પડ્યું, પણ પછી તેમણે ભારતના પ્રાચીન કલાધામ અજન્તાની યાત્રા કરી, તેમાંથી તેમની શક્તિ વિશેષ સ્ફુરણા પામી ને લાઠી ખાતે પ્રતાપ-વિલાસમાં મોટાં ભીંતચિત્રો ઉપર સફળતાપૂર્વક હાથ અજમાવ્યો, સાથેસાથે સંગીતનો અભ્યાસ ગાઢ બનાવ્યો. આ દિવસોમાં તે એકલપંથે પ્રગતિ કરી રહ્યા હતા. તેમના કામથી શિષ્ટ કલાકારો પણ પ્રસન્ન થયા હતા. વડીલ ભ્રાતા રાજવી પ્રદ્યુમ્નસિંહજીનો તેમાં ઉત્સાહ અને



આપણાં પ્રાણીઓ : ૭

જલમાનુસ

જલમાર્જાર ને જલબિલાડીના નામથી પણ જાણીતું આ પ્રાણી હિંસ્ર વર્ગનું છે. હિંદ બહાર સિલોન અને બ્રહ્મદેશના કો'ક કો'ક ભાગમાં પણ દેખાતા બિલાડી જેવા બેથી અઢી ફૂટના આ પ્રાણીની પીઠનો રંગ ઘોડાના રંગ જેવો, પણ આછો લાલ કે બદામી હોય છે. ગાલ, ગળું, છાતી, પેટ ધોળાં. શરીરે પાણી ન અડકી શકે એવા છેડાવાળા વાળ, પણ સુંવાળું એવું કે હાથ મૂકતાં સરી જાય. પૂંછડી જાડી ને છેડે પાતળી. પગ ટૂંકા. પગનાં આંગળાં વચ્ચેથી જોડાએલાં, તરવાનું સરળ થાય એથી. નહોર ટૂંકા, જડબું ભારે. ગળું, ગરદન અને જડબું સરખાં જાડાં. મોં પર મૂછો. કાન બૂચિયા. દાંત તીણા ને મજબૂત. તેના શરીર ઉપરનો સુંવાળો અને ગીચ રુવાંટી વડે લદાએલો ભાગ તેને શરદીથી રક્ષણ આપે છે.

નામ પ્રમાણે પાણીમાં રહેનારું, જમીન પર પણ ફરે. બચ્ચાં માટે કિનારે ભેખડમાં બોડ કરે. રાતના રાજા. દહાડે લગભગ બોડમાં લપાઈ રહે. આહાર મુખ્યત્વે માછલાં, છતાં તે ન હોય ત્યારે બીજું કાંઈ પણ મારીને ખાય. ખાવા કરતાં બગાડ ભારે કરે. માછલું પકડ્યું, એકાદ મોં ભર્યું ન ભર્યું ત્યાં બીજું પકડે. ભારે રમતિયાળ. આ પ્રાણીને તરતું જોઇને તો મન ધરાય જ નહિ એવી રમણીય એની ગતિ હોય છે. ચપળ પણ એવું જ. એના જેવી ચપળતા આખા હિંસ્ર વર્ગમાં બીજા કોઈ પ્રાણીની નથી. બોલે ત્યારે કુરકુરિયાં જેવું કે બીકના માર્યા સિસોટી મારે તેવું. બાળબચ્ચાં સાથે ખૂબ આનંદમાં રહેનારું. આખું કુટુંબ ભેગું થઇને શિકાર કરે. તે પાણીમાં માછલાંને ચારે બાજુથી ઘેરી લઇને, પછી વારાફરતી મારે. એની આ ટેવને લીધે માછીમારો શિકારી કુતરાની પેઠે એને પાળીને તેની મદદથી માછલાંને સપડાવે છે.

માદા ખાસ કરીને વર્ષની શરૂઆતમાં બચ્ચાંઓને જન્મ આપે છે. તેનાં બચ્ચાં ખૂબ રમતિયાળ હોય છે, અને તેમના તે સ્વભાવને લઇને તેમને ઝટ પાળી શકાય છે.

('વનેચર'ના લેખ પરથી તારવીને)

ઉત્તેજના બળ આપતાં હતાં. લાઠીમાં વખતોવખત કલાકારો, સંગીતકારો ને કવિઓના જલસા થતા હતા. એ વાતાવરણમાં કુમાર શ્રી મંગળસિંહજીની કલાભાવના સર્વતોમુખી વિકસી રહી હતી. એને નિશ્ચિત સ્વરૂપ આપવાને તેમણે ૧૯૩૮માં ઇંગ્લંડ-યુરોપનો પ્રવાસ કર્યો, પ્રો. રોધેનસ્ટાઈન, સર ફ્રાન્ક બ્રૅંગ્વીન મિ. દ્રાવબર્ગ વગેરે અગ્રગણ્ય કલાકારોનાં ચિત્રગૃહોમાં તેમણે અનુભવો ને પ્રેરણા લીધાં, ને ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ વગેરે જોયાં; પણ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ બગડતી જોઈ તેમને પાછા ફરવું પડ્યું.

૧૯૩૯માં લંડનમાં બકિંગહામ પૅલેસમાં ભરાએલા ઈંગ્લંડના ખ્યાતનામ 'રૉયલ ઍકેડેમી પ્રદર્શન'માં તેમણે હમીરજી ગોહેલનું ચિત્ર મૂક્યું, જે શહેનશાહ જ્યૉર્જ છઠ્ઠાની પ્રશંસા પામ્યું હતું. રાગચિત્રો પણ એ જ વર્ષમાં એમણે ચીતર્યાં. હવે તેમને પોતાના કાર્યમાં પૂર્ણ આત્મપ્રતીતિ મળી ચૂકી હતી, ૧૯૪૧માં પોતાનો પહેલો ચિત્રસંપુટ 'રાગમંજૂષા' તેમણે પ્રસિદ્ધ કર્યો અને 'પ્રતાપવિલાસ' મહેલમાંનાં ભીંતચિત્રો તથા સુશોભનો સ્વતંત્રરીતે પૂરાં કર્યાં.

૧૯૪૫માં માઉન્ટ આબુમાં એકલ-હાથનું પ્રદર્શન કર્યું અને ફરી તે 'રાજપુતાના કલબ'ના પ્રદર્શનમાં પણ રજૂ કર્યું. તે પછી તેમણે 'શ્રી રામચિત્રાયન', 'યુગાવતાર બાપુ' વગેરે ચિત્રસંપુટો જનતાને ચરણે ધર્યા અને મુંબાઇની આર્ટ-સોસાએટીમાં 'વન મૅન શો'એકલ-પ્રદર્શનથી વધુ પ્રતિષ્ઠા મેળવી. ઉપરાંત, દિલ્હી ઑસ્ટ્રેલિયા અને બીજા અનેક દેશોનાં પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો—તેમણે હાથ કરેલી સૌરાષ્ટ્રની પરંપરા જેવી 'સલાટ શૈલી'ના તેમના પ્રયોગને લીધે ખૂબ જ આદર અને પ્રશંસા પામ્યાં છે. આ શૈલી સરળ પણ સબળ રેખારૂઢ, રંગભભકવાળી, તથા લોકસુગમ આકૃતિઓથી સામાન્ય જનને પણ આકર્ષણ અને કૌતુક આપનારી બની છે. શ્રી મંગળસિંહજીએ તેમાં ખરેખર સૌરાષ્ટ્રની તળપદી સંસ્કૃતિની ભભક અને સૌરભ ઉતારી છે. પ્રતિભાવંત મનુષ્યોના વિશાળ પરિચય તથા સમાગમથી તેમની દૃષ્ટિ અને કાર્યશક્તિ પાંગરતી દેખાય છે. સુશોભનો, નવીન રચના, કલ્પના અને સુમેળનાં તત્ત્વો તેમને સુસાધ્ય બન્યાં છે. તેમણે જામનગરનો દરબારી ચિત્રસંગ્રહ ખૂબ પરિશ્રમ લઈ પુન: વ્યવસ્થિત કર્યો છે અને નામદાર જામસાહેબ સૌરાષ્ટ્રના એક તરુણ કલાકારને પોરસાવે એ કળાના ઉત્કર્ષનું સુચિહ્ન છે. ભાવનગરના રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજી પણ ભારતીય કળાના એક પુરસ્કર્તા છે અને તેમણે પણ કુમાર શ્રી મંગળસિંહજીની શક્તિઓ પિછાની છે. આમ કુમાર શ્રી મંગળસિંહજીની સિદ્ધિઓનાં તેજ વધતાં જાય છે; તેમ છતાં તેમનું સૌજન્ય, વિનય અને જનતાપ્રેમ જરા પણ ક્ષતિ પામ્યાં નથી. હાલ તેઓ સૌરાષ્ટ્રમાંનું એક જાગૃત, વેગવાન કલાકેન્દ્ર નિર્માણ કરવાના મોંઘા કોડ સેવી રહ્યા છે. સૌરાષ્ટ્રના ભાવિના સૌ ઘડવૈયા તેમને હૃદયથી સાથ આપો અને સૌરાષ્ટ્ર આવાં નરરત્નોથી વિશેષ ગૌરવપૂર્ણ હો. —રવિશંકર રાવળ

અલોપ થતો ટાપુ

પાસિફિક સમુદ્રનાં નુકાલોફા અને લિફુકા બંદરોની વચ્ચે 'ટોન્ગા' નામનો દ્વીપસમૂહ આવેલો છે. આ ટાપુ એક દિવસ દેખાય તો બીજે દિવસે અદૃશ્ય થાય એવી નૈસર્ગિક લીલાવાળો છે. ઈ. સ. ૧૭૮૧થી એનું અસ્તિત્વ મનાય છે. ઈ. સ. ૧૮૬૫માં એ ટાપુની આકારણી કરવામાં આવેલી. ઈ. સ. ૧૮૮૫માં એની મોજણી બ્રિટિશ વહાણ 'ઇજીરિયા'એ કરી હતી. ત્યારે તે ૧¾ માઈલ લાંબો અને એક માઇલ પહોળો હતો. એની ઊંચામાં ઊંચી જગ્યા દરિયાની સપાટીથી ૧૫૩ ફૂટ હતી. મોજણીને એકાદ અઠવાડિયું વીત્યું ત્યાં તો ટાપુ અલોપ! ત્રીસ વર્ષે પછીં અચાનક એક વહાણ અધ્ધર ઊંચકાયું, ને ટાપુ બહાર આવ્યો. ખલાસીઓની ગભરામણ અને તેમના આશ્ચર્ય વચ્ચે બીજે દિવસે એ ટાપુ પાછો લુપ્ત થઇ ગયો ને વહાણ તરવા માંડ્યું! ઈ. સ. ૧૯૨૧માં એચ. એમ. એસ. વેરોનિકા વહાણે એની નોંધણી કરી તો માલૂમ પડ્યું કે એ ટોન્ગા ટાપુ ૧૭૩૦ વાર લાંબો અને ૧૪૩૦ વાર પહોળો હતો. થોડાક દિવસ પછી એ જ વહાણના કામગારોને ત્યાં કશું દેખાયું નહિ. ૧૯૨૮માં 'બ્યુલાહ' વહાણના કપ્તાન ઓલાફ ગન્ડરસને ખબર આપી કે ટાપુ બહાર આવ્યો છે. પણ આકારણી કરવા વહાણ મોકલ્યું કે ટાપુ લા-પતા! આવું બીજી વાર પણ બન્યું.

ઈ. સ. ૧૮૯૨માં એ ટાપુ ઘણા મહિના દૃશ્યમાન રહ્યો હતો. એથી ટોન્ગાની સરકારે એના પર નારિયેળ-ખજૂરીનાં ઝાડ વાવી પોતાના રાજ્ય સાથે એને જોડી દીધો હતો. એક અઠવાડિયા પછી સરકારે કેટલાક ઉતારુઓને લઈ ટાપુ પર વહાણ મોકલ્યું. પણ ત્યાં તો ખાલી છડિયાં પાણી પર તરતાં હતાં!

આજથી ચારેક વર્ષ પર કેટલાક ખલાસી સાથે વૈજ્ઞાનિકો પણ તેની તપાસ માટે ગયા હતા. તેમનું કહેવું છે કે પાસિફિકમાં દબાઇ રહેલા તે સ્થળના કોક જવાળામુખીને લીધે આ ટાપુ અદ્ભુત રસનું પ્રતીક બન્યો છે. સમુદ્ર નીચેનો જવાળામુખી ફાટે છે ત્યારે તેમાંથી લાવારસવાળી રાખ અને બળેલા પદાર્થના અવશેષ બહાર ધસી આવી સમુદ્રના વિશાળ પટને આવરી લે છે. સમુદ્ર તરત જ કામે લાગી જાય છે અને ઝપાટાબંધ એ બધું ધોઇ નાખે છે. કો'ક વાર નીકળી આવેલો લાવા જાડા ને સખત પડનો હોય છે ત્યારે તેને ધોવાતાં વાર લાગે છે. આમ વરસોથી જગતને આશ્ચર્યમાં નાખી રાખનારા ટોન્ગા ટાપુનો ભેદ હવે હાથ લાગ્યો છે. —ચીમન વ્યાસ

ભૂગોળ શાસ્ત્રમાં વપરાતાં કેટલાંક 'હુલામણાં નામો'

ભૂગોળ શાસ્ત્રમાં કેટલાંયે શહેરો, પર્વતો, નદીઓ, દેશો વગેરેને વિવિધ પ્રકારનાં હુલામણાં નામે ઓળખાવવામાં આવે છે એ તો સુવિદિત છે. સમયે સમયે આ નામોમાં અવનવો ફેરફાર પણ થતો રહે છે, એ અભ્યાસીઓ જાણે છે. એવાં કેટલાંક નામો અહીં રજૂ કર્યાં છે.

અટકામાનું રણ—ચીલીની ટંકશાળ
અમદાવાદ—હિંદનું માંચેસ્ટર; મિલોની રાણી
અમેરિકા—નવી દુનિયા
આફ્રિકા—'અંધારિયો ખંડ', પ્રાણીઓનું સંગ્રહસ્થાન
આમાઝોન—જલરાશિની રાણી
આયર્લૅંડ—નીલમનો ટાપુ; લીલો ટાપુ; આયરિશ ફ્રી સ્ટેટ
ઈટલી—યુરોપનો બગીચો
ઈરાનનો અખાત—લીલો સમુદ્ર
ઇર્કુટસ્ટ—સાઇબિરિયાનું પારિસ
ઇસ્ટ ઇંડિઝ ટાપુઓ—મસાલાના ટાપુઓ, મલયદ્વીપો
ઇંગ્લાંડ—દુકાનદારોની પ્રજાનો દેશ
એન્ડિઝ—દક્ષિણ આફ્રિકાની કરોડ
એબિસિનિયા—ઇથિઓપિયા
એલાશાપેલ—આકીન
ઑસ્ટ્રેલિયા—સોનેરી ઊનની ભૂમિ [લૅન્ડ ઑવ્ ગોલ્ડન ફ્લીસ]
કોબે—જાપાનનું માંચેસ્ટર
કચુરોસિવો—કાળો પ્રવાહ
ગિયાના—પાણીનો પ્રદેશ
ગ્રેન ચેકો (આર્જેન્ટિના)—શિકારનો પ્રદેશ
જયપુર—હિંદુસ્તાનનું પેરિસ
જાપાન—ઊગતા સૂર્યની ભૂમિ

જિબ્રાલ્ટર—ભૂમધ્ય સમુદ્રનું નાકું
જોહાનિસબર્ગ—સોનાનું શહેર
ટેરા ડેલ ફુએગો—અગ્નિભૂમિ, સળગતી ભૂમિ
ટિફ્લિસ—ગરમ શહેર
ટ્યુનિસ—બર્બરોનો પ્રદેશ
ડચ ઈસ્ટ ઇન્ડિઝ ટાપુઓ—નેધરલૅન્ડ ઇન્ડિયા
ડચ ગિયાના—સુરિનામ
ડાન્યુબ—'આયર્ન ગેટ', લોખંડી દરવાજો
ડેન્માર્ક—સહકારી મંડળીઓનો દેશ
દક્ષિણ અમેરિકા—લૅટિન અમેરિકા; 'ફોર ડીકેરા'
નોર્વે—મધ્યરાત્રિના સૂર્યનો દેશ
પંજાબ—નહેરોનો પ્રદેશ
પામીર—દુનિયાનું છાપરું; 'બામ-ઈ-દુનિયા', જગતની છાવણી
પેન્ટેગોનિયા—ચેટાંનો દેશ
પેપ્સુ—'પતિયાળા ઍન્ડ ઈસ્ટ પંજાબ સ્ટેટ્સ યુનિયન'
પોલેન્ડ—સપાટ મેદાનોની ભૂમિ
પ્રિટોરિયા—હીરાઓનું શહેર
ફિન્લૅન્ડ—સરોવરોનો દેશ
ફોર્મોસા—તાઇપેહ
ફ્રાંસ—ગૉલ; લા બેલા
ફ્લોરિડા—ફૂલોનું શહેર
બાકુ—કાળું નગર
બાબલ માંડપ—લાલ સમુદ્રનું નાકું; આંસુ સરાવતી સામુદ્રધુની
બેલ્જિયમ—યુરોપનું સમરાંગણ
બૅંગકોક—જળનગર; તરતું શહેર
બ્રસેલ્સ—નાનું પારિસ
બ્રહ્મદેશ—ત્રિયાદેશ
બ્રાઝિલ—ઊંઘતો રાક્ષસ
મુંબાઈ—'ગેટ વે ઑફ ઇન્ડિયા'-હિન્દનું પ્રવેશદ્વાર
મૉસ્કો—પાંચ સમુદ્રોનું શહેર
યાંગ સિક્યાંગ—ચીનની ગંગા
યુનાઇટેડ સ્ટેટ્સ—'લૅન્ડ ઑફ સ્ટાર્સ ઍન્ડ સ્ટ્રાઇપ્સ' તારા અને પટ્ટાની ભૂમિ
રુવેન્ઝોરી પર્વત—ચંદ્રગિરિ ('માઉન્ટન ઑફ ધ મુન')
લેનિનગ્રેડ—પેટ્રોગ્રેડ; સેંટ પિટર્સબર્ગ
વેનેઝુએલા—નાનું વેનિસ
શિકારપુર—ખોરાસાનની ભાગોળ
શ્રીનગર—હિંદુસ્તાનનું વેનિસ
સાન્ફ્રાંસિસ્કો—સુવર્ણદ્વાર-'ગોલ્ડન ગેટ'
સિયામ—મુઆંગ થાઈ, સ્વાધીન દેશ; થાઇલૅન્ડ
સિલોન—પૌરસ્ત્ય સાગરનું મોતી; લંકા; સિંહલદ્વીપ
સેન્ટ જોન્સ—માછલીઓનું શહેર
સોમાલિલૅન્ડ—સુવાસિત પ્રદેશ, ઍરોમેટિક રિજ્યન
સ્કૉટ્લૅન્ડ—'લૅન્ડ ઑફ કેક્સ'
સ્વિટ્ઝરલૅન્ડ—યુરોપની વિહારભૂમિ; હોટેલની રાણી
સ્વીડન—દીવાસળીનો દેશ
હોઆંગહો—પીળી નદી; ચીનનાં આંસુ, ચીનની દિલગીરી
હૉંગકૉંગ—ચીનનું પ્રવેશદ્વાર; ચીનનું મુંબાઈ

[સંકલિત] —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

૭૭ ('કુમાર' અંક ૩૭૪)

કસ્તૂરી

કસ્તૂરી એ એક સુગંધી પ્રાણીજ પદાર્થ છે. મધ્ય એશિયા, હિમાલય, નેપાળ, ભૂતાન, તિબેટ, આસામ વગેરે પ્રદેશની ૮૦૦૦થી માંડી ૧૩૦૦૦ ફૂટ ઊંચી જગ્યામાં થતા 'કસ્તૂરી મૃગ' નામના હરણની નાભિ પાસે એક ગાંઠ થાય છે જેમાં કાળા ભૂરા રંગનું એક દ્રવ્ય એકઠું થાય છે, તેને કસ્તૂરી કહે છે. કસ્તૂરી મૃગ સાધારણ મૃગ કરતાં વધુ બલિષ્ઠ, સુન્દર અને સ્ફૂર્તિલો હોય છે. કસ્તૂરી મૃગને હાથીની માફક મોઢા ઉપર બે નાના દાંત નીકળેલા હોય છે. મૃગ ત્રણ ફૂટ લાંબો હોય છે. ઘરડા મૃગની કસ્તૂરીની વાસ અતિ ઉગ્ર હોય છે. કસ્તૂરી ખુલ્લી રાખવાથી તેની વાસ ઊડી જાય છે. અત્યાર સુધીમાં એક કસ્તૂરી મૃગની નાભિની અંદરથી કસ્તૂરીનો વધુમાં વધુ જથ્થો ૧૦ તોલા સુધીનો મળ્યો છે, જે સુકાતાં ૫ થી ૭ તોલા સુધી રહે છે. સામાન્યતઃ બે થી અઢી તોલા કસ્તૂરી એક કસ્તૂરી મૃગની નાભિમાંથી મેળવાય છે. અસલી કસ્તૂરી તે હોય છે, જે બરાબર પાકી જતાં મૃગ પોતાના પગ વતી ગ્રંથિઓને ખજવાળીને ત્યાં જ વિખેરી દે છે. કસ્તૂરી મૃગનો શિકાર કરવામાં તિબેટના લોકો ઘણા નિપુણ હોય છે. માત્ર કસ્તૂરી મેળવવા ખાતર જ તિબેટના લોકો હર સાલ ૩૫ હજાર મૃગોને મારે છે.

અત્યારે કસ્તૂરીની બાબતમાં ઘણી ભેળસેળ અને બનાવટો થાય છે. શુદ્ધ કસ્તૂરી ઓળખવા માટે હિંગપાએલા દોરાને કસ્તૂરીમાંથી પસાર કરવો, જો તે હિંગને બદલે કસ્તૂરીની ગંધ ધારણ કરે તો કસ્તૂરી શુદ્ધ છે એમ માનવું. હાથ પર લસણ ચોળી તે ઉપર શુદ્ધ કસ્તૂરી ચોળવાથી લસણની વાસ ઊડી જાય છે. અંગારા પર કસ્તૂરી નાખવાથી જો તેલના જેવા પરપોટા ઉત્પન્ન થાય તો શુદ્ધ અને જો બળીને ખાખ થઈ જાય તો બનાવટી. અસલી કસ્તૂરી દાણાદાણા ને ચૂરારૂપે હશે તથા તેની ગંધ એટલી તીવ્ર હશે કે સૂંઘવાથી નાકમાંથી લોહી પડશે.

આખી દુનિયામાં સૌથી વધુ કસ્તૂરી તિબેટમાં પેદા થાય છે. તિબેટની સીમા લાંબે સુધી ભારત સાથે મળેલી હોવાથી ઉત્તરપૂર્વી તિબેટ કસ્તૂરીનો મોટો ભાગ કાલિમ્પોંગ તરફ થઇને આસામ, અલમોડા, નૈનિતાલ, નેપાલ, કાશ્મીર, ભૂતાન, સિક્કિમ વગેરે પ્રદેશોમાં વેચે છે. કાલિમ્પોંગ કસ્તૂરીના વેપારનું મથક છે. દર સાલ ૫૦ હજાર તોલા કસ્તૂરી ત્યાં વેચાય છે. તિબેટની કસ્તૂરી ભારત આવી ચીન, જાપાન, રશિયા, અમેરિકા, ઇંગ્લંડ, સ્વિટ્ઝરલાંડ, ફ્રાંસ વગેરે દેશોમાં જાય છે. કસ્તૂરીમાંથી અત્તર, હૃદયોત્તેજક દવાઓ તથા અન્ય રોગો માટેનાં ઈંજેકશન બનાવવામાં આવે છે. વૈદકીય દૃષ્ટિએ કસ્તૂરી આકરી વાસવાળી, તીખી, કડવી, સુગંધી, ઉષ્ણ, શુક્રપ્રદ, ગુરુ, વૃષ્ય, કફઘ્ન, વાતાહર અને સ્નાયુઓને શિથિલ કરનાર છે. તે કિલાસ-કોઢ, મુખરોગ, કફ, દુર્ગંધ, મળ, વાયુ, તૃષા, ઊલટી, શોષ અને વિષનો નાશ કરે છે. શરીર ક્ષીણ થઈ જાય ત્યારે, જુદીજુદી જાતના જ્વર, સન્નિપાત વગેરે દરદોમાં દરદી બેભાન પડ્યો હોય કે ત્રિદોષ અવસ્થામાં ગણગણ્યા કરતો હોય ત્યારે, વૃદ્ધ માણસને વરમ થાય ત્યારે, સન્નિપાત અને વિશેષે કરીને શીતાંગ સન્નિપાતમાં, વાત, પિત્ત, શરદી વગેરેમાં કસ્તૂરી બહુ ગુણકારી મનાય છે. તે મગજને તર અને લોકોને તૃપ્ત કરે છે. તે ઉત્તેજક હોવાથી નબળાઇ વખતે શક્તિવર્ધક દવામાં નખાય છે. ત્રિદોષમાં જ્યારે સખત હેડકી ઊપડી આવે છે ત્યારે કસ્તૂરી અને બાવળનાં છોડિયાં ચલમમાં ભરી ફૂંક લેવાથી તે એકદમ બંધ થાય છે. શ્વાસ, મોટી ઉધરસ, હિસ્ટીરિયા ને આંચકીમાં ૫ થી લઇને ૧૦ ગ્રેન સુધી કસ્તૂરી આપવી જોઈએ. એ ઉપરાંત કસ્તૂરીનો પ્રસાધનમાં કપાળે બિંદી કરવાના કે ચંદનમાં નાખવાના દ્રવ્ય તરીકે પણ-ઉપયોગ પ્રચલિત છે. (સંકલિત)

પૅટ્રિક ગેડીસ (અનુ. પૃ. ૩૮થી) કરી તેનો ઉકેલ તેઓ સૂચવતા. 'જીવન જીવવામાંથી જ શિક્ષણ લઇ શકાય છે. દરેક પરિસ્થિતિના જીવન-વ્યાપારમાંથી જ શાસ્ત્રીય પ્રગતિ સાધી શકાય છે. પ્રગતિ સાધવામાં જીવન-વિકાસની અવગણના ના થઈ શકે. જીવન-વિકાસના ભોગે કોઇ પણ વ્યવસ્થા પ્રાપ્ત થઇ શકતી નથી. સરમુખત્યારશાહીથી કોઇ પણ સામાજિક વ્યવસ્થા પ્રાપ્ત થઈ શકતી નથી. દરેક પરિસ્થિતિનો ઉકેલ જીવન-વિકાસને રસ્તે જ થઇ શકે.' પૅટ્રિક ગેડીસના આ વિચારો જીવનશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની તેમની ઊંડી સમજણના દ્યોતક છે. પૅટ્રિક ગેડીસ તેમના જીવનમિત્ર પ્રિન્સ પોકોટ ક્રોનની વિચારશ્રેણીની વધુ નજીક હતા. પરન્તુ કાર્લ માર્ક્સની વિચારશ્રેણી તેઓ સ્વીકારી શક્યા ન હતા. ભૂતકાળના એક કે બે ઐતિહાસિક બનાવો પર આજની પરિસ્થિતિ અવલંબતી નથી. દરેક માનવવ્યાપારની પરિસ્થિતિમાં જ તેના ઉકેલની ચાવી છે. ગાંધીજીની કાર્ય-પદ્ધતિના તેઓ મોટા પ્રશંસક હતા. જોકે ગાંધીજીની 'રેંટિયા'ની હિમાયતના તેઓ વિરોધી હતા.

વિજ્ઞાનમાં તેમણે ભલે કોઈ મૌલિક શોધ કરી નથી, પણ વિજ્ઞાનના સિદ્ધાન્તો ખાસ કરીને જીવનશાસ્ત્રના સિદ્ધાંતોનો વ્યાપક રીતે માનવ-વ્યાપાર સમજવામાં તેમણે વિરલ ને અપૂર્વ ઉપયોગ કર્યો છે, જે જીવનશાસ્ત્રના, નગર-રચનાના સ્લમ-ક્લીઅરન્સના અથવા તો અન્ય કોઈ પણ પ્રકારના વિષયને છેક તેના હાર્દ સુધી એકસરખી રીતે સ્પર્શી જાય છે. માનવ-વ્યાપારના આવા અનેક કોયડાઓ ઉકેલવા માટે પૅટ્રિક ગેડીસે શાસ્ત્રીય પૃથક્કરણની જે રીત શોધી હતી તે મૌલિક છે.

અથાણું

'હલ્લો ! કોણ, આગનું બંબાખાતું કે?'

'હા જી.'

'તો જુઓ; મેં હમણાં જ સુંદર બાગ કર્યો છે, ને તેમાં મોંઘા ફૂલછોડ વાવ્યા છે, ને...'

'પણ આગ ક્યાં લાગી છે?'

'...અને એ ફૂલછોડમાં મેં ઘણું કીમતી ખાતર નાખ્યું છે, અને...'

'તમે ખોટો નંબર જોડચો છે. તમારે કોઈ માળીની દુકાન સાથે વાત કરવી લાગે છે.'

'ના.તમારી—બંબાખાતાની જ સાથે વાત કરવી છે, અને તે હવે હું કહું છું. મારા પડોશીને ત્યાં આગ લાગી છે, એટલે તમારા બંબાવાળાઓને જરા સૂચના આપજો કે એને ત્યાં જતી વેળા મારો બગીચો ખૂંદીને ન જાય.'

નવાં પુસ્તકો

રત્નમાલા : વિદ્યાર્થીઓને પ્રેરણા અને સંસ્કૃત સાહિત્ય પ્રત્યે રુચિ જગાડે એવો સંસ્કૃત સુભાષિતોનો શાળોપયોગી સંગ્રહ, સંગ્રાહક ને પ્રકાશક : નાથાલાલ દવે, હંટર અધ્યાપન મંદિર, મોરબી, ૦-૪-૦; **સૌરાષ્ટ્ર-દર્શન :** સૌરાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિઓ અને ત્યાંનાં યાત્રાસ્થાનોનો પરિચય કરાવતી હિંદી પુસ્તિકા, લે. નાથાલાલ દવે, પ્રકા. : સ્વાગત સમિતિ, દસમું અખિલ ભારત નયી તાલીમ સંમેલન, સણોસરા (સૌરાષ્ટ્ર), ૦-૧-૦; **મહેનતનાં ગીત :** મહેનત, ઋતુવૈભવ અને ભૂદાન વિષેનાં નાથાલાલ દવેનાં ગીતો, પ્રકાશક: મગનલાલ સોમૈયા, મંત્રી-ભારત સેવક સમાજ, મોરબી, ૦-૨-૦; **પલાશપુષ્પ :** ઐતિહાસિક તથા પૌરાણિક પ્રસંગોને વણી લેતી જેઠાલાલ ત્રિવેદીની વાર્તાઓ, પ્રકાશક : ઉપેન્દ્રપ્રસાદ જે. ત્રિવેદી, રાંધેજા (ઉ. ગુ.), ૩-૦-૦; **અયોધ્યા કાંડ :** વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડનો હંસાબહેન મહેતાએ કરેલો સમશ્લોકી અનુવાદ, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૫-૦-૦; **બ્રહ્મદેશ-દર્શન :** બ્રહ્મદેશ વિષે પરિચય આપતું મણિલાલ માધવલાલ પુરાણિકે લખેલું પુસ્તક, ૧-૦-૦; **શ્રી નૂરીલીલામૃતસાર :** શ્રી સમર્થ નૂરી મહારાજનું ચરિત્ર અને બોધવચનો, પ્રયોજક: મણિલાલ માધવલાલ પુરાણિક, ઉપરના અને આ પુસ્તકના પ્રકાશક : શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ, ૨-૦-૦; **વિચાર રત્નમાળા :** જીવનોપયોગી વિચારરત્નોનો ચંદુલાલ ત્રિ. વ્યાસે કરેલો સંગ્રહ, પ્રકાશક : શ્રી જ્ઞાન પ્રચારક મંડળ, અવિધા, અંકલેશ્વર થઇને (જિ. ભરૂચ), ૦-૨-૦; **રેતી અને મોતી :** કિસ્મત કુરેશીનાં ગીતોનો સંગ્રહ, પ્રકાશક : ઉમર ચાંદભાઈ કુરેશી, કાજીવાડ, ભાવનગર, ૧-૦-૦; **જીવન અને દર્શન :** મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજનાં પ્રવચનો, પ્રકાશક : શેઠ રતિલાલ પોપટલાલ બુકસેલર, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર), ૧-૦-૦; **સમવાયી શિક્ષણ :** વર્ધા શિક્ષણયોજના મુજબ નયી તાલીમના આ શિક્ષણકોણને સમજાવતું માર્ગદર્શક પુસ્તક, લેખક : સતીશચન્દ્ર મ. જોષી, પ્રકાશક : અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ, ૧-૮-૦.

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : રવિશંકર મહારાજ

શ્રમ, સાદાઈ ને સંયમની પ્રતિમૂર્તિ સમા માનવસેવા-પ્રેર્યા પૂ. રવિશંકર મહારાજનો



જન્મ એમને મોસાળ માતર તાલુકાના 'રદુ' ગામમાં સ. ૧૯૪૦ની શિવરાત્રિએ (૨૫મી ફેબ્રુ. ૧૮૮૪એ) થએલો. પિતાનું નામ શિવરામ વ્યાસ. મહેમદાવાદ તાલુકાનું 'સરસવણી' નામનું ગામડું તેમનું વતન. ખૂબ જ તોફાની કિશોર રવિશંકરની ચેતન-શક્તિ નાનપણથી શ્રમકાર્ય–દળવું, પાણી ભરવું, ગાર કરવી વગેરે તરફ વળેલી. નિર્ભયતા મહારાજમાં નાનપણથી જ હતી. મિત્રને બચાવવા અનેક મગરોવાળા ધરામાં પણ તેમણે એક વાર ઝંપલાવ્યું હતું. પ્રાંતમાં મરકી ફાટી નીકળતાં પંદર-સોળ વરસના જન્મજાત સેવાભાવી મહારાજે ગોઠિયાઓને લઈને મરનારાઓને દફનાવી આવવાનું અતિ કપરું કામ બજાવેલું.

મહારાજના ૧૯મે વરસે પિતાનું ને ૨૨મે વરસે માતાનું અવસાન થયું. પિતાની પાસે છ જ ચોપડી ભણેલા 'આદર્શ કેળવણી'ના આ ઉપાસકને અંગ્રેજી ન ભણ્યાનું દુઃખ નથી.

સં. ૧૯૬૦માં ત્યારના વિદ્વાન કવિ છોટાલાલના પરિચયમાં આવતાં મહારાજનું મન દયાનંદ અને રામમોહનરાય તરફ ઢળ્યું, ત્યારે તેમના સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ તેમણે કર્યો. બાદ દેશભક્તિની તમન્નાવાળા અનેક નરવીરોમાંના એક મોહનલાલ કામેશ્વર પંડ્યાના સંપર્કને પરિણામે તેમણે સ્વરાજ અને સેવાના રચનાત્મક ક્ષેત્રને જીવનધ્યેય તરીકે સ્વીકારી તેમાં ઝુકાવ્યું. પંડ્યાજીએ મહારાજને એટલા તો પલોટ્યા કે ઈ. ૧૯૧૫માં નડિયાદથી ખાદી ખરીદી લાવી મહારાજે પોતાનાં પત્ની સૂરજબા અને ચાર બાળકોને કહી દીધું કે, 'હવેથી આપણે ખાદી પહેરવાની.'

ગાંધીજીની પ્રેરણાનું આકંઠ પાન કરીને મહારાજે ઈ. ૧૯૨૦માં સુણાવ ગામે રાષ્ટ્રીય (નવી તાલીમ) શાળા ખોલી. જેમાંનું બધું જ કામ તેઓ જાતે જ કરતા. ૧૯૨૧માં કૉંગ્રેસ લોકમાન્ય ટિળકના સ્મરણાર્થે એક કરોડ રૂપિયાના નક્કી કરેલા ફાળામાંથી મહારાજને હિસ્સે દસ હજાર રૂપિયા ઉઘરાવવાનું આવ્યું. પોતાની સાત હજારની ઘરવખરી સર્વપ્રથમ દેશને અર્પણ કરી દેવાના મહારાજના સંકલ્પ સાથે પત્ની સંમત ન થયાં. મહારાજે ત્યારે કેવળ આટલું જ કહ્યું : 'આજથી આ મિલકત તમારી અને દેશ મારો.'

અને લોકસેવાના વ્રતધારી પૂ. મહારાજે હાથમાં દોરી, લોટો ને તકલીપૂણી લઈ ગામડે ગામડે પગપાળા ઉઘાડે પગે ચાલીને ફરવું શરૂ કરી દીધું. ગામનાં માનવીઓ વચ્ચે તેઓ મધ્યરાત સુધી બેસતા ને તેમનાં સુખદુઃખની વાતો ચર્ચતા. ૧૯૨૨ની અસહકારની લડતના બે હજાર સ્વયંસેવકોમાં બે નામ સૌથી મોખરે હતાં : મોહનલાલ કામેશ્વર પંડ્યા અને રવિશંકર મહારાજ. પછી તેઓ બાપુજીને મળવા ગયા. મહારાજની અનુપમ સેવા–ધગશથી લગીર પણ અણજાણ ન હોવાને લીધે ગાંધીજીએ તેમને પછાત કોમોની સેવા કરવાનું કહ્યું. મહારાજે પણ પોતાનું જીવન બાપુજીનાં એ વચનોને ચરિતાર્થ કરવા પાછળ અર્પી દીધું.

હાલ પૂ. મહારાજ બોચાસણ નામના ગામડામાં વલ્લભવિદ્યાલય ચલાવે છે. ૧૯૪૫થી ગાંધીજીના આદર્શ મુજબની સર્વાંગીણ તાલીમ આપતો અભ્યાસક્રમ ત્યાં ચાલે છે.

'ચોરી કરવી એ તે કંઈ પાપ છે?' એવી બાળક જેવી મનોદશા ધરાવતી પછાત કોમો વચ્ચે ધામા નાખીને મહારાજે માણસાઈના જે દીવા પ્રગટાવ્યા છે તે તો ગુજરાતનું કે ભારતનું નહિ, બલકે માનવજાત ને માનવતાના ઇતિહાસનું એક અતિ ઊજળું પાનું છે.

દિનવિશેષ

તા. ૧ બારડોલીમાં 'ના-કર' લડત માટે મહાત્મા ગાંધીજીની ઘોષણા, ૧૯૨૨.

તા. ૪ માલવિયાજી અને ઍની બેસન્ટના સંયુક્ત પ્રયાસે હિંદુ વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૧૫.

તા. ૬ વડોદરા રાજ્યના આદર્શ રાજવી સયાજીરાવ ગાયકવાડનું અવસાન, ૧૯૩૯.

તા. ૭ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના એજંટે જહાંગીર પાસેથી વેપારની પરવાનગી મેળવી, ૧૬૧૩.

તા. ૧૧ લૉર્ડ કૉર્નવૉલિસે જિલ્લા અને શહેર અદાલતોની સ્થાપના કરી, ૧૭૯૩.

તા. ૧૩ જગન્નાથપુરીના વિખ્યાત મંદિરમાં હરિજનોનો પ્રવેશ, ૧૯૪૮.

તા. ૧૪ મુઘલ સમ્રાટ અકબર તખ્તનશીન થયો, ૧૫૫૬.

તા. ૧૯ 'ભારત-સેવક-સમાજ'ના સ્થાપક ગોપાલકૃષ્ણ ગોખલેનું અવસાન, ૧૯૧૪.

તા. ૨૬ રાજકવિ 'કલાપી' સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલનો જન્મ, ૧૮૭૪.

પ્રસંગવિશેષ : વૉરન હેસ્ટિંગ્સ પર તહોમતનામું તા. ૧૭મી ફેબ્રુઆરી ૧૭૮૮

સારા યે દેશમાંથી બેઈમાનીભરી રીતે ધન ઉસરડનારી હેસ્ટિંગ્સની 'સોટી'નો સૌ પહેલો ભોગ હતા રોહિલાઓ, જેમની સાથે તકરાર કરવા માટેનું નાનામાં નાનું બહાનું પણ અંગ્રેજોને કાઢ્યું નહોતું જડતું. તો ય કંપનીની અને પોતાની અંગત ધનપિપાસાને તૃપ્ત કરવા ઈ. ૧૭૭૩માં અયોધ્યાના નવાબ શુજાઉદ્દૌલા સાથે રોહિલા લોકોની વિરુદ્ધ સંધિ કરી વૉરન હેસ્ટિંગ્સે રોહિલખંડ ઉપર ચડાઈ કરી અને તે આખા યે પ્રદેશને બેદાનમેદાન કરીને લૂંટાય એટલું ધન લૂંટ્યું. પોતાનાં દગલબાજી અને છળકપટભર્યાં કરતૂતોને ખુલ્લાં પાડનાર મહારાજા નંદકુમારને અન્યાયભરી રીતે ૧૭૭૬ની પમી ઑગસ્ટે હેસ્ટિંગ્સે ફાંસી અપાવી. બનારસનો રાજા ચૈતસિંહ પોતાને જરૂર કે આર્થિક અનુકૂળતા ન હોવા છતાં એક અંગ્રેજ લશ્કર નિભાવતો હતો. છતાં બે વરસ બાદ એક બીજું અંગ્રેજ લશ્કર નિભાવવાનો તેને હેસ્ટિંગ્સ તરફથી હુકમ મળ્યો. તે માટે ચૈતસિંહે પોતાની અશક્તિ બતાવી. લાગ જ શોધતો હેસ્ટિંગ્સ બનારસ પર તૂટી પડ્યો. અને સર્વ રીતે સમૃદ્ધ એવા તે પ્રદેશને તેણે લૂંટીને વેરાન જેવો કરી નાખ્યો. હજી પણ ન સંતોષાએલી ધનપિપાસાને સંતોષવા હેસ્ટિંગ્સે પોતાના ખાસ મદદગાર સાથી જેવા ભારતના ત્યારના વડા ન્યાયાધીશ ઈલિજા ઈમ્પીની સહાયથી ખોટા સાક્ષી-સાહેદો ઊભા કરી અયોધ્યાના નવાબ શુજાઉદ્દૌલાની વિધવા બેગમો–જેમનું સંરક્ષણ મરતાં પહેલાં નવાબ અંગ્રેજોના હાથમાં સોંપતો ગયો હતો–નો ખજાનો લૂંટ્યો. તેના આવા અત્યાચારોથી ત્રાસી લોકો ઘરબાર છોડીને ભાગ્યા. મહેસૂલ તો હેસ્ટિંગ્સે એટલું વધારી મૂકેલું કે જમીનદારો પાસે જમીનદારીની વાર્ષિક આવકના ફક્ત દસ ટકા જ રહેવા પામતા.

હેસ્ટિંગ્સનાં આ કરતૂતોની ફરિયાદો પાર્લામેન્ટના કેટલાક ન્યાયપ્રેમી સભ્યો પાસે પહોંચતાં તેની સામે બ્રિટનની અદાલતમાં મુકદ્દમો દાખલ કરવામાં આવ્યો. પરંતુ પ્રશ્ન હતો બ્રિટિશ જાતિના હિતનો, ન્યાય-અન્યાયનો નહિ. અને એથી જ આ બધું તેણે અંગ્રેજી રાજ્ય મજબૂત કરવા માટે કર્યું હતું એવો અદાલતે ચુકાદો આપ્યો અને હેસ્ટિંગ્સને નિર્દોષ જાહેર કર્યો.

કસ્તૂરી મૃગને હણી, વ્યાધ ગ્રહે પરમાટી
કસ્તૂરી પરને દિયે (એનું) નામ કરમની પાટી.

—તનસુખ ભટ્ટ—

ગાંધીજી ઠંડીને લીધે ગરમ પશમીનો જે કકડો માથે બાંધતા એ જર્જરિત થએલો હોવાથી મનુબહેને નવો ગરમ ટુકડો તેને બદલે આપ્યો. બાપુજી ન માન્યા. તેમણે કહ્યું : 'નથી તું કોડી કમાઇ કે નથી હું કમાતો. આપણને ગરીબ માણસને એ ટુકડો કાઢી નાખ્યે કેમ પાલવે?' અને ત્યાં ને ત્યાં જ તે ટુકડાને કોઈ કુશળ દરજીને પણ જેબ આપે એવું સરસ મજબૂત થીગડું બાપુજીએ પોતાને હાથે જ્યારે દીધું ત્યારે જ તેમને નિરાંત થઈ.

અનેકાર્થીશબ્દ: **અમલ**=અધિકાર, સત્તા; બજાવણી, અમલ કરવો; અફીણ, કસૂંબો, બાળાગોળી; નશો, ઘેન; કાર્યપદ્ધતિ; ખુમાર, આશરો; અસર; ટેવ; આડત; ઉદ્યમ, ધંધો; હોદ્દો; હુકમ; મંત્ર; સમય; વ્યસન; સાધના; અબરખ; સાતલાનું ઝાડ; છંદનું એક નામ; અશ્વિની નક્ષત્રનો સૌથી વધુ ચમકતો તારો; નિર્મળ.

હિંદમાં પહેલવહેલું વર્તમાનપત્ર પ્લાસીના યુદ્ધ પછી ત્રીજે વર્ષે ૧૭૬૦ની ૨૯મી જાન્યુઆરી ને શનિવારે કલકત્તાથી જે. ઑગસ્ટસ હીક્રીએ 'બેંગાલ ગેઝેટ'ના નામથી પ્રગટ કરેલું. હિંદમાં છાપખાનાનો પણ તેની સાથે જ જન્મ થયો ગણાય. (૨૫)



જ્વાળામુખીમાંથી નીકળેલી લાવારસની રાખ સો વર્ષ સુધી ગરમ રહેતી જણાઈ છે.

કહેવતોના અર્થ; 'ફૂવડના મેલ ફાગણ મહિને ઊતરે.'-શિયાળાના શરૂઆતના મહિનાઓ સુધી નહિ નહાનાર ફૂવડ-ગંદી ને આળસુ સ્ત્રી-ફાગણ મહિનો આવે એટલે પોતાનો મેલ ઉતારવા બેસે છે. આળસુ લોકોનાં આળસ, બેદરકારી ને ગંદકીનાં આ કહેવતની પેઠે ઘૃણાસ્પદ ને સ્પષ્ટ ચિત્ર ઉપસાવતી આપણી બીજી કહેવતો : 'ફૂવડને ઘેર જોડ કમાડ ઉઘાડે કોણ ને અડકાવે કોણ?' 'ફૂવડ દળે અને કૂતરાં લોટ ખાઈ જાય,' 'ફૂવડનું ઘર તે કૂકડાનો ખડો,' 'ઘરમાં વાસણ એઠાં, ને બારણે આવી બેઠાં.'

મૂરખાઓ સાથે હસવા કરતાં ડાહ્યાઓ સાથે રડવું સારું.


ગણિતગમ્મત

તમારા મિત્રને ચાર આંકડાનો કોઈ પણ એક રકમ લખાવવા કહો. તેનો દરેક આંકડો ૯ની સંખ્યામાંથી બાદ કરી બીજી રકમ તૈયાર કરવી. તેવી જ રીતે મિત્રે જણાવેલી ચાર આંકડાવાળી ત્રીજી રકમ પરથી ચોથી રકમ બનાવવી. ચારે રકમોનો સરવાળો ૧૯૯૯૮ જ આવશે. (કશ્યપ ઠાકર)

આંખમાં પાણી વહેતું હોય ને આંખ બળતી હોય તો લીમડાનાં પાનની લુગદી ફાયદો કરી તેજ વધારે છે. આ પાન વાટીને ચોપડવાથી ગૂમડાના કે શીળીના ડાઘ સુદ્ધાં નાબૂદ થાય છે.

બળતી મીણબત્તીની વાટની આસપાસ થોડોથોડો મોરથૂથાનો બારીક ભૂકો ભભરાવજો : મઝાની લીલી રોશની થશે. (૨૫)


આપણો દેશ જગતના રબરના ૧.૭ ટકા, ઊનના ૨.૫, મૅંગેનીઝના ૧૯.૨, લોખંડના ૧.૬, પોલાદના .૭, કોલસાના ૧.૮, પેટ્રોલિયમના .૫, મીઠાના ૬.૧ અને સિમેન્ટના ૧.૩ ટકા ઉત્પન્ન આપે છે. આપણો દેશ તેની ઊપજમાંથી ચોખાના ૪ ટકા, ઘઉંના ૨, ચાના ૭૭, કપાસના ૬૮, શણના ૫૩, અળશીના ૭૧, તલના ૩, ભોંયસિંગના ૨૬ ને ગળીના ૨૭ ટકા પરદેશ મોકલે છે.



યુગોસ્લાવિયા તરફથી સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.નો)ને ભેટ મળેલું યુગોસ્લાવ ઘોડેસવાર સ્ત્રીના રૂપે 'શાંતિ'નું આ કાંસાનું પૂતળું સંઘની ન્યૂ યૉર્ક ખાતેની વડી કચેરીના ચોગાનને સોહાવતું ઊભું છે.



કલાકણિકા : સત્તરમી સદીની, સુંદર વેલબુટ્ટીના બારીક જડતરકામ અને અંદર છૂપાં ખાનાંવાળી ઇંગ્લંડની હાથીદાંતની આભૂષણપેટી.



માતા અને શિશુ

ઈડર રિયાસતની હદની નજીકમાં જ, સાબરમતીને સામે કાંઠે, વીજાપુર તાલુકાનું મહુડી ગામ છે. આ મહુડી–જૂની મહુડીમાં કોટયર્કનું પ્રાચીન મંદિર સાબરમતીને કાંઠે જ ભેખડ ઉપર આવેલું છે. કોટયર્ક એ ખડાયતા વણિકોના કુલદેવતા છે. આ મંદિરમાં માતા ને શિશુની કાળા પાષાણની એક અલબેલી પ્રતિમા છે. આ પ્રતિમા કૃષ્ણ-યશોદા કે નન્દા દેવીની છે તે નક્કી કહી શકાતું નથી. દેવીના કેશનું ગુંફન વિશિષ્ટ પ્રકારનું છે. માથા ઉપર મોટા ટોપ જેવો સુંદર અંબોડો લઈ એની ચારે બાજુ સોનાની કે મોતીની સેરો લટકાવેલી છે. કાને મોટું કુંડળ છે જેની સાથે કેડે તેડેલું બાળક રમત કરે છે. માતા બાળકને પેલું કુંડળ ખેંચતાં રોકે છે. માતાના ગળામાં સુંદર મૌક્તિક માળા છે, હાથે બાજુબંધ તથા કંકણ છે અને દુપટ્ટાનો છેડો જમણા હાથ ઉપરથી પસાર થતો દેખાડ્યો છે. કમ્મરેથી પગની પાની સુધી બારીક વસ્ત્ર પહેરેલું છે. ડાબા પગ ઉપર એક જુદો રેશમી વસ્ત્રનો કકડો સુંદર વળાંકવાળો અને છેડેથી વાંકીચૂંકી વલ્લીઓ (Folds) પડેલો લટકે છે. આવાં વસ્ત્રો લટકાવવાનો રિવાજ આજે પણ મારવાડમાં છે. આવી વસ્ત્રરચના પશ્ચિમ હિંદની વિશિષ્ટતા છે, જે હિંદના બીજા પ્રદેશોમાં નજરે નથી પડતી. આ શિલ્પ પશ્ચિમ હિંદની પ્રાચીન કલાનું જ છે. ઘનસ્તની, સુદૃઢ બાંધાની આ દેવીની શરીર-આકૃતિના ઘડનાર શિલ્પીએ નારીદેહનું હૂબહૂ આલેખન કર્યું છે. ગુપ્ત યુગના અંત ભાગમાં ઈ. ૫૫૦ કે ૬૦૦ આસપાસમાં બનેલું આ શિલ્પ ગુજરાતની પ્રાચીન કલાકૃતિઓનું એક ઉત્કૃષ્ટ પ્રતિનિધિ છે. (ફોટો કૉપીરાઈટ : આર્કિયોલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયા)

KUMAR Reg. No. B. 1808



સૌરાષ્ટ્રી શૈલીનાં ભીંતચિત્રો : આ અંકમાં જેનો પરિચય આપ્યો છે તે, જામનગરના 'શ્રી ગુલાબકુંવરબા ધન્વંતરિ આયુર્વેદ મહાવિદ્યાલય'ની ભીંતો પર સૌરાષ્ટ્રના જ ભૂમિજાત કલાકાર કુમારશ્રી મંગળસિંહજીએ આલેખેલાં ભીંતચિત્રોની તકતીઓ : (૧) મથાળે– મુખ્ય ભીંત પરના લાંબા ચિત્રના કેન્દ્રસ્થાને ભગવાન ધન્વંતરિની મૂર્તિની બંને બાજુએ, શિક્ષણ લેતા દેશદેશના વૈદ્યવિદ્યાવાંછુઓનું આલેખન, (૨) તથા (૩) આચાર્ય ચરક પાસે વનસ્પતિ વિદ્યાનું તથા અન્ય શાસ્ત્રોનું જ્ઞાનાર્જન કરતા શિક્ષણાર્થીઓ, જેમાં ઇજિપ્ત, ચીન, આસીરિયા વગેરેના પ્રજાજનો જણાય છે. (ફોટો : પચાણભાઈ વારા · જામનગર)